



પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




હિમાચલમાં વરસાદથી રૂ. 911 કરોડનું નુકસાન, 313 રસ્તા બંધ


PAGE NO. 15



FRIDAY, 14 AUGUST 2026 Vol. 24, No. 32 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


### યુરોપમાં આફતથી 4.5 કરોડ લોકો પ્રભાવિત, પાણી કંપનીઓએ માંગ્યો કડક પ્રતિબંધ

## બ્રિટનમાં હીટવેવનો ભય : 71% ઇંગ્લેન્ડ દુષ્કાળગ્રસ્ત

### તાપમાન ઓગસ્ટના 38.5 ડિગ્રીના રેકોર્ડની નજીક; હોસ્પિટલોમાં નર્સો બેભાન થવાની ઘટના, ઈમરજન્સી બેઠક યોજાઈ

**લંડન**

પશ્ચિમ યુરોપના મોટા ભાગોમાં ફરી એકવાર ભીષણ ગરમી પડવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. બ્રિટનમાં આ ગરમીની સીઝનમાં પાંચમી વખત 'લૂ' પડવાની આશંકા છે અને માનવામાં આવી રહ્યું છે કે આ અત્યાર સુધીનો સૌથી ગરમ ઉનાળો બની રહેશે. હવામાન વિભાગ અને સરકારના તાજા આંકડા મુજબ ઈંગ્લેન્ડના 71.3% વિસ્તારમાં ફ્લેશ ડ્રોટ જાહેર કરાયો છે. આ ઝડપથી વિકસેલો દુષ્કાળ છે, જે ખૂબ ઓછા વરસાદ અને ઊંચા તાપમાનના કારણે સર્જાયો છે. હાલ 4.5 કરોડ લોકો દુષ્કાળ વિસ્તારમાં રહે છે અને 2.7 કરોડ લોકો પર પાણીના વપરાશ પર પ્રતિબંધ છે.

હવામાન નિષ્ણાતોની આગાહી મુજબ મધ્ય અને દક્ષિણ-પૂર્વ ઈંગ્લેન્ડમાં તાપમાનનો પારો 38 સેલ્સિયસ સુધી પહોંચશે, જે ઓગસ્ટના 38.5 ડિગ્રીના સર્વકાલીન રેકોર્ડની ખૂબ નજીક છે. હવામાન વિભાગે અઠવાડિયાની શરૂઆતમાં જ જણાવ્યું હતું કે ગયા વર્ષના સૌથી ગરમ વર્ષના રેકોર્ડને તોડવા માટે ઓગસ્ટના




બાકીના દિવસોમાં માત્ર સરેરાશ ગરમી જ પૂરતી છે.

બ્રિટનમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે કારણ કે દુકાનો અને ઓફિસોમાં એસીની સુવિધા ખૂબ ઓછી છે. રોયલ કોલેજ ઓફ નર્સિંગ (RCN)ના જણાવ્યા અનુસાર હોસ્પિટલોમાં કામ કરવું અત્યંત મુશ્કેલ બન્યું છે. RCNના ચીફ એક્ઝિક્યુટિવ પ્રોફેસર નિકોલા રેન્જરે કહ્યું હતું કે, "જ્યારે નર્સિંગ સ્ટાફને ગરમીના કારણે ચક્કર આવી રહ્યા છે, બીમારીની ફરિયાદ કરી રહ્યા છે અને તેઓને જ હોસ્પિટલોમાં દાખલ થવું પડી રહ્યું છે. દેશના મોટાભાગમાં દુષ્કાળના કારણે ઘરો, કૃષિ અને પર્યાવરણ માટે પાણીના સંસાધનો પર ભારે દબાણ વધી રહ્યું છે. આને પગલે જ વડાપ્રધાને ગરમી, જંગલની આગ અને દુષ્કાળને પહોંચી વળવા માટે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. દક્ષિણ ઈંગ્લેન્ડમાં પાણી પુરવઠો કરતી કંપની 'સધર્ન વોટર' એ દુષ્કાળનો સામનો કરવા માટે વિશેષ આદેશની માંગ કરી છે. કંપનીએ Drought Order અને Non-Essential Use Ban (NEUB) માટે અરજી કરી છે. કંપનીના જણાવ્યા મુજબ ઓછા વરસાદને કારણે હેમ્પશાયર અને આઈલ ઓફ વાઈટમાં પાણીની તીવ્ર અછતનો ખતરો છે. આ અંગે પર્યાવરણ સચિવ એન્જેલા ઈગલ નિર્ણય લેશે.નેશનલ ફાયર ચીફ્સ કાઉન્સિલના ડેટા અનુસાર આ વર્ષે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં જંગલમાં આગ લાગવાની ઘટનાઓનો આંકડો 1,017 પર પહોંચી ગયો છે, જેના કારણે ફાયર સેવાઓ પર પણ ભારે દબાણ છે.

## મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે પ્રમુખ ટ્રમ્પનો નિર્ણય અમેરિકન સૈનિકો 23 વર્ષ બાદ ઈરાક છોડશે

### વાપસી માટે 30 સપ્ટેમ્બરની ડેડલાઇન, બદલાતા વ્યૂહાત્મક સમીકરણો અને કરાર

**તહેરાન**

લગભગ 23 વર્ષ બાદ ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરી હવે સત્તાવાર રીતે પૂરી થવા જઈ રહી છે. ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદીના કાર્યાલય દ્વારા આ અંગેની મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં તમામ અમેરિકી સૈનિકો ઈરાક છોડીને પરત ફરી જશે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના પ્રમુખ એડમિરલ બ્રાડ કૂપર સાથેની બેઠક બાદ આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી છે.

ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરીની શરૂઆત વર્ષ 2003માં થઈ હતી, જ્યારે અમેરિકાએ તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ સદ્દામ હુસેનના શાસનને હટાવવા માટે અભિયાન શરૂ કર્યું હતું. વર્ષ 2011માં સૈનિકો પાછા બોલાવાયા હતા, પરંતુ વર્ષ 2014માં ISIS ના જોખમને કારણે સૈનિકોની ફરીથી તહેનાતી કરાઈ હતી. હવે 30 સપ્ટેમ્બરના રોજ ઈરાકમાં અમેરિકી સેનાની 23 વર્ષ લાંબી હાજરીનો ઔપચારિક અંત આવશે.

વડાપ્રધાન અલી અલ-ઝૈદીના કાર્યાલયના નિવેદન મુજબ, ISIS વિરુદ્ધના સૈન્ય મિશનને સમાપ્ત કરવા માટે 30 સપ્ટેમ્બરની તારીખ અંતિમ નક્કી કરાઈ છે. આગામી 1 ઓક્ટોબરથી ઈરાક માટે એક નવા યુગની શરૂઆત થશે, કારણ કે દેશ કોઈપણ વિદેશી સૈન્ય હાજરીથી મુક્ત થઈ જશે. ઉત્તરી કુર્દ ક્ષેત્ર અર્બિલમાંથી સૈનિકો અને સાધનો હટાવવાની પ્રક્રિયા અગાઉથી જ શરૂ થઈ ચૂકી છે.

આ સૈન્ય વાપસી એવા સમયે થઈ રહી છે




જ્યારે મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ યથાવત છે. વર્ષ 2024માં થયેલા દ્વિપક્ષીય સમજૂતીના ભાગરૂપે આ સૈન્ય અભિયાનોને તબક્કાવાર રીતે બંધ કરવામાં આવી રહ્યા છે. અમેરિકી અધિકારીઓએ પણ પુષ્ટિ કરી છે કે નિર્ધારિત સમયસીમામાં સૈન્ય વાપસીની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવશે.

## તાઇવાનની સરકારી એજન્સીઓ પર AI આધારિત સાયબર હુમલો

### ન્યુક્લિયર એજન્સી સહિત 7 ઊર્જા કંપનીઓ નિશાન

**તાઈવાન**

તાઈવાનની સરકારી એજન્સીઓ પર ગત મહિને દેશ બહારથી AI આધારિત અત્યંત જટિલ સાયબર હુમલો થયો હતો. તાઈવાનના ડિજિટલ અફેર્સ મંત્રાલયના જણાવ્યા મુજબ, સાયબર સુરક્ષા મોનિટરિંગ એકમોએ 20 જુલાઈથી સરકારી એજન્સીઓને નિશાન બનાવતા આ અસાધારણ હુમલાને શોધી કાઢ્યો હતો. ત્યારબાદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયબર સિક્યોરિટીએ તપાસ શરૂ કરી હતી અને શ્રેણીબદ્ધ ચેતવણીઓ જાહેર કરી હતી. સુરક્ષા નિષ્ણાતોએ તેને પોતાની જાતનો પ્રથમ AI-સંચાલિત સાયબર હુમલો ગણાવ્યો છે.

હુમલાખોરોએ ખુલ્લા સ્ત્રોતના AI એજન્ટ્સનો ઉપયોગ કરીને સ્વાયત્ત હેકિંગ સાધન તૈયાર કર્યું હતું, જે સંકલિત સાયબર ટીમની જેમ કામગીરી કરતું હતું. આ હુમલામાં ઓછામાં ઓછા 85 સરકારી વપરાશકર્તા ખાતાં કબજે કરવામાં આવ્યા હતા અને 2,500થી વધુ વ્યક્તિગત રેકોર્ડ ચોરી લેવામાં આવ્યા હતા. બાદમાં હુમલાનો વ્યાપ વધારીને તાઈવાનની ન્યુક્લિયર સેફ્ટી એજન્સી અને ઓછામાં ઓછી 7 ઊર્જા કંપનીઓને પણ નિશાન બનાવવામાં આવી હતી.








S&S LAWYERS LLP

- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing

Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 75 હજાર નવી નોકરી ઉમેરાતા બેરોજગારી દર ઘટ્યો

## એકંદરે બેરોજગારી દર ઘટીને 6.4% થયો, પરંતુ અશ્વેત અને એશિયાઈ યુવાનોમાં ઊંચી બેરોજગારી ચિંતાનો વિષય

**ઓટ્ટાવા**

કેનેડાના અર્થતંત્ર માટે જુલાઈ મહિનો રાહતના સમાચાર લઈને આવ્યો છે. દેશમાં જુલાઈ દરમિયાન રોજગારીમાં 0.4 ટકાનો વધારો નોંધાયો છે, જેના પરિણામે બેરોજગારીનો દર ઘટીને 6.4 ટકા પર આવી ગયો છે. આ દર છેલ્લા બે વર્ષમાં સૌથી નીચલી સપાટીએ છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના લેબર ફોર્સ સર્વે મુજબ, રોજગારીમાં થયેલો આ સુધારો ફુલ-ટાઈમ અને પાર્ટ-ટાઈમ એમ બંને ક્ષેત્રોમાં સમાનરૂપે જોવા મળ્યો છે. એકલા જથ્થાબંધ અને છૂટક વેપાર (હોલસેલ એન્ડ રિટેલ) ક્ષેત્રે જ 21,000 નવી નોકરીઓ ઉમેરાઈ છે. આંકડાકીય વિગતો મુજબ, 25થી 54 વર્ષની વયના પુરુષોમાં બેરોજગારીનો દર 5.8 ટકા પર સ્થિર રહ્યો છે, જ્યારે મહિલાઓમાં તે ઘટીને 5.2 ટકા નોંધાયો



છે. પ્રાંતવાર સરખામણી કરીએ તો ઓન્ટેરિયો 52,000 (0.6%) નવી નોકરીઓ સાથે મોખરે રહ્યું છે, જ્યાં મુખ્યત્વે પ્રોફેશનલ, સાયન્ટિફિક અને ટેકનિકલ સર્વિસ ક્ષેત્રે મોટો ઉછાળો આવ્યો છે.

આ ઉપરાંત બ્રિટિશ કોલંબિયામાં 18,000, મેનિટોબામાં 5,900 અને નોવા સ્કોસિયામાં 4,600 નવી નોકરીઓ ઉમેરાઈ છે. સરકારી આંકડા દર્શાવે છે કે, એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં દેશમાં કુલ 1,81,000 નોકરીઓ વધી છે. જ્યારે ગયા વર્ષની સરખામણીએ આ આંકડો 1,96,000 ઊંચો છે. 15થી 24 વર્ષના વિદ્યાર્થીઓ અને યુવાનો માટે પણ સમર જોબ માર્કેટ છેલ્લા બે વર્ષનું સૌથી મજબૂત સાબિત થયું છે. જો કે, અલગ-અલગ સમુદાયના યુવાનોમાં બેરોજગારીના દરમાં ભારે વિષમતા જોવા મળી છે. જુલાઈમાં અશ્વેત યુવાનોમાં બેરોજગારીનો દર 22.6 ટકા, ચીની યુવાનોમાં 15.4 ટકા અને દક્ષિણ એશિયાઈ યુવાનોમાં 13.9 ટકા રહ્યો હતો, જેની સામે સામાન્ય યુવાનોમાં આ દર 11.6 ટકા હતો.

# કેનેડામાં ભારતીયો માટે નીતિગત ફેરફારો અને વિઝાના નવા નિયમો

**ટોરન્ટો**

કેનેડા સરકાર દ્વારા પોતાની ઈમિગ્રેશન નીતિઓમાં કડક સુધારાઓ અમલી બનાવવામાં આવ્યા છે, જેની સૌથી મોટી અસર ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ પર પડી રહી છે. ઈમિગ્રેશન, રિફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડાના સત્તાવાર આંકડા અનુસાર દેશમાં વસવાટ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પડતા અતિશય બોજને નિયંત્રિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ પરમિટ અને ટેમ્પરરી વર્ક પરમિટની સંખ્યામાં નોંધપાત્ર કાપ મૂકવામાં આવ્યો છે. કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓમાં સૌથી મોટો હિસ્સો (આશરે 36%) ભારતીયોનો છે. નવી નીતિઓ હેઠળ કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વાર્ષિક મર્યાદા (Cap) ઘટાડીને આશરે 1,55,00 વાર્ષિક નવા પ્રવેશ સુધી મર્યાદિત કરી દીધી છે. આ ઉપરાંત માસ્ટર્સ અને ડોક્ટરેટ સિવાયના અભ્યાસક્રમો માટે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ(PGWP)ના નિયમો પણ સખત બનાવવામાં આવ્યા છે અને કેમ્પસ બહાર કામ કરવાના કલાકો અઠવાડિયે 20 કલાક સુધી જ સીમિત કરાયા છે. કેનેડિયન સરકારના આ નિર્ણયથી ખાસ કરીને ગુજરાત અને પંજાબના યુવાનો કે જેઓ ઉચ્ચ અભ્યાસ અને સ્થાયી વસવાટ(PR)ની અપેક્ષાએ કેનેડા જાય છે.

# બનાવટી આઈડીથી ફ્લાઈટ્સમાં ફ્રી મુસાફરી કેસમાં આરોપીએ છેતરપિંડીનો ગુનો કબૂલ્યો

## આઈડી બનાવી કોકપીટ જમ્પ સીટની પણ વિનંતી કરતો હતો

**ટોરોન્ટો**

કેનેડિયન એરલાઈનના ભૂતપૂર્વ ટોરોન્ટો ફ્લાઈટ એટેન્ડન્ટે સેંકડો મફત ફ્લાઈટ્સ મેળવવા માટે પાઈલટ તરીકેની ખોટી ઓળખ ઊભી કરીને આચરેલી વાયર છેતરપિંડીનો યુએસ ફેડરલ કોર્ટમાં ગુનો કબૂલી લીધો છે.

ટોરોન્ટોના 33 વર્ષીય ડલ્લાસ પોકોર્નિક સામે 2 ઓક્ટોબર 2025ના રોજ વાયર છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ યુ.એસ. પ્રત્યાર્પણ કરતા પહેલા પનામામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટના દસ્તાવેજો દર્શાવે છે કે પોકોર્નિકે જાન્યુઆરી 2020 અને 28 ઓક્ટોબર, 2024 ની વચ્ચે મફત ફ્લાઈટ્સ મેળવવા માટે કાલ્પનિક કર્મચારી ઓળખ કાર્ડનો ઉપયોગ કર્યો હતો. પોકોર્નિકની દોષિત અરજીના ભાગરૂપે, યુએસ એટર્ની કેન સોરેન્સને જણાવ્યું હતું કે પોકોર્નિક ત્રણ યુએસ સ્થિત એરલાઈન્સને વળતર ચૂકવવા સંમત થયો છે. આ ત્રણેય એરલાઈન્સ હોનોલુલુ, શિકાગો અને ફોર્ટ વર્થ, ટેક્સાસમાં સ્થિત હોવાનું સામે આવ્યું છે. તપાસમાં બહાર આવ્યું છે કે, પોકોર્નિક વિમાનના કોકપીટમાં જમ્પ સીટની પણ વિનંતી કરતો હતો. જે વિસ્તાર સામાન્ય રીતે ઑફ-ડ્યુટી પાઈલટ્સ માટે આરક્ષિત હોય છે. જો કે, તે પોતે પાઈલટ ન હતો અને તેની પાસે કોઈ એરમેન પ્રમાણપત્ર પણ નહોતું. કોર્ટના દસ્તાવેજોથી તે હજુ સ્પષ્ટ થયું નથી કે તેણે ક્યારેય કોકપીટમાં મુસાફરી કરી હતી કે નહીં.

આ ગુના બદલ પોકોર્નિકને 20 વર્ષ સુધીની જેલ, US $ 250,000 સુધીનો દંડ અને દેખરેખ હેઠળ મુક્તિની મુદતનો સામનો કરવો પડી શકે છે.

# મોરગેજ રિન્યુઅલથી નાગરિકોનું બજેટ ખોરવાયું આવક સામે રહેઠાંણ ખર્ચ 50 ટકા ઉપર પહોંચ્યો



## જાન્યુઆરીથી રિન્યૂ કરનારા 82% કેનેડિયનો માટે ઉધાર ખર્ચ વધ્યો, દરમાં 2થી 4.99 ટકા સુધીનો તોતિંગ ઉછાળો

**ઓટ્ટાવા**

કેનેડા હાલ મોરગેજ રિન્યુઅલના સૌથી મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જેની સીધી માસિક બજેટ પર ગંભીર અસર જોવા મળી રહી છે. દર સરખામણી વેબસાઈટ Rates.ca માટે લેગર દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના સર્વેક્ષણ અનુસાર આ વર્ષે મોરગેજ રિન્યુ કરનારા લગભગ અડધા કેનેડિયનોના રહેઠાણ ખર્ચ તેમની કુલ કમાણી અથવા બજેટના 50 ટકાથી પણ વધી ગયા છે.

**18થી 34 વર્ષના 90% યુવા મકાનમાલિકો સૌથી વધુ પ્રભાવિત; 120 દિવસ અગાઉથી રિન્યુઅલ વિકલ્પો ચકાસવા નિષ્ણાતોની સલાહ**

સર્વેક્ષણના આંકડા દર્શાવે છે કે, જાન્યુઆરી મહિનાથી જેમના મોરગેજ રિન્યુ કરવામાં આવ્યા છે, તેમાંથી 82 ટકા લોકો માટે ઉધાર ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું જણાયું હતુ. મોટાભાગના મકાનમાલિકોએ તેમના વ્યાજદરમાં 2થી 4.99 ટકા સુધીનો વધારો સહન કરવો પડ્યો છે. રોયલ બેંક ઓફ કેનેડાની ગાઈડલાઈન મુજબ મુદ્દલ, વ્યાજ, પ્રોપર્ટી ટેક્સ અને અન્ય ફી મળીને કુલ ગીરો ખર્ચ વાર્ષિક આવકના 30%થી 32%થી વધુ ન હોવો જોઈએ, પરંતુ હાલની સ્થિતિમાં આ મર્યાદા વટાવી ગઈ છે.

નાણાકીય નિષ્ણાત ટ્રાએ સલાહ આપતાં જણાવ્યું છે કે, મકાનમાલિકોએ નવીકરણની તારીખના ઓછામાં ઓછા 120 દિવસ પહેલાંથી જ બજારના વિકલ્પોની સમીક્ષા શરૂ કરી દેવી જોઈએ. યોગ્ય દર, મુદત, ઋણમુક્તિ અને સુગમતા ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાથી બજેટને વધુ પડતા બોજથી બચાવી શકાય છે.

- 56 ટકા લોકોના બજેટનો 50થી 70 ટકા હિસ્સો માત્ર ઘરલોનના હપ્તાઓમાં જઈ રહ્યો છે

આ આર્થિક બોજની સૌથી વધુ અસર યુવાન મકાનમાલિકો ઉપર પડી રહી છે. 18થી 34 વર્ષની વયજૂથના 10માંથી 9 મકાનમાલિકો (90 ટકા)એ ઊંચા દરે તેમના મોરગેજ રિન્યુ કરાવ્યા છે, જેમાં 56 ટકા લોકોના ઘરના બજેટનો 50 થી 70 ટકા હિસ્સો માત્ર આ હપ્તાઓમાં જઈ રહ્યો છે. વિદેશમાં જન્મેલા મકાનમાલિકો પર પણ આવો જ મોટો આર્થિક બોજ જોવા મળ્યો છે.

# કાર અકસ્માત બાદ સ્વાસ્થ્ય કથળતાં લિબરલ સાંસદ શોન ચેનનું રાજીનામું

**સ્કારબોરો**

ગયા વર્ષના અંતમાં થયેલા કાર અકસ્માત બાદ સ્વાસ્થ્ય પર પડેલી ગંભીર અસરોને ધ્યાનમાં રાખીને લિબરલ સાંસદ શોન ચેને આ અઠવાડિયાના અંતમાં પોતાના પદ પરથી રાજીનામું આપવાની સત્તાવાર જાહેરાત કરી છે.

સ્કારબોરો નોર્થ બેઠક પરથી 2015થી સતત ચૂંટાતા અને પ્રતિનિધિત્વ કરતા સાંસદ શોન ચેને સોશિયલ મીડિયા પર એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે, અકસ્માતમાં થયેલી ઈજાઓને કારણે તેમને "સ્વાસ્થ્ય સમસ્યાઓ" નો સામનો કરવો પડી રહ્યો છે. જેના પરિણામે તેમની સાંસદ તરીકેની કામગીરી અને જરૂરિયાત મુજબ તેઓ ઓટ્ટાવા જઈ શકવાની સ્થિતિમાં નથી. ચેને ઉમેર્યું



હતું કે, "મારા પરિવાર સાથે પરિસ્થિતિની વિગતવાર ચર્ચા કર્યા પછી, મેં નક્કી કર્યું છે કે સંસદ સભ્ય તરીકે પદ છોડવું જ મારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે." ઉલ્લેખનીય છે કે, તેઓ ટોરોન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના અધ્યક્ષ તરીકે સફળ સેવાઓ આપ્યા બાદ સાંસદ તરીકે ચૂંટાયા હતા. સાંસદના આ નિર્ણય પર વડા પ્રધાન માર્ક કાર્નેએ સોશિયલ મીડિયા ઉપર લખ્યું હતું કે, "તમને સંપૂર્ણ સ્વસ્થ થવાની અને ભવિષ્યની નવી ઈનિંગ્સ માટે હાર્દિક શુભકામનાઓ. હું જાણું છું કે તમે આવનારા વર્ષોમાં પણ સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનું ચાલુ રાખશો."

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

ઊંચા ફુગાવા, ગેસોલિનના ભાવ વધારા અને મોરગેજ રિન્યુઅલ વચ્ચે સરકારી સબસિડી સહારો બનશે

# મોંઘવારીના મારથી ત્રસ્ત કેનેડિયનોને 2027 સુધીમાં નાણાકીય રાહતની આશા




## 2026 સંક્રમણનું વર્ષ રહેશે, 2027માં ગ્રાહકો પરથી આર્થિક બોજ હળવો થશે': અર્થશાસ્ત્રી કેથરિન જજ

**ટોરોન્ટો**

મોંઘવારી અને જીવનનિર્વાહના વધતા ખર્ચથી પરેશાન ગ્રાહકો માટે આગામી સમયમાં આશાનું નવું કિરણ દેખાઈ રહ્યું છે. કેનેડિયન ઈમ્પિરિયલ બેંક ઓફ કોમર્સના તાજેતરના અહેવાલ મુજબ ગ્રાહકો પર હાલમાં રહેલું નાણાકીય દબાણ વર્ષ 2027 સુધીમાં નોંધપાત્ર રીતે ઓછું થવાની સંભાવના છે.

CIBCના વરિષ્ઠ અર્થશાસ્ત્રી કેથરિન જજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે 2026ને એક સંક્રમણ વર્ષ તરીકે જોઈ રહ્યા છીએ. ગ્રાહકો પર અત્યારે જે વિવિધ આર્થિક નિયંત્રણો અને દબાણ છે, તે 2027માં હળવા થશે.

રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે, ચીજવસ્તુઓ અને સેવાઓની કિંમતોમાં બહુ મોટો ઘટાડો નહીં થાય, પરંતુ કેનેડિયનો માટે ખરીદી અને દૈનિક ખર્ચમાં ચોક્કસ સરળતા રહેશે.

છેલ્લા કેટલાક સમયથી ખોરાક જેવી આવશ્યક ચીજોમાં ઊંચો ફુગાવો, કોવિડ સમયગાળાની સરખામણીએ ઊંચા દરે મોરગેજ રિફાઈનાન્સિંગ અને ઈરાન યુદ્ધ તથા મધ્ય પૂર્વમાં અસ્થિરતાને કારણે ગેસોલિન (પેટ્રોલ-ડીઝલ)ના વધેલા ભાવોએ સામાન્ય પરિવારોનું બજેટ ખોરવી નાખ્યું હતું. ખાસ કરીને 2026માં ઊંચા ઈંધણ ભાવથી ઓછી આવક ધરાવતો વર્ગ સૌથી વધુ પ્રભાવિત થયો છે.

આ સ્થિતિ સામે ફેડરલ સરકારે પોષણક્ષમતા માટે કેનેડા ગ્રોસરી એન્ડ એસેન્શિયલ્સ બેનિફિટ' જેવા પગલાં શરૂ કર્યા છે, જે આગામી વર્ષે વધશે. બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે પણ વૈશ્વિક ક્રૂડ ઓઈલ પુરવઠા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જો કે, CIBCના રિપોર્ટ અનુસાર ગેસોલિનના ભાવોનો સૌથી કડક તબક્કો હવે પૂર્ણતા આરે છે અને આવનારા વર્ષોમાં ગ્રાહકોને મોટી નાણાકીય રાહત મળી રહેશે.

# રશિયન સૈન્યને બખ્તરબંધ વાહનો પૂરા પાડતી કંપની પર કેનેડા દ્વારા પ્રતિબંધો

## પ્રતિબંધોને કારણે રશિયાને લશ્કરી ટેકનોલોજી અને સાધનો પૂરા પાડવાની કંપનીની ક્ષમતાને અસર થશે

**ઓટ્ટાવા**


કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે સોમવારે રશિયન-કેનેડિયન ઉદ્યોગપતિ ગુરમેન ગૌટોરોવ દ્વારા સંચાલિત બખ્તરબંધ વાહન કંપની 'સ્ટ્રેઈટ ગ્રુપ' સામે કડક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોની જાહેરાત કરી છે. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધમાં સક્રિય રશિયન નેશનલ ગાર્ડને લશ્કરી વાહનો પૂરા પાડવા બદલ આ આકરાં પગલાં લેવામાં આવ્યા છે.

વિદેશ મંત્રીએ એક અધિકૃત નિવેદનમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આક્રમણ વચ્ચે આ કંપની સતત "રશિયાના યુદ્ધ મશીનને પોષણ આપવાનું કામ" કરી રહી હતી. આજે લાદવામાં આવેલા આ પ્રતિબંધો રશિયાને લશ્કરી ટેકનોલોજી અને સાધનો પૂરા પાડવાની સ્ટ્રેઈટ ગ્રુપની ક્ષમતાને સંપૂર્ણપણે વિક્ષેપિત કરશે, જેથી યુક્રેન સામે રશિયાની સૈન્ય શક્તિમાં ઘટાડો કરી શકાય.

બીજી તરફ, યુક્રેનિયન કેનેડિયન કોંગ્રેસે ફેડરલ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે, પરંતુ કંપનીના સ્થાપક અને સીઈઓ ગૌટોરોવ સામે વ્યક્તિગત કાર્યવાહી ન કરવા બદલ અસંતોષ પણ વ્યક્ત કર્યો હતો. સોવિયેત યુનિયનના વિસર્જન બાદ કેનેડા સ્થળાંતર કરનાર ગૌટોરોવે ઓન્ટેરિયોમાં આ કંપની સ્થાપી હતી અને પાછળથી યુએઈ (UAE)માં મોટું મેન્યુફેક્ચરિંગ યુનિટ બનાવ્યું હતું.

નોંધનીય છે કે, આ કંપનીના સશસ્ત્ર વાહનો અગાઉ પણ અનેક યુદ્ધ ઝોનમાં જોવા મળ્યા છે.






તંત્રી સ્થાનેથી

# નેતન્યાહૂની જડતા, ટ્રમ્પની તુમાખી મિડલ ઈસ્ટમાં હજી શાંતિ નહીં આવે

અમેરિકા- ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સવા વર્ષથી ચાલી રહેલા સંઘર્ષનો હજી પણ કોઈ અંત આવે તેવા સંકેતો નથી. હાલમાં નેતન્યાહૂએ વોશિંગ્ટનને સીધો નકારાત્મક જવાબ આપતા ગાઝા પટ્ટી માટે યુનાઈટેડ સ્ટેટ્સ સમર્થિત ૧૫-મુદ્દાની શાંતિ યોજનાને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. આ ઘટનાથી મીડલ ઈસ્ટમાં હજી પણ સુધારો નહીં થાય તેવા સંકેતો આપી દીધા છે.


તંત્રી - સ્વદેશ

પશ્ચિમ એશિયામાં સંઘર્ષો સતત વધી રહ્યા છે, જેમાં લેબનોનમાં ઈરાન સમથત લડવૈયાઓ સાથેનો સંઘર્ષ, તેહરાન સાથે સીધું ઘર્ષણ અને ફિલિપિની એન્ક્લેવમાં ગંભીર માનવતાવાદી સંકટનો સમાવેશ થાય છે. આવા સંજોગોમાં વોશિંગ્ટનની મધ્યસ્થતામાં ચાલી રહેલી વાટાઘાટો થકી ટ્રમ્પ મામલો થાળે પાડવા મથી રહ્યા છે. જો કે, નેતન્યાહૂએ ગત અઠવાડિયે પણ સ્પષ્ટતા કરી હતી કે, જ્યાં સુધી હમાસ સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ ન કરે, ત્યાં સુધી ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાઝા પટ્ટીના કોઈપણ ભાગમાંથી આંશિક વાપસી પણ નહીં કરે. ટ્રમ્પે જે માળખાને થોડા દિવસો પહેલા એક સીમાચિહ્નરૂપ સફળતા તરીકે રજૂ કર્યું હતું. તેના મુખ્ય મુદ્દાને સ્પષ્ટપણે નકારીને નેતન્યાહૂ સંપૂર્ણ લશ્કરી વિજયને પ્રાથમિકતા આપી રહ્યા છે.

નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઈઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે.' 'જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ રીતે પાછુ જશે નહીં. નેતન્યાહૂએ સ્વીકાર્યું કે, ઈઝરાયેલી અધિકારીઓ અમેરિકન વાટાઘાટકારો સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ જેરૂસલેમ મુખ્ય લશ્કરી પૂર્વશરતો પર નમતું જોખવા માટે કોઈ બંધન અનુભવતું નથી. તેમણે ઉમેર્યું કે અમે ઈઝરાયેલની સુરક્ષા માટે જે જરૂરી છે તે કરીએ છીએ, હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.' જેરૂસલેમમાં યોજાયેલી સાપ્તાહિક કેબિનેટ બેઠક દરમિયાન કરવામાં આવેલી આ જાહેરાતથી ઈઝરાયેલ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર વચ્ચેના મતભેદો ઉભરી આવ્યા છે.

'બોર્ડ ઓફ પીસ' અમેરિકાની પહેલ પર બનાવાયેલી એક આંતરરાષ્ટ્રીય કૂટનીતિક સમિતિ છે, જેનો હેતુ ગાઝામાં યુદ્ધ ખતમ થયા પછીની વ્યવસ્થા સંભાળવાનો અને લાંબા ગાળાના ઉકેલનો માર્ગ તૈયાર કરવાનો હતો. બોર્ડે જ આ યોજના બનાવવાની હતી કે, યુદ્ધવિરામ પછી ગાઝાનું પુનઃનિર્માણ કેવી રીતે થાય. હમાસને હથિયાર છોડવા માટે તૈયાર કરવું અને ગાઝાનો વહીવટ એક નવી તકનીકી સંસ્થાને સોંપવાની વ્યવસ્થા કરવી એ જ આ સમિતિનું કામ હતું.

રોડ મેપમાં સૌથી પહેલાં તો તબક્કાવાર નિઃશસ્ત્રીકરણ કરવાનું હતું. આ સાથે જ ગાઝા પટ્ટીની અંદર વસ્તી ધરાવતા કેન્દ્રો અને વ્યૂહાત્મક કોરિડોરમાંથી IDF દળોની ધીમે ધીમે તબક્કાવાર વાપસી કરે તે મુદ્દો પણ અગત્યનો હોવાથી રોડ મેપમાં સામેલ કરાયો હતો. જો કે, ઈઝરાયેલે હાલ તેને ફગાવી દીધો છે. જાણકારોના મતે, આ વર્ષના અંતમાં ઓક્ટોબરમાં ઈઝરાયેલમાં રાષ્ટ્રીય ચૂંટણીઓ યોજાનાર છે. તેથી નેતન્યાહૂ કટ્ટરપંથી ગઠબંધનના ભાગીદારો અને વિભાજિત મતદારો બંને તરફથી દબાણનો સામનો કરી રહ્યા છે. તાજેતરના અઠવાડિયામાં, ફાર-રાઈટ ગઠબંધન નેતાઓ, જેમાં ખાસ કરીને નાણાં પ્રધાન બેઝાલેલ સ્મોટ્રિચ અને રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈતામાર બેન-ગ્વીરે જાહેરમાં ચેતવણી આપી હતી કે જો નેતન્યાહૂ પ્રાદેશિક વાપસી અથવા પેલેસ્ટાઈનના શાસન પર સંમતિ દર્શાવતા કોઈપણ માળખાને સ્વીકારશે તો તેઓ શાસક ગઠબંધનને તોડી નાખશે. આવા સંજોગોમાં નેતન્યાહૂ માટે ગઠબંધનની એકતા જાળવી રાખવી એ એક રાજકીય પ્રાથમિકતા છે. ઈઝરાયેલમાં જાહેર અભિપ્રાયના પોલ્સ મિશ્ર લાગણીઓ બહાર આવી છે. બીજી તરફ મોટાભાગની પ્રજા કાયમી અને અંતિમ ઉકેલ ઈચ્છે છે, ત્યારે રાજકીય સ્પેક્ટ્રમમાં નિઃશસ્ત્રીકરણ સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય દળો અથવા ફિલિસ્તીની ટેકનોક્રેટિક સંસ્થાઓ પર નિર્ભર રહેવાની શક્યતા અંગે વ્યાપક શંકા છે. વોશિંગ્ટન સામે બાંધછોડ ન કરવાનું વલણ અપનાવીને, નેતન્યાહૂ તેમના રાજકીય જોડાણને મજબૂત કરવા માંગે છે અને બાહ્ય રાજનૈતિક દબાણ સામે રાષ્ટ્રીય સુરક્ષાનો ઉપયોગ કરીને પોતાનો પક્ષ વધુ મજબૂત કરવા માગે છે.

આ ઉપરાંત બીજી મહત્વની બાબત એવી છે કે, ઓક્ટોબરના યુદ્ધવિરામ કરારના માળખા હેઠળ યુદ્ધના અગાઉના શિખરોની તુલનામાં મોટા પાયાના લશ્કરી આક્રમણો ઘટયા હોવા છતાં ગાઝામાં દરરોજ સ્થાનિક લડાઈ, લક્ષ્યાંકિત હવાઈ દરોડા અને સુરક્ષા સંઘર્ષો ચાલુ રહે છે. સમગ્ર એન્ક્લેવમાં નાગરિક માળખાકીય સુવિધાઓ વ્યાપકપણે ક્ષતિગ્રસ્ત છે, જેમાં સેંકડો હજાર વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ ખાન યુનિસ, દેર અલ-બલાહ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં એકત્રિત કામચલાઉ આશ્રય શિબિરોમાં રહે છે. દરમિયાન ગાઝાના રસ્તાઓ પર, દૈનિક જીવન હુમલાઓથી પ્રભાવિત થઈ રહ્યું છે. ઈઝરાયેલના આ નિર્ણયથી અરબ દેશો પણ ખુશ નથી. સાઉદી અરેબિયા, સંયુક્ત અરબ અમીરાત (IDF), કતર, ઈજિપ્ત, જોર્ડન, તુર્કી, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાના વિદેશ મંત્રીઓએ સંયુક્ત જાહેરાત કરીને ઈઝરાયેલના સતત સૈન્ય અભિયાનો અને સ્થાપિત કૂટનીતિક માળખાઓને અસ્વીકાર કરવાની નિંદા કરી છે. આ સાથે જ તેઓએ સંયુક્ત નિવેદનમાં ચેતવણી આપવામાં આવી છે કે, આ શાંતિ યોજનાને છોડી દેવાથી રાજકીય પ્રક્રિયા સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, આ ડીલ અંગે જે રીતે નેતન્યાહુએ પ્રતિક્રિયા આપી છે ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સ્તરે તેના પડઘા પડયા છે. જાણકારોના મતે નેતન્યાહૂની આ પ્રકારની જાહેરાત ઈઝરાયેલી નેતૃત્વ અને ટ્રમ્પ વચ્ચેના મતભેદો પણ સ્પષ્ટ થયા છે. ખાસ વાત એ છે કે, નેતન્યાહૂના રવિવારના કેબિનેટ સંબોધનના થોડા દિવસો પહેલા જ, બંને નેતાઓએ વોશિંગ્ટનમાં એક હાઈ-પ્રોફાઈલ સમિટ દરમિયાન દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. તે બેઠકો પછી, ટ્રમ્પે એક આશાવાદી આકલન રજૂ કર્યું હતું, અને પત્રકારોને આશ્વાસન આપ્યું હતું કે આગળના જટિલ ઓપરેશનલ અવરોધોને સ્વીકારવા છતાં ઈઝરાયેલ શાંતિ રોડમેપના સામાન્ય સિદ્ધાંતો સાથે સહમત છે. જાણકારો માને છે કે, યુદ્ધ સમયે પણ લશ્કરો પાછા ખેંચવા માટે જે રીતે અમેરિકાએ દબાણ કર્યું હતું તેનાથી ઈઝરાયેલ નારાજ હતું. તેના પગલે જ વર્તમાન સમયમાં નેતન્યાહૂ આડા ફાટયા છે. અમેરિકા એક તરફ ઈરાન સાથે ભેખડે ભરાયેલું છે અને તેમાંથી બહાર નીકળવા તમામ સ્તરે હવાતિયાં મારી રહ્યું છે ત્યાં હવે ઈઝરાયેલ પણ ટ્રમ્પ સાથેથી છેડો ફાડે તો સંઘર્ષની સ્થિતિમાં સુધારો થાય તેમ નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# 100 કરોડના પ્રોજેક્ટ ખાનગી સંસ્થાઓને ફાળવાતા ભાજપમાં ભડકો

## છોટાઉદેપુરમાં સૂચવેલા કામો યાદીમાંથી ગાયબ થઈ જતાં નેતાઓ આશ્ચર્યચકિત, ગાંધીનગર ખાતે પ્રભારી મંત્રીને સત્તાવાર રજૂઆત કરાશે

**છોટા ઉદેપુર**

છોટા ઉદેપુર જિલ્લાના સાતેય આદિવાસી બહુલ તાલુકાઓ નસવાડી, બોડેલી, સંખેડા, પાવીજેતપુર, કદવાલ, છોટા ઉદેપુર અને કવાંટના સર્વાંગી વિકાસ માટે પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા વાર્ષિક રૂ.100 કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવે છે. નિયમ મુજબ, આ કામોનું આયોજન સ્થાનિક સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખો અને જિલ્લા પંચાયત સદસ્યોની ભલામણો અને દરખાસ્તોના આધારે કરવાનું હોય છે. જેમાં કામોની ફાળવણીમાં 60 અને 40નો રેસિયો છે. પરંતુ પ્રાયોજના વહીવટદાર કચેરીના અધિકારીઓએ ચૂંટાયેલા પ્રતિનિધિઓની તમામ ભલામણો રદ કરીને અંદાજે 80 કરોડ રૂપિયાના કામો એનજીઓ અને ખાનગી સંસ્થાઓને ફાળવી દીધા હોવાનો પર્દાફાશ થયો છે.




જ્યારે આયોજનની અધિકૃત બુકલેટ બહાર આવતા ચૂંટાયેલી પાંખના હાથમાં પહોંચતા તેમના સૂચવેલા કામો ગાયબ જોઈને નેતાઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને અધિકારીઓના આ મનસ્વી વલણ સામે સાતેય તાલુકા પંચાયતના પ્રમુખો, જિલ્લા પંચાયત સદસ્યો અને સંગઠનના હોદ્દેદારોએ એકજૂથ થઈને પ્રાયોજના વહીવટદારની કચેરીએ પહોંચી આક્રમક અને ઉગ્ર રજૂઆત કરી હતી. જેને લઈને જિલ્લામાં લોકશાહી નહીં પણ અધિકારી રાજ ચાલી રહ્યું તેવું પ્રતિત થયું છે. પ્રજાના પ્રતિનિધિઓએ આપેલા કામો કાપીને સંસ્થાઓને લાભ પહોંચાડવાની આ ચાલ સાંખી લેવામાં નહીં આવતા અધિકારીઓની આ ચાલાકી સામે ભાજપના જ સ્થાનિક નેતાઓમાં તીવ્ર અસંતોષ વ્યાપી ગયો છે.

આ મામલે હવે આરપારની લડાઈના મૂડમાં આવેલા નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે, આગામી દિવસોમાં જિલ્લા પંચાયત પ્રમુખની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ ગાંધીનગર ખાતે પહોંચી જિલ્લા પ્રભારી મંત્રીને સત્તાવાર રજૂઆત કરશે. હાલ તો 100 કરોડના વિકાસ કામોની ફાળવણીમાં થયેલા આ વિવાદને કારણે છોટા ઉદેપુર જિલ્લા ભાજપના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે અને આ મામલે ઉચ્ચ સ્તરેથી કેવા પગલાં લેવાય છે તેના પર સૌની નજર મંડરાયેલી છે.

# વડોદરામાં સાસરિયાના ત્રાસથી કંટાળી પરિણીતાનો ફાસો, સ્યુસાઈડ નોટ મળી

**વડોદરા**

વડોદરાની રિલાયન્સ ટાઉનશિપમાં રહેતા એન્જિનિયર સુધીરકુમાર સામે તેની પત્નીને આપઘાત માટે મજબૂર કરવાનો ગુનો નોંધાયો છે. પ્લોટ ખરીદવા માટે સુધીરે પિયરમાંથી 2 લાખ રૂપિયા લાવવા તેના પર માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. આ અગાઉ પણ તેની પાસે 50 હજાર રૂપિયા માંગ્યા હતા. સાસુ-સસરા પણ તેના પુત્રને ઉશ્કેરતા હતા. આ ઉપરાંત પતિએ તેની પત્નીના ફોનમાંથી પરિવારના તમામ સભ્યોના નંબર બ્લોક કરી દીધા હતા. જેથી તે પિયરમાં કોઈ સાથે વાત કરી શકતી નહોતી. તેમજ 8 ઓગસ્ટે બોલાચાલી દરમિયાન સુધીરનો ફોન તૂટી જતાં, તેણે સાળાને મેસેજ કરીને ધમકી આપી હતી કે, તમારી બહેનને કહેજો ફોન રિપેર કરાવી આપે, નહીં તો તેને જાનથી મારી નાખીશ. 9 ઓગસ્ટે સવારે પતિ ફોન રિપેર કરાવવા બહાર ગયો ત્યારે પરિણીતાએ તેની 8 મહિનાની બાળકીને પડોશીને સાચવવા આપી અડધા કલાક બાદ પડોશી ઘરે આવ્યા ત્યારે મહિલા ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતી મળી હતી. પતિ અને સાસરિયાના ત્રાસથી કંટાળીને પરિણીતાએ ચોંકાવનારું પગલું ભરતાં પોલીસે તમામ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# છોટાઉદેપુરમાં લોન અપાવવાના નામે સિવિલના ઓર્થોપેડિક સર્જન સાથે પાંચ લાખની છેતરપિંડી

## ડોક્ટર હોસ્પિટલ બાબતે લોનની જરૂર હોવાથી ઓનલાઈન સર્ચ કરતાં ભેરવાયો

**છોટાઉદેપુર**

છોટાઉદેપુરની સિવિલ હોસ્પિટલના ડોક્ટરને રૂપિયા પાંચ કરોડની લોન અપાવવાના નામે રાજકોટના એક ભેજાબાજે રૂપિયા પાંચ લાખનો ચૂનો ચોપડ્યો હતો. ગોરવાની લાભ રેસિડેન્સીનજીક શુભમ પાર્કમાં રહેતા અને છોટાઉદેપુર સિવિલમાં ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવતા ડો.મહેશ બાબુભાઈ વાઘેલાએ પોલીસને કહ્યું છે કે, મારે હોસ્પિટલ બાબતે લોનની જરૂર હોવાથી ઓનલાઈન સર્ચ કરતો



હતો. આ દરમિયાન રીતુ નામની મહિલાનો મારા પર ફોન આવ્યો હતો અને તમને કેટલી લોનની જરૂર છે તેમ પૂછી રાજકોટના હાર્દિક રણવીર સોલંકી (પૂનમ સોસાયટી, રાજકોટ)નો સંપર્ક નંબર આપ્યો હતો. ડોક્ટરે કહ્યું છે કે, મેં હાર્દિક સોલંકી સાથે વાત કરતાં તેણે એચ આર ફીનકોર ના નામે લોન અપાવવાનું કામ કરતો હોવાનું કહ્યું હતું. મેં રૂપિયા ૫ કરોડની લોન માટે કહેતાં તેણે બે-ત્રણ દિવસમાં મળી જશે અને તેના માટે એક ટકો એડવાન્સ ફી આપવી પડશે તેમ કહ્યું હતું.તેણે મને એગ્રીમેન્ટ મોકલતાં મને વિશ્વાસ બેઠો હતો.જેથી મેં તા.૨૮-૧૧-૨૫ના રોજ રૂપિયા ૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ ત્યારબાદ તેણે લોન અપાવી નથી અને બહાના કાઢી રહ્યો છે.જેથી ગોરવા પોલીસે ગુનો નોંધ્યો છે.

# કલોલની 17 વર્ષની કોલેજિયન ઉપર પ્રેમીએ દુષ્કર્મ આચર્યું, વધુ પડતું બ્લીડિંગ થતાં સગીરાનું મોત થયું

## ઘટના પછી આરોપીએ પોતાના લોહીવાળા કપડાં સાબરમતી નદીમાં ફેંકી દીધા

**ગાંધીનગર**

ગાંધીનગરની કોલેજમાં ભણતી કલોલ ગ્રામ્યની 17 વર્ષીય સગીરાને પેથાપુરના પ્રેમીએ હોટલમાં લઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપીએ રિસેપ્શનિસ્ટને 700 આપી આઈડી વગર રૂમ મેળવી અઢી કલાક સુધી પીંખી હતી. જેના કારણે સગીરાને ગંભીર ઈજા અને ભારે રક્તસ્ત્રાવ શરૂ થયો હતો. ત્યારબાદ આરોપી ગભરાઈ ગયો હતો અને ભાગ્યો. દુષ્કર્મ બાદ ગુપ્ત ભાગે અતિશય રક્તસ્ત્રાવ શરૂ થતા આરોપી તેને રાંધેજા હોસ્પિટલમાં લઈ ગયો હતો. હોસ્પિટલે ઉંમરની ખરાઈ કર્યા વિના કે પોલીસને જાણ કર્યા વિના જ સારવાર શરૂ કરી હતી. જોકે તબિયત વધુ લથડતા હોસ્પિટલે સગીરાને અન્યત્ર ખસેડવા કહ્યું હતું. ભાંડો ફૂટવાનો ડર લાગ્યો હતો. ભાંડો ફૂટવાના ડરે આરોપીએ પિતાને હકીકત જણાવી દીધી હતી. ત્યારબાદ પિતા-પુત્ર સગીરાને હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં પિતાએ કાવતરું રચી સગીરાને પોતાની દીકરી બતાવી દાખલ કરાવી હતી. આ હોસ્પિટલે પોલીસને જાણ કરવાની તસ્દી લીધી નહોતી. ઘટના બાદ આરોપીએ લોહીવાળા કપડાં સાબરમતી નદીમાં ફેંકી દીધા હતા. પિતાએ પાપ છુપાવવા સગીરાના પરિવારનો સંપર્ક કરી મામલો નાણાકીય અને સામાજિક રીતે પતાવવાની ઓફર કરી હતી. જોકે પરિવારે ઓફર ફગાવી નાજુક હાલત જોતા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હોટલ સંચાલક પિતા અને હોસ્પિટલો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

# તરસાલીમાં જન્મદિવસે જ યુવકને સમાધાન માટે બોલાવી નિર્મમ હત્યા

**આણંદ**

સોમાતળાવ તરસાલી રિંગરોડ અમરશ્રદ્ધા વુડાના મકાનમાં રહેતા યુવકો વચ્ચે ચાર દિવસ અગાઉ થયેલા ઝઘડામાં સમાધાન માટે બોલાવી હત્યા કરવામાં આવી હતી.

સોમા તળાવ તરસાલી રિંગરોડ પર અમરશ્રદ્ધા વુડાના મકાનમાં રહેતો દરબાર મેહુલ ભારતસિંહ ( ઉ.વ.૨૬) મૂળ પ્રતાપનગર નજીક રામનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. ચાર દિવસ અગાઉ મેહુલ અને તેના મિત્રોને વુડાના મકાનમાં રહેતા યુવકો સાથે ઝઘડો થયો હતો. તે ઝઘડા બાબતે સમાધાન કરવા માટે આરોપીઓએ ફોન કરીને મેહુલને બોલાવ્યો હતો. આરોપીઓના ઉપરાછાપરી કોલ આવતા હોઈ મેહુલ ત્યાં ગયો હતો. તે દરમિયાન ૧૦ થી ૧૨ લોકોના ટોળાએ તેને ઘેરી લીધો હતો. જે પૈકી વિજય , માનવ તથા પદમે તેના પર હુમલો કર્યો હતો. હુમલાખોરે ચાકૂના ત્રણ ઘા છાતીના નીચેના ભાગે મારી દેતા મેહુલ ત્યાં જ લોહીલુહાણ હાલતમાં ઢળી પડયો હતો. હુમલાની જાણ મેહુલના અન્ય મિત્રોને થતા તેઓ સ્થળ પર દોડી ગયા હતા. તેઓને આવતા જોઈ આરોપીઓ ભાગી ગયા હતા.મકરપુરા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી માનવને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# વડોદરામાં ડ્રગ્સ વીડિયો વાયરલ કરનાર સામે 2 લાખની ખંડણી માગતા વધુ એક ફરિયાદ

**વડોદરા**

છાણી એલેમ્બિક વેદા ટુની તમન્ના સૈયદ ડ્રગ્સ વીડિયો વાયરલ કરી ચર્ચામાં હતી. અગાઉ આરિફે જે.પી રોડ પોલીસમાં 22 ટકા વ્યાજે 3લાખ આપી 12 લાખ વસૂલવા અને ડ્રગ્સ વીડિયોની ધમકીની ફરિયાદ નોંધાવતા ક્રાઈમ બ્રાન્ચે દંપતીને 7 દિવસના રિમાન્ડ પર લીધા છે. એસઓજીએ ખોટા વીડિયો અને પોલીસ વિરુદ્ધ ઘૃણા ફેલાવવા બદલ સાયબરમાં ગુનો નોંધ્યો છે. હવે ફતેગંજ લક્ષ્ય એપાર્ટમેન્ટમાં ઈનવિઝિબલ કેફે ચલાવતા મહંમદ ઝૈદ શેખે સયાજીગંજમાં ફરિયાદ નોંધાવી કે 3જી ઓગસ્ટે તમન્નાએ એમડી વેચાય છે વીડિયો વાયરલ કરી 2 લાખ નહીં આપો તો કેફેનું નામ જાહેર કરવાની ધમકી આપી હતી જેમાં પતિ સોહેલે પાછળથી ધમકાવ્યો હતો.

# ઉજ્જૈન હાઇવે પર અકસ્માત : પંચમહાલ જિલ્લાના 6 યુવકોના ઘટનાસ્થળે મોત

**પંચમહાલ**

બદનાવર-ઉજ્જૈન ફોરલેન પર પંચકવાસા પાસે લોખંડનો સામાન ભરેલી એક ટ્રક રોંગ સાઈડથી ઉજ્જૈન તરફ જઈ રહી હતી. આ દરમિયાન ઉજ્જૈનથી ગુજરાત તરફ જઈ રહેલી કાર સાથે ટ્રકની સામસામે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ઈકો કારના ફુરચા ઉડી ગયા હતા અને કારમાં સવાર તમામ 6 યુવકો અંદર જ ફસાયા હતા. બે મૃતદેહોને બહાર કાઢવા માટે ગ્રાઈન્ડરનો સહારો લેવો પડયો હતો. ભયાનક અકસ્માતના પગલે રસ્તા પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ બદનાવરના પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થાનિક ગ્રામજનોની મદદથી કારના કાચ તોડી ભારે જહેમત બાદ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. અકસ્માત સર્જીને ટ્રક ડ્રાઈવર વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે તમામ મૃતદેહોને બદનાવર સિવિલ હોસ્પિટલના શબઘરમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકોમાં મયુર ઉર્ફે મિતેશ પ્રકાશભાઈ ચૌહાણ, દિપક મુકેશભાઈ બારિયા, વિમલભાઈ મુકેશભાઈ સોલંકી, વિશાલ રમેશભાઈ પરમાર, પરેશ બારિયા, રાકેશ મકવાણાંનો સમાવેશ થાય છે.

# વડોદરામાં ડૂપ્લિકેટ નોટોના કૌભાંડમાં ફરાર થયેલા બે એજન્ટ 11 વર્ષે પકડાયા

**વડોદરા**

બાજવા વિસ્તારના બજારમાં ડિસેમ્બર-૨૦૧૫માં રૂપિયા એક હજારની ડૂપ્લિકેટ નોટો પધરાવવા આવેલા મહંમદસાહેબ અંજારૂલ હક, મહંમદઅનારૂલ અફરાઝુલ શેખને ઝડપી પાડી તેમની પાસેથી રૂપિયા એક હજારની ૧૧૫ નોટો અને રોકડા 4 હજાર કબજે કર્યા હતા. આ ગુનામાં માલદાના નબીનગરમાં રહેતા સૂત્રધાર વહિદઉર શેખનું પણ નામ ખૂલ્યું હતુ. પોલીસને મોબાઈલ સર્વલન્સ અને અન્ય સોર્સ મારફતે માહિતી મળતાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ બીવી ગોહિલ અને ટીમે માલદાના ગામોમાં પડાવ નાંખી ગ્રામજનો સાથે સંપર્કમાં રહીને મહંમદસાહેબને માલદાથી અને તેના સાગરીત મહંમદઅનારૂલને મહારાષ્ટ્રના પનવેલ ખાતેથી ઝડપી પાડયા છે.

# રેસિડેન્ટ ડોક્ટરનો આપઘાત : 3 મહિલા ડોક્ટર સહિત 4 સસ્પેન્ડ

### સુરત સિવિલ હોસ્ટલમાં રેગિંગની ઘટનાથી રાજ્યમાં ચકચાર : રેસિડેન્ટ તબીબો તેમજ સ્ટાફના નિવેદનો લેવા પોલીસની તજવીજ

**સુરત**

સુરત સિવિલમાં રેસિડેન્ટ ડોકટરે આપઘાત કરતા ચકચાર મચી ગઈ હતી. આ મુદ્દે 3 ડોકટર યુવતી સહિત 4 સીનિયર સસ્પેન્ડ કરાયા હતા. મૃતક ડોક્ટરનું 4 સીનિયર દ્વારા રેગિંગ કરવામાં આવતું હોવાનું સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. રેગિંગનો ખુલાસો થતાં જ ચારેય સીનિયરને 6 મહિના માટે હોસ્પિટલ, હોસ્ટેલ તેમજ તમામ ટીચિંગ એક્ટિવિટીમાંથી સસ્પેન્ડ કરાયા હતા.

સુરતની નવી સિવિલ હોસ્પિટલના બોયઝ પી.જી. હોસ્ટેલના રૂમ નંબર 1005માં રહેતા આશાસ્પદ 30 વર્ષીય રેસિડેન્ટ તબીબે રૂમમા પંખા પર દોરી બાંધીને ગળે ફાંસો ખાઈને



આપઘાત કરી લીધો હતો. ઘટનાના પગલે નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટરોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃતક ડોકટરના પિતા પણ ડોક્ટર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મૂળ અરવલ્લીના મોડાસાના વતની ડોક્ટર હર્ષ પંડ્યા સુરત નવી સિવિલ હોસ્પિટલના બોય્ઝ પીજી હોસ્ટેલના રૂમ નંબર 1005માં રહેતો હતો. નવી સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતો હતો. તે ફરજ પર હાજર ન થતાં સિનિયર ડોક્ટરે તેને ફોન કર્યો હતો. ફોન બંધ આવતા સિનિયર ડોક્ટરે હોસ્ટેલમાં રહેતા અન્ય રેસિડેન્ટ ડોક્ટરને તેના રૂમ પર જઈ તપાસ કરવા કહ્યું હતું. ડોક્ટર ત્યાં પહોંચતા રૂમ અંદરથી બંધ હતો. ફોન કરવા છતાં ફોન રિસીવ ન કરવામાં આવતાં ડોક્ટરે સિક્યુરિટી ગાર્ડને બોલાવ્યો હતો. સિક્યુરીટી ગાર્ડએ બુમો પાડી હતી પણ કોઈ જવાબ આવ્યો નહોતો, જેથી રૂમનો દરવાજો સિક્યુરીટી ગાર્ડએ તોડી નાખ્યો હતો.ત્યારે પંખા પર દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લઈને લટકેલી ડોક્ટર હર્ષ પંડયાની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં ખટોદરા પોલીસ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે પહોંચી ગઈ હતી. તેની સાથે જ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડો. પારુલ વડગામા તેમજ નર્સિંગ અગ્રણી ઈકબાલ કડીવાલા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી અને પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ ખસેડવાની તજવીજ શરૂ કરી હતી. પોલીસે હોસ્ટેલમાં રહેતા સાથી રેસિડેન્ટ તબીબો તેમજ સ્ટાફના નિવેદનો લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

### સુરત સાઈબર ક્રાઈમની મોટી કાર્યવાહી

## 125 કરોડનું દેશવ્યાપી ફ્રોડ પકડાયું, ઝારખંડ અને પટના ગેંગના 4 ઠગોની ધરપકડ

**સુરત**

સુરત શહેર સાયબર ક્રાઇમ સેલે દેશવ્યાપી સાયબર ફ્રોડ આચરતી એક અત્યંત શાતીર ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસ ટીમે ઝારખંડના જામતારા અને દેવઘરથી લઈને બિહારના પટના સુધી 2,456 કિલોમીટરનો લાંબો પ્રવાસ ખેડી, પટનાની એક હોટલમાંથી માસ્ટરમાઈન્ડ ચાંદ સહિત 4ની ધરપકડ કરી છે.

ડેવલપર પાસેથી માત્ર 8000માં ખરીદેલી એક ખતરનાક એપીકે ફાઈલ જામતારાની ઠગ ગેંગોને 10,000થી લઈને 70,000 સુધીમાં વેચવામાં આવતી હતી. શાતીર ચાંદે અત્યાર સુધીમાં આવી 1,248થી વધુ એપીકે ફાઈલો ખરીદીને અલગ-અલગ ગેંગોને સપ્લાય કરી હતી. બેંક, આરટીઓ ચલણ, સરકારી યોજના કે હોસ્પિટલના નામે બનેલી 336 જેટલી બોગસ ફાઈલો વોટ્સએપ મારફતે વાઈરલ કરવામાં આવી હતી.

આ સાયબર ઠગો પંજાબ નેશનલ બેંકની અસલ એપ્લિકેશન જેવી જ દેખાતી બનાવટી "પીએનબી વન.એપીકે" ફાઈલ બનાવી વોટ્સએપ મારફતે લોકોને મોકલતા હતા. ભોગ બનનાર વ્યક્તિ આ એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરે એટલે આરોપીઓ તેના ફોનનો પૂર્ણ એક્સેસ મેળવી, ફોન હેક કરી લેતા હતા. ત્યારબાદ બેંક એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરી



મ્યુલ એકાઉન્ટ્સ અને કેશ ડિપોઝિટ મશીન દ્વારા પોતાના ખાતાઓમાં જમા કરાવી લેતા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મુખ્ય આરોપી ચાંદ દ્વારા 336 જેટલી બોગસ એપીકે ફાઈલો બનાવવામાં આવી હતી, જે દેશભરમાં 31,174થી વધુ મોબાઈલ ઉપકરણોમાં ઈન્સ્ટોલ થઈ ચૂકી હતી. આ ગેંગે 5,613 જેટલાં લોકોના ફોન હેક કરીને અંદાજે 125.39 કરોડથી પણ વધુ રકમની દેશવ્યાપી સાયબર છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. જાહેર જનતા માટે સાયબર સુરક્ષા ચેતવણી છે કે, વોટ્સએપ, એસએમએસ કે અજાણી લિંક પરથી આવતી કોઈ પણ એપીકે ફાઈલ ક્યારેય ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરવી નહીં. એપ્લિકેશન હંમેશા અધિકૃત ગૂગલ પ્લે સ્ટોર કે એપ સ્ટોર પરથી જ ડાઉનલોડ કરવી. આરટીઓ ચલણ, કેવાયસી અપડેટ કે બેંક પ્રોફાઈલ સુધારવાના નામે મોકલેલી લિંક્સ પર ક્લિક કરવું નહીં. ઓટીપી, પિન, કે બેંકિંગ વિગતો કોઈ સાથે શેર ન કરવી. છેતરપિંડી થાય તો તુરંત સાયબર હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરવો.

## નાસીરનગર ડિમોલિશન કેસમાં મનપા કમિશનર નાગરાજની બદલી, કલેક્ટર તેજસને ચાર્જ સોંપાયો

### ડિમોલિશન કરનારા સામે પગલાં લેવા કોર્ટ દ્વારા નિર્દેશ આપવામાં આવ્યા હતા

**સુરત**

સુરતના બહુચર્ચિત નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં પાલિકાની ભૂમિકા અંગે ઊભા થયેલા ગંભીર સવાલો, ડિમોલિશન અંગેની રજૂઆતમાં આવેલા વિરોધાભાસ અને હાઈકોર્ટનું કડક વલણ વચ્ચે રાજ્ય સરકારે મોડી રાત્રે મોટો વહીવટી નિર્ણય લીધો છે. હાઈકોર્ટના નિર્દેશ બાદ સુરત પાલિકા કમિશનર એમ. નાગરાજન એમ.ની બદલી કરી તેમને સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે સુરતના કલેક્ટર તેજસ પરમારને પાલિકા કમિશનરનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. નાસીર નગર પ્રકરણની કોર્ટ કાર્યવાહી બાદ જ આ નિર્ણય આવતા વહીવટી વર્તુળોમાં તેની ભારે ચર્ચા શરૂ થઈ છે.

છેલ્લા કેટલાક દિવસોથી વિવાદનું કેન્દ્ર બનેલું નાસીરનગર ડિમોલિશન પ્રકરણ હાઈકોર્ટ સુધી પહોંચ્યું છે. ડિમોલિશનની કાર્યવાહી અને તેમાં જવાબદાર અધિકારીઓની ભૂમિકા અંગે કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટનું વલણ કડક રહ્યું હતું. ડિમોલિશન કરનારા અધિકારીઓ સામે પગલાં લેવા અંગે પણ કોર્ટ દ્વારા નિર્દેશ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે પાલિકાની કામગીરી અને જવાબદારી અંગેના સવાલ વધુ ઘેરા બન્યા હતા. નાસીરનગરમાં ડિમોલિશન થયા બાદ શરૂઆતમાં પાલિકા દ્વારા આ કાર્યવાહી પાલિકાએ કરી ન હોવાનું જણાવવામાં આવ્યું હતું.

## સેલવાસમાં યુવતીની હત્યા કેસમાં આરોપી પ્રેમી નિકળ્યો : યુપીના વારાણસીથી પકડાયો

### પોલીસે યુપી કોર્ટમાંથી આરોપીનો ટ્રાન્ઝિટ રિમાન્ડના આધારે કબજો મેળવ્યો હતો

**સેલવાસ**

સેલવાસના ટોકરખાડામાં આવેલી ચાલીની રૂમમાં બાથરૂમમાં સુટકેશમાંથી તાજેતરમાં જ મહિલાની લાશ મળી આવી હતી. આ હત્યા કેસમાં સેલવાસ પોલીસ અને યુ.પી. ની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ગુનાનો ભેદ ઉકેલી મૃતકના પ્રેમીની ધરપકડ કરી હતી. પોલીસે યુ.પી. કોર્ટમાંથી આરોપીનો ટ્રાન્ઝિટ રિમાન્ડના આધારે કબજો મેળવયો હતો.

સેલવાસના ટોકરખાડામાં દાન હોટલની પાછળ જોગિન્દરભાઈની ચાલીની રૂમમાંથી દુર્ગંધ ફેલાતા ચાલી માલિકે ગત મંગળવારે રૂમ ખોલાવી હતી. અસહ્ય દુર્ગંધ ફેલાતા તપાસ કરતા બાથરૂમમાંથી એક સુટકેસ મળી આવી હતી. જેમાંથી યુવતિની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસ દોડી ગયા બાદ લાશનો કબજો લઈ હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ છોટીકુમારી તરીકે થઈ હતી. બે મહિના અગાઉ ભાડેથી રૂમ લેનાર યુવાનની શોધખોળ આદરી હતી. પોલીસે યુવાનની માહિતિ મેળવ્યા બાદ એક ટીમ યુ.પી.ના વારસણી પહોંચી હતી. સેલવાસ પોલીસ અને યુ.પી. ની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે હાથ ધરેલી શોધખોળમાં હત્યા આરોપીને દબોચી ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો. પોલીસે આરોપી ઋષભકુમાર સિંહને યુ.પી. કોર્ટમાં રજૂ કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી સેલવાસ લવાયો છે. આરોપીની પુછપરછમાં તેણે છોટુકુમારીની હત્યા કરી હતી.

## ઉધનામાં અજાણ્યો યુવક 100 ફૂટની ઊંચી પાણીની ટાંકી પર ચઢતાં ભારે અફરાતફરી

**સુરત**

સુરત શહેરના ઉધના રોડ નંબર-૫ પર આવેલી એક નવનિર્મિત અને નિર્માણાધીન પાણીની ટાંકી પર આજે એક અજાણ્યો યુવક અચાનક ચઢી જતાં ચકચાર મચી ગઈ હતી. અંદાજે 100 ફૂટ જેટલી ઊંચી ટાંકી પર યુવકને ઊભેલો જોઈને આસપાસના સ્થાનિક રહીશો અને રાહદારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા અને જોતજોતામાં ત્યાં લોકોના મોટા ટોળાં એકઠા થઈ ગયા હતા. યુવક કયા કારણોસર પાણીની ટાંકી પર ચડ્યો છે તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી, પરંતુ તેની આ જોખમી હરકતને કારણે વિસ્તારમાં મોટો હાઈવોલ્ટેજ ડ્રામા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.બનાવની



ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિકો દ્વારા તાત્કાલિક સુરત ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડનો મોટો કાફલો હેવી વ્હીકલ્સ અને રેસ્ક્યૂ સાધનો સાથે સ્થળ પર દોડી આવ્યો હતો.

ટાંકીની ઊંચાઈ વધુ હોવાથી તેને નીચે ઉતારવા માટે ફાયર વિભાગે હેવી વ્હીકલ્સ તેમજ વિશિષ્ટ સીડી/હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદ લીધી હતી.

## જેલમાં બેઠાં બેઠાં માથાભારે સતીશ મરાઠીની હત્યાનું કાવતરું ઘડનાર રાહુલ મંડલ પકડાયો

**સુરત**

સુરતમાં સતીશ મરાઠીની હત્યા મામલે પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. લાજપોર જેલમાં બેઠા બેઠા સતીશ મરાઠીની હત્યાનું કાવતરું ઘડ્યાનો આરોપ ધરાવતા બુટલેગર રાહુલ મંડલની પોલીસે ટ્રાન્સફર વૉરંટના આધારે ધરપકડ કરી છે. અગાઉ પકડાયેલા આરોપીઓની કબૂલાત અને પોલીસને મળેલા ઈલેક્ટ્રોનિક પુરાવાના આધારે રાહુલ મંડલ સુધી તપાસ પહોંચી હતી.

રાહુલ મંડલ લાજપોર સેન્ટ્રલ જેલમાં ગુજસીટોક હેઠળ બંધ હતો. કોર્ટે ટ્રાન્સફર વૉરંટની અરજી મંજૂર કર્યા બાદ પોલીસે તેની જેલમાંથી ધરપકડ કરી હવે સમગ્ર હત્યા કાવતરું કેવી રીતે ઘડાયું, સતીશની રેકી કોણે કરી અને હત્યાના દિવસે તેનું લોકેશન કોણે આપ્યું હતું તે અંગે તેની પૂછપરછ શરૂ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી પ્રમાણે સતીશ મરાઠી અગાઉથી જ કેટલાક ગુનેગારોના નિશાના પર હતો. ગત માર્ચ મહિનામાં પણ સતીશ પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ગોડાદરા બ્રિજ નીચે સતીશને ઘેરીને હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કેતન ઉર્ફે સન્ની, રાહુલ બટકો, અજીત ગોસ્વામી અને આકાશ બટકા સહિતના લોકો સામેલ હોવાની માહિતી સામે આવી છે.હુમલાખોરોએ સતીશ પર હુમલો કરતી વખતે મરચાની ભૂકીનો પણ ઉપયોગ કર્યો હતો.

# અમદાવાદમાં બિલ્ડિંગના 32મા માળે ક્રેન સાથે લટકીને યુવકનો આપઘાત

## ફાયર-પોલીસભારે જહેમત બાદ મૃતદેહને નીચે ઉતાર્યો

**અમદાવાદ**

અમદાવાદના પોશ ગણાતા એસ.જી. હાઈવે પર બુધવારે(12 ઓગસ્ટ) સવારે એક સનસનાટીભરી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. છારોડી તળાવ પાસે નિરમા યુનિવર્સિટીની સામે આવેલી 'ટ્રેમોન્ટ એડલીપ' નામની એક નિર્માણાધીન બિલ્ડિંગના 32મા માળેથી ક્રેન ઓપરેટરનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. 22 વર્ષીય યુવકે ક્રેન સાથે ગળેફાંસો ખાઈને આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. મૃતકની ઓળખ પ્રીતમસિંહ (ઉ.વ.22) તરીકે થઈ છે, જે છેલ્લાં કેટલાક સમયથી આ નિર્માણાધીન સાઈટ પર ક્રેન ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર, પ્રીતમસિંહે મંગળવારે(11 ઓગસ્ટ) મોડી રાત્રે જમીનથી અંદાજે 300 ફૂટની ઊંચાઈએ આવેલા 32મા માળે ક્રેન સાથે ગળેફાંસો ખાઈ લીધો હતો. આખી રાત તેનો મૃતદેહ હવામાં લટકતો રહ્યો હતો. બુધવારે સવારે 8 વાગ્યાના સુમારે જ્યારે સાઈટ પર કામ કરતા અન્ય શ્રમિકો અને કર્મચારીઓ આવ્યા, ત્યારે તેમની નજર 32મા માળે ક્રેન સાથે લટકતા મૃતદેહ પર પડી હતી. બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિકો અને સાઈટના જવાબદારોએ તુરંત જ પોલીસ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર અને પોલીસની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ મૃતદેહને નીચે ઉતાર્યો હતો.

બનાવની માહિતી મળતા જ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સોલા હાઈકોર્ટ પી.આઈ.ના જણાવ્યા મુજબ, યુવકના આકસ્મિક મોત અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. 22 વર્ષના આશાસ્પદ યુવકે કયા કારણોસર આટલું આકરું પગલું ભર્યું તે હજુ સુધી અસ્પષ્ટ છે.

# ગુજરાતમાં બાળકો પરના અત્યાચાર સામે બાળ આયોગની લાલ આંખ

**ગાંધીનગર**

રાજ્યમાં બાળકો વિરુદ્ધ શારીરિક તથા માનસિક શોષણ, અત્યાચાર અને મારપીટ જેવા ગંભીર ગુનાઓ સામે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગે કડક વલણ અપનાવ્યું છે. બાળ અધિકારોના ગંભીર ઉલ્લંઘનના આ બનાવોને પગલે ગાંધીનગર ખાતે આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને એક ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પોક્સો (POCSO Act) અને જે.જે. એક્ટ (J.J. Act) હેઠળ જવાબદાર વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ સામે કડકમાં કડક પગલાં લેવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આયોગના અધ્યક્ષે જણાવ્યું હતું કે, બાળકોના હકો અને અધિકારોનું ઉલ્લંઘન કરનાર કોઈ પણ દોષિતને બક્ષવામાં નહીં આવે અને તેમની સામે કાયદાકીય જોગવાઈઓ અનુસાર સખતમાં સખત પગલાં લેવા આયોગ કટિબદ્ધ છે. બાળકો પર થતા અત્યાચાર અને શોષણના કિસ્સામાં આયોગ દ્વારા ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે.

# અમદાવાદી કાકાએ ઠગોને બે લાખની બદલે રૂપિયા 200 મોકલી પાઠ ભણાવ્યો

## મની લોન્ડરિંગમાં તમારું નામ છે કહી ઠગવા માંગતા હતા

**અમદાવાદ**

અમદાવાદના એક 70 વર્ષીય નિવૃત્ત સરકારી કર્મચારીને 30મી જુલાઈએ નાશિક પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે સંજય પીસે નામની એક વ્યક્તિએ ફોન કર્યો હતો અને મની લોંડરિંગના કેસમાં તેમનું નામ હોવાનું અને અન્ય છ જણની ધરપકડ થઈ હોવાનું તેમને જણાવ્યું હતું.

આ સાથે જો તેમણે બચવું હોય તો તેમની બેંકની વિગતો આપવા અને પૈસા ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. તેમણે કર્મચારીને ઘરમાં જ રહેવા અને વીડિયો કૉલ પર વાત કરતા રહેવા જણાવ્યું હતું. 1લી ઑગસ્ટના રોજ તેમણે રૂ. 2 લાખની માગણી કરી હતી.

કર્મચારીને પહેલેથી શંકા હતી, પરંતુ તેમણે આ રમત ચાલુ રાખી. ત્રીજી ઑગસ્ટના રોજ તેમણે તેમના પત્નીના અકાઉન્ટમાંથી પોતાના અકાઉન્ટમાં રૂ. એક લાખ ટ્રાન્સફર કર્યા. ત્યારબાદ તેમણે મેસેજ એડિટ કરી ઠગોને એમ બતાવ્યું કેબીજા એક લાખ પણ તેમના અકાઉન્ટમાં આવી ગયા છે અને હવે તેમની પાસે રૂ. 2 લાખ છે. તેમની વાત માની ઠગોએ પોતાની બેંક ડિટેલ્સ કર્મચારીને આપી, પરંતુ તેમણે માત્ર રૂ. 201 જ ટ્રાન્સફર કર્યા. આ મામલે ઠગોએ જ્યારે તેમને ફોન કર્યો ત્યારે ઠગોને સમજાયું કે તેઓ પોતે જ ઠગાઈ ગયા છે અને જાળમાં ફસાઈ પોતાની બેંક ડિટેલ્સ આપી બેઠા છે. ત્યારબાદ નિવૃત્ત કર્મચારીએ સાયબર હેલ્પલાઈનમાં આ કથિત છેતરામણીની કોશિશની જાણ કરી હતી, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

સાયબર સેલની ટીમે એકાઉન્ટની વિગતો ફંફોળી હતી અને તેમના અકાઉન્ટમાં શંકાસ્પદ રૂ. 40 લાખની રકમ હોવાનું તેમજ અકાઉન્ટ આસામથી ઑપરેટ થતું હોવાનું બહાર આવ્યું હતું. સાયબર સેલે કેસ નોંધી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જામનગરમાં ચાંદીપુરા વાઈરસથી હાહાકાર વધુ 3 લોકોના મોત સાથે કુલ મૃત્યુઆંક 9

## રાજકોટમાં ધ્રોલનો બાળક પોઝિટિવ, જી.જી. હોસ્પિટલમાં નવા કેસો અને પરિસ્થિતિ

**જામનગર**

જામનગર જિલ્લામાં ચાંદીપુરા રોગના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. છેલ્લા બે દિવસમાં ત્રણ બાળ દર્દીઓના સારવાર દરમિયાન મોત નીપજતાં ફાળ પડી છે. આ સાથે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા પાંચમાંથી ઘટીને બે થઈ છે.

ધ્રોલ પંથકના ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા એક બાળકનું ચાર દિવસ પહેલા રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ બાળકના સેમ્પલનો રિપોર્ટ હાલ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ચાંદીપુરાના અન્ય તમામ શંકાસ્પદ કેસોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જી.જી. હોસ્પિટલમાં ત્રણ બાળ દર્દીઓ સારવાર હેઠળ હતા, જેમાં પસાયા અને ધ્રોલ પંથકના વધુ બે બાળકો ઉમેરાતાં કુલ દર્દીઓની સંખ્યા 5 થઈ હતી.

દાખલ દર્દીઓમાંથી કાલાવડના 2 અને ધ્રોલના 1 બાળક મળી કુલ 3 બાળકોના મોત થતાં તંત્ર દોડતું થયું છે. આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત સર્વેલન્સ અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા લોકોને અફવાઓથી ન ડરવા અને બાળકોમાં તાવ, ઝાડા, ઉલટી કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય તો તુરંત નજીકની હોસ્પિટલનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# અપ્રમાણસર મિલકતના કેસમાં સસ્પેન્ડેડ કેતકી વ્યાસની સોલામાંથી ધરપકડ થઈ

**આણંદ**

આણંદના પૂર્વ અધિક કલેક્ટર અને સસ્પેન્ડેડ GAS એટલે કે ગુજરાત એડમિનીસ્ટ્રેટિવ સર્વિસના અધિકારી કેતકી વ્યાસની કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકતના કેસમાં વિધિવત ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની સંયુક્ત કાર્યવાહી અંતર્ગત શહેરના સોલા વિસ્તારમાં આવેલા તેમના બહેનના ઘરેથી કેતકી વ્યાસની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે તેમને આગળની તપાસ માટે એસીબીને સોંપ્યા છે. એસીબીના નાયબ નિયામક હરેષ મેવાડાએ પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, કેતકી વ્યાસ સામેની ગુજરાત હાઈકોર્ટે આગોતરા જામીન અરજી નામંજૂર કર્યા બાદ આ એક્શન લેવાયા છે. વર્ષ 2023માં આણંદના તત્કાલીન નિવાસી કલેક્ટર સામે મળેલી અરજીના આધારે તપાસ શરૂ કરાઈ હતી. એસીબીની તપાસ દરમિયાન તેમની કાયદેસરની આવક કરતાં 68.84 ટકા વધુ એટલે કે રૂ. 3.56 કરોડની બેનામી સંપત્તિ મળી આવી હતી.

# આંગડિયા પેઢીની 19 લાખની લૂંટનો પર્દાફાશ થયો, 2 શખ્સોને દબોચાયા

## બાઇક પર ફેક નંબર લગાવ્યો હતો, મુખ્ય આરોપી ફરાર

**રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રાઈમ આંગડિયા પેઢીમાંથી રૂ.19 લાખની સનસનાટીભરી લૂંટ ચલાવીને ફરાર થઈ ગયેલી ગેંગ સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરી છે. ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે કાર્યવાહી કરીને રમઝાન અલી અને પ્રવીણ ઉર્ફે ખાજિયો નામના બે આરોપીઓને દબોચી લીધા છે. પકડાયેલા આ બંને શખસોએ લૂંટ ચલાવનારા મુખ્ય આરોપીઓને રોકાવવા માટે રહેવાની સગવડ તેમજ ગુનામાં વપરાયેલા ચોરીનું બાઈક પૂરું પાડ્યું હતું. પોલીસે લૂંટની કુલ રૂ.19 લાખની રકમમાંથી રૂ.2 લાખની રોકડ રિકવર કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આંગડિયા પેઢીમાં પ્રત્યક્ષ રીતે ધાડ પાડનારા મુખ્ય આરોપીઓ આસુ અને ઈલુ નામના શખસો છે, જેઓ હાલ પોલીસ પકડથી દૂર છે. પકડાયેલા આરોપીઓ પૈકી પ્રવીણ વિરુદ્ધ રાજસ્થાનમાં 2 ગુના નોંધાયેલા છે. જ્યારે ફરાર મુખ્ય આરોપી આસુ રીઢો ગુનેગાર હોવાનું અને તેની સામે અગાઉ લૂંટના 22 જેટલાં ગંભીર ગુના નોંધાયેલા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

# મેરેજ બ્યુરોએ યુવક સાથે ફુલહાર કરાવી લગ્નનું નાટક કર્યું, દુલ્હન બિમારીનું કહી પૈસા લઈ ફરાર

## 3.50 લાખ પડાવી લેવાયા, કચ્છના રાપરમાં પોલીસે આઠ શખસો સામે ગુનો નોંધ્યો

**ભુજ**

કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના પ્રાગપર ગામે લગ્નોત્સુક યુવકને લગ્ન કરાવવાની લાલચ આપી રૂ. ૨.૫૩ લાખની છેતરપિંડી આચરવાનો કિસ્સો સામે આવતાં પોલીસે આઠ શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પ્રાગપરના ૩૦ વર્ષીય ખેડૂત મુકેશ મનજી ચૌધરીને અમદાવાદના એક મેરેજ બ્યુરો મારફતે રેશ્માબેન નામની યુવતીનો ફોટો બતાવી લગ્ન માટે રૂ. ૩.૫૦ લાખ માંગવામાં આવ્યા હતા.



ગત માર્ચ મહિનામાં આરોપીઓ યુવતીને લઈને પ્રાગપર આવ્યા હતા અને ફૂલહાર કરાવી લગ્નનું નાટક કરી પૂરેપૂરી રકમ મેળવી લીધી હતી. અમદાવાદ પરત ફર્યા બાદ યુવતીએ બીમારીનું બહાનું કાઢી સાથે રહેવાનો ઈનકાર કર્યો હતો. બાદમાં યુવતીને અમદાવાદ મુકી આવ્યા પછી આરોપીઓએ યુપીઆઈ મારફતે માત્ર રૂ. ૯૬,૫૦૦ પરત કર્યા હતા. બાકીના રૂ. ૨,૫૩,૫૦૦ પરત ન આપી ફોન બંધ કરી દેતાં છેવટે રાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે કિરણ ઝાલા, મનોજ ચુનારા, સચિન ઠાકુર, પૂજાબેન ઠાકુર, નિમિશકુમાર શિકરી, ધનજી પટેલ, સરોજબેન અને રેશ્માબેન સામે છેતરપિંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિસનગરમાં જ્વેલર્સની દુકાનમાંથી 15 મિનિટમાં રૂપિયા 9.52 લાખનાં ઘરેણાં અને રોકડ ચોરાયાં

## દુકાનદારના પિતાને વાતોમાં પરોવી ત્રણ મહિલાઓએ બેગ તફડાવી લીધી હતી

**વિસનગર**

વિસનગરના એમ.એન.કોલેજ રોડ પર આવેલી ઉમિયાનગર સોસાયટીમાં રહેતા અને ત્રણ ટાવર અંદર સન્માન જ્વેલર્સમાં વેપાર કરતા પ્રકાશભાઈ દશરથલાલ પટેલ શનિવારે સવારે ઘરેથી કાળા રંગની બેગમાં રૂ.૨,૫૦,૦૦૦ રોકડ રકમ તેમજ સોનાની વીંટી, કાનની ચેઈન, બુટ્ટી, બેસલેટ (લકી), કાચબો તથા ચાંદીના સિક્કા, લકી અને ડબ્બી મળી કુલ રૂ.૯,૫૨,૪૦૦નો કિંમતી સામાન લઈને દુકાને આવ્યા હતા અને બેગ તિજોરી પાસે મૂકી હતી.

સવારે દસેક વાગ્યે તેમના વૃદ્ધ પિતા દશરથલાલ દુકાને બેસવા આવ્યા હતા. સવારે અગિયારેક વાગ્યે પ્રકાશભાઈ તેમના મિત્ર સાથે નજીકની વાસણની દુકાને ગયા હતા, ત્યારે જ્વેલર્સ પર તેમના પિતાજી એકલા હાજર હતા. આ તકનો લાભ ઉઠાવી સવારે ૧૧:૧૫થી ૧૧:૩૦ વાગ્યાના ગાળામાં ૩ અજાણી મહિલાઓ ગ્રાહકના સ્વાંગમાં દુકાનમાં આવી હતી. તે પૈકીની બે મહિલાઓએ વેપારીના પિતાને વાતોમાં પરોવી રાખી તેમની નજર ચુકવી હતી, જ્યારે ખૂણામાં બેઠેલી ત્રીજી અજાણી મહિલાએ તિજોરી પાસે મૂકેલી ઘરેણાં અને રોકડ ભરેલી કાળા કલરની બેગ સેરવી લીધી હતી અને ત્રણેય મહિલાઓ સરકી ગઈ હતી. પ્રકાશભાઈ દુકાને પરત આવતાં બેગ ગાયબ જણાતાં પિતાજીને પૂછપરછ કરી હતી, પરંતુ તેઓ અજાણ હોવાનું જણાવતાં સીસીટીવીના ફૂટેજ ચેક કરતાં મહિલા ત્રિપુટીની આ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી સ્પષ્ટપણે કેદ થયેલી હતી.

# જામનગરમાં નશામાં કાકા-ભત્રીજી અને પિતા-પુત્ર વચ્ચે ધમાલ : બેની ધરપકડ

**જામનગર**

ગુલાબનગર પોલીસ ચોકી પાછળ દેવીપૂજકવાસમાં રહેતી કીરણબેન પરમારના ઘરે તા.૭ના સાંજના સાડા છથી સાત વાગ્યાના અરસામાં તેમના કાકા મનુભાઈ રાઠોડ આવ્યા હતા. મનુભાઈ પોતાના પુત્ર સંજય સાથે બોલાચાલી કરી રહ્યા હતા અને પરિવારજનોને હેરાન પરેશાન કરી ગાળો બોલતા હોવાથી કીરણબેન સાથે પણ ઝઘડો કર્યો હતો. કીરણબેને ફોન કરતાં જનરક્ષકની ટીમ સ્થળે પહોંચી હતી અને કીરણબેન તથા મનુભાઈને પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા.

પોલીસ સમક્ષ પંચોની હાજરીમાં મનુભાઈની તપાસ કરતાં તેમની જીભ થોથરાતી, આંખો નશાથી લાલચોળ તથા શરીરનું સમતોલન જાળવી ન શકતા હોવાનું જણાયું હતું. બીજા બનાવમાં દેવુભાનો ચોક, પીપરફળી વિસ્તારમાં રહેતા નિવૃત્ત નરેન્દ્રભાઈ જેઠાલાલ ચૌહાણના પુત્ર નીલ ચૌહાણે દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી પિતા નરેન્દ્રભાઈ તથા પત્ની પાયલને ગાળો આપી તોફાન કર્યું હતું. પિતાએ ગાળો બોલવાની ના પાડતાં નીલે તેમની સાથે બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. નરેન્દ્રભાઈએ પોલીસને બોલાવતા પિતા-પુત્રને સીટી-એ ડિવિઝન પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા.

**યાદગીરી મિસાલ** પીપાવાવ-સુરેન્દ્રનગર ટ્રેક પર માલગાડીની ટક્કરે બંને સિહણોના મોત થયા હતા

# અમરેલીમાં સિંહણો 'સુંદરી' અને 'રૂપસુંદરી'ની યાદમાં અનોખું સ્મારક બનાવાયુ : વિશ્વ સિંહ દિવસે આવે છે લોકો

**અમરેલી**

અમરેલીના રાજુલા પંથકના લોકોના સિંહ પ્રત્યેના અનોખા પ્રેમ, સંવેદના અને સમર્પણનું પ્રમાણ ભેરાઈ ગામે આવેલું વિશ્વનું એકમાત્ર સિંહણ સ્મૃતિ સ્મારક છે. રાજુલા વિસ્તારના શ્રદ્ધાળુઓમાં સિંહણ સ્મૃતિ સ્મારકનું અનેરું મહત્ત્વ છે. દિવંગત સિંહણોને માતાજીનું વાહન માની શ્રદ્ધાળુઓ પૂજે છે તથા વર્ષભર અહીં શ્રીફળ વધેરવા આવે છે. અને પૂજન કરી માનતા પણ માને છે. 'સુંદરી' અને 'રૂપસુંદરી'ની યાદમાં બનાવેલા મંદિર ખાતે વિશ્વ સિંહ દિવસ પર મોટી સંખ્યામાં લોકો ઉમટે છે.


રાજુલાના ભેરાઈ ગામ પાસેથી પસાર થતી પીપાવાવ-સુરેન્દ્રનગર બ્રોડગેજ રેલવે લાઈન પર વર્ષ-2013માં માલગાડીની ટક્કરે આ વિસ્તારમાં વિચરણ કરતી લોકપ્રિય એવી 'સુંદરી' અને 'રૂપસુંદરી' નામની બે સિંહણોના અકાળે મોત થયા હતા. બંને સિંહણોના મૃતદેહને પી.એમ. માટે ખસેડાયા ત્યારે રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે, 'સુંદરી' નામની સિંહણ ગર્ભવતી હતી, અને તેના પેટમાં 3 બચ્ચાં હતા. જન્મ લે તે પહેલાં જ માતાની સાથે બચ્ચાં પણ મૃત્યુ પામ્યા હતા. આમ, પાંચ વન્ય જીવોના મોતથી આ વિસ્તારમાં શોક અને ગમગીની વ્યાપી ગયા હતા.



# ભાવનગરમાં દશકામાં સાવજની વસ્તી 37થી વધીને 116 થઈ

**ભાવનગર, તા. 11**

ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક સિંહના સંરક્ષણ, જાળવણી અને તેના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી તા. 10 ઓગસ્ટના રોજ વિશ્ર્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 16મી સિંહ ગણતરીના આંકડા મુજબ ભાવનગર જિલ્લામાં કુલ 116 સિંહ નોંધાયા છે. જેમાં 30 પુખ્ત નર સિંહ, 44 પુખ્ત સિંહણ, 9 કિશોર સિંહ, 10 કિશોર સિંહણ તથા 23 સિંહ બાળનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે ભાવનગર જિલ્લામાં માત્ર પુખ્ત સિંહોની જ હાજરી નથી, પરંતુ સિંહણો દ્વારા બચ્ચાંને જન્મ આપવામાં આવી રહ્યો હોવાથી અહીં સિંહોની વસ્તીનું કુદરતી રીતે વિસ્તરણ થઈ રહ્યું છે. છેલ્લા 27 વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. એક દશકા અગાઉ જિલ્લામાં સિંહોની સંખ્યા માત્ર 37 જેટલી હતી.



## અક્ષયકુમાર રાજેશ ખન્નાનો રોલ કરશે

મુંબઈ : બોલિવુડમાં ચાલી રહેલી ચર્ચા મુજબ એક અનોખા સંયોગ રુપે જમાઈ અક્ષય કુમાર આગામી એક ફિલ્મમાં તેના સસરા રાજેશ ખન્નાની ભૂમિકા ભજવવાનો છે. સંગીતકાર આર ડી બર્મનની બાયોપિક બની રહી છે. સુપરસ્ટાર રાજેશ ખન્ના અને સંગીતકાર આરડી બર્મનની જોડીએ અનેક સુપરહીટ ગીત આપ્યા છે. બંને વચ્ચેના ખાસ સબંધને જીવંત કરવા નિર્દેશકે રાજેશ ખન્નાની ભૂમિકા ભજવવા માટે અક્ષયકુમારની પસંદગી કરી છે. આ ફિલ્મમાં ફરહાન અખ્તર આર ડી બર્મનના રોલમાં છે. નીરજ પાંડે આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યો છે.

# અનન્યા પાંડે : પ્રશંસા ઊઘરાવવી એ મારી લાઇફનો ઉદ્દેશ નથી

**મુંબઈ** : ફિલ્મો, ફેશન અને સોશિયલ મીડિયામાં પોતાની વિશિષ્ટ ઓળખ બનાવનાર અભિનેત્રી અનન્યા પાંડે અવારનવાર પોતાની સ્ટાઈલ અને લાઈફસ્ટાઈલ માટે ચર્ચામાં રહેતી હોય છે. જોકે આ વખતે ચર્ચા તેની ફિલ્મો કે ફેશન વિશે નથી, પરંતુ તેની અંગત વિચારધારા અને જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણ વિશે છે. અનન્યા પાંડેએ તાજેતરમાં પોતાના વ્યક્તિત્વ, લાઈમલાઈટ પ્રત્યેના લગાવ, પાર્ટી કલ્ચર અને સૌંદર્ય વિશે કેટલીક એવી વાતો શેર કરી, જેનાથી તેના ચાહકો ખૂબ ગમી.

અનન્યાએ સ્વીકાર્યું કે એક સમય એવો હતો જ્યારે તેને દરેક જગ્યાએ હાજર રહેવું ગમતું. તેને લોકોનું ધ્યાન પોતાના તરફ ખેંચવું આકર્ષક લાગતું અને તે કાયમ લાઈમલાઈટનો હિસ્સો બનવા ઈચ્છતી. તેણે પોતાની રમૂજી શૈલીમાં જણાવ્યું કે બાળપણમાં તેના માતાપિતા તેને ‘અટેન્શન સીકર’ કહેતા, કારણ કે તેને પોતાના તરફ લોકોનું ધ્યાન દોરવું ખૂબ પસંદ હતું.

જોકે સમયની સાથે તેના વિચારો બદલાયા છે. હવે તે દરેક કાર્યક્રમ, પાર્ટી કે અવસર પર હાજરી આપવાનો આગ્રહ નથી રાખતી. તેણે મહેસૂસ કર્યું કે સતત લોકોની નજરોમાં રહેવા કરતાં વધુ મહત્વનું એ છે કે વ્યક્તિ પોતાના માટે સમય ફાળવે અને પોતાની સાચી ઓળખને સમજે. અનન્યા કહે છે, ‘જીવન માત્ર બાહ્ય પ્રશંસા મેળવવા માટે નથી, પણ સ્વયં સાથે જોડાવા માટે પણ છે. બોલિવુડની ઝાકઝમાળ ભરી દુનિયામાં પાર્ટી કલ્ચર કાયમ ચર્ચાનો વિષય રહ્યું છે. હવે મને એવી પાર્ટીઓ પસંદ નથી જે માત્ર દેખાડા કે કોઈ વ્યાવસાયિક લાભ માટે યોજવામાં આવતી હોય. આવી ઈવેન્ટ્સમાં વાસ્તવિક સંબંધોને બદલે માત્ર ઔપચારિકતા જ વધુ જોવા મળે છે.’

અનન્યાના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ કે તેનો ઈશારો ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એવા કલ્ચર તરફ હતો, જ્યાં સામાજિક મેળાપને સફળતા અને નેટવકગ સાથે સાંકળવામાં આવે છે.

આજના સમયમાં સોશિયલ મીડિયા પર પરફેક્ટ લૂક, ફિલ્ટર્સ અને એડિટેડ તસવીરોનું ચલણ વધી ગયું છે. એવા સમયે અનન્યાએ પોતાના સૌંદર્ય વિશે એક તદ્દન અલગ જ દ્રષ્ટિકોણ રજૂ કર્યો. એ કહે છે, ‘મને પોતાની કુદરતી ત્વચા અને અસલી ચહેરાનો સ્વીકાર કરવો વધુ પસંદ છે. ચહેરાની દરેક નાની ખામીને છુપાવવાની જરૂર નથી હોતી. વ્યક્તિની ઓળખ માત્ર તેના બાહ્ય સૌંદર્યથી નથી બનતી, પરંતુ તેની વિચારધારા, વ્યવહાર અને વ્યક્તિત્વ પણ તેને ખાસ બનાવે છે. ભારે મેકઅપ અને ચહેરાના કુદરતી લૂકને સાવ બદલી નાખતી ફેશનથી અંતર જાળવવામાં જ સમજદારી છે. ખરું સૌંદર્ય એ જ છે જેમાં વ્યક્તિ પોતાની અલગ ઓળખ જાળવી રાખે. મને હળવો અને નેચરલ લૂક વધુ પસંદ છે. થોડા વિખરાયેલા વાળ અને સામાન્ય અંદાજ મને વધુ આકર્ષક લાગે છે. મારા મતે દરેક સમયે પરફેક્ટ દેખાવાનો પ્રયાસ થકવી નાખે છે. પોતાની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો એ એક ખૂબસૂરત અનુભવ છે.’ અનન્યાની વધુ એક વાતે લોકોનું ધ્યાન ખેંચ્યું. ફિલ્મોમાં કેમેરા સામે ભારે આત્મવિશ્વાસથી ઝળકતી આ અભિનેત્રી કહે છે, ‘શૂટિંગ સેટ પર તેને જરાય ગભરાટ નથી થતો.



## શિલ્પા શિરોડકરનું 26 વર્ષે બોલિવુડમાં પુનરાગમન



મુંબઈ : શિલ્પા શિરોડકર ૨૬ વર્ષ પછી બોલિવુડમાં પુનરાગમન કરશે. ‘માલામાલ વીકલી ટુ’માં તેની પસંદગી થઈ છે. તે ફિલ્મમાં રવિના ટંડન તથા પરિણીતિ ચોપરા સાથે સ્ક્રીન શેર કરશે.

શિલ્પાની છેલ્લી ફિલ્મ ‘ગજગામિની ૨૦૦૦’ની સાલમાં આવી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન અમિત જોશી કરવાના છે. જેમની ૨૦૨૪માં આવેલી ફિલ્મ તેરી બાતોમાં ઐસા ઉલઝા જિયાને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

‘માલામાલ વીકલી ટુ’માં પણ ગામડિયાઓ મોટી રકમ મેળવવાની લાલચમાં કેટલી હદે જઈ શકે છે તેની જ કથા છે. જો કે આ ફિલ્મ પ્રથમ ફિલ્મની સિક્વલ નથી.

## મુંબઈ આવેલી પ્રિયંકા જોનાસ સિદ્ધિવિનાયકના દર્શને પહોંચી



મુંબઈ : પ્રિયંકા ચોપડા જોનાસે મુંબઈમાં તેની પિતરાઈ બહેન મન્નારા સાથે વિખ્યાત સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લઈ ગણપતિના દર્શન કર્યા હતા. આ પ્રસંગે પ્રિયંકાએ ગુલાબી સલવાર સૂટ અને વાદળી રંગનો દુપટ્ટો પહેર્યો હતો. જો કે, આ મુલાકાત દરમ્યાન તેની પુત્રી માલતી દેખાઈ નહોતી.

કડક સુરક્ષા વ્યવસ્થા સાથે પ્રિયંકાએ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કર્યો હતો. પ્રિયંકાની ઝલક મેળવવા માટે પ્રસંશકોએ ભીડ જમાવી હતી. પ્રિયંકાએ મંદિરની બહાર નીકળી ફોટોગ્રાફર્સ તથા તેના ચાહકોનું હાથ હલાવી અભિવાદન કર્યું હતું.એ પછી તે તેની કારમાં બેસી રવાના થઈ ગઈ હતી. પ્રિયંકા ભારતમાં જ્યાં શૂટિંગ કરવા જાય ત્યાં જાણીતા મંદિરોમાં દર્શન કરવા જાય છે. તાજેતરમાં પંજાબમાં એક ફિલ્મના શૂટિંગ દરમ્યાન પ્રિયંકાએ સુવર્ણ મંદિરની મુલાકાત લઈ ત્યાં વાસણ ધોવાની સેવા પણ કરી હતી. પ્રિયંકાએ અયોધ્યામાં તેના પતિ નીક જોનાસ અને પુત્રી માલતી સાથે રામમંદિરની પણ મુલાકાત લઈ તેના પરિવાર માટે આશીર્વાદ લીધા હતા.



## શ્રદ્ધા ફી લેવાને બદલે સહ નિર્માતા તરીકે હિસ્સો મેળવશે

### અશનીર ગ્રોવરની બાયોપિકમાં 20 કરોડની ફી કરતાં નફામાં વધુ હિસ્સો મળે તેમ છે


મુંબઈ : ‘ઈઠા’ ફિલ્મમાં પંદરકરોડ રૂપિયાની ફી મેળવનારી શ્રદ્ધા કપૂરે તેની આગામી ફિલ્મ અશનીર ગ્રોવરની બાયોપિકમાં ગ્રોવરની પત્ની મધુરી જૈનની ભૂમિકા ભજવવા માટે વીસ કરોડ રૂપિયાની ફીની ઓફર સ્વીકારવાને બદલે ફિલ્મની નિર્માત્રી તરીકે ઈન્ટેલક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ-આઈપીઆર-માં હિસ્સો મેળવી નફો રળવાનું પસંદ કર્યું હોવાનું મનાય છે. શ્રદ્ધાનો બોય ફ્રેન્ડ રાહુલ મોદી આ ફિલ્મનું ડિરેક્ટશન કરવાનો છે. ફિલ્મ સ્ટાર્સ અક્ષય કુમારે પણ ‘વેલકમ ટુ જંગલ’ ફિલ્મમાંથી આ રીતે ૩૫ કરોડ રૂપિયા કરતાં વધારે કમાણી કરી હોવાનું મનાય છે. અક્ષય કુમારે ૧.૮ કરોડ રૂપિયા જ ફી લીધી હતી પણ ફિલ્મમાં નિર્માતા તરીકે તેનો ૭૨ ટકા હિસ્સો હતો. સલમાન ખાને પણ આવી જ રીતે સોદો પાડી તેની આગામી ફિલ્મ માટે ૧૨૦ કરોડ રૂપિયાને બદલે ૭૦ કરોડ રૂપિયા ફી લીધી હોવાની અટકળો ચાલી હતી. જેને નિર્માતાઓએ નકારી કાઢી હતી.

### ‘કૂતરા’ અંગેના નિવેદનથી કંગના ભડકી

## ‘નસીરુદ્દીન શાહ શિયાળ છે, દેશનું ખાય છે ને પડોશીનું ગાય છે’

**નવીદિલ્હી** : દેશભરમાં હાલ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો માહોલ ચાલી રહ્યો છે. જંતર-મંતર બાદ આ પ્રદર્શન ઝારખંડ સુધી પહોંચી ગયા છે. ત્યાંના વિદ્યાર્થીઓ સાથે બોલિવૂડ કલાકાર પીયૂષ મિશ્રા પણ જોડાયા છે, જેમણે નસીરુદ્દીન શાહ પર કટાક્ષ કર્યો છે. સીનિયર એક્ટર નસીરુદ્દીન શાહે ‘કૂતરાના મોંમાં હાડકું’ જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હોવાથી તેઓ ચર્ચામાં આવ્યા છે.

પીયૂષ મિશ્રાએ નસીરુદ્દીન શાહ પર કટાક્ષ કર્યો હતો, જેની ખૂબ ચર્ચા થઈ રહી છે. તેમણે નસીરુદ્દીન શાહને પૂછ્યું છે કે એ કૂતરા કોણ છે, જેના મોંમાં હાડકું છે અને જેઓ JPSC પેપર લીક પર મૌન ધારણ કરીને બેઠા છે. નસીરુદ્દીન શાહે NEET પેપર લીક વખતે એવા એક્ટર્સ પર નિશાન સાધ્યું હતું, જેઓ વિદ્યાર્થીઓના આંદોલન પર ચૂપ હતા. તેમણે તે કલાકારો માટે કહ્યું હતું કે, ‘જે કૂતરાના મોંમાં હાડકું હોય છે, તેઓ બોલી શકતા નથી.’ આ વિવાદ પર કંગના રણૌતે નસીરુદ્દીન શાહ પર તીખો પ્રહાર કર્યો હતો. તેમણે પોતાના અંદાજમાં સીનિયર એક્ટરના આ નિવેદન સામે આકરો વિરોધ નોંધાવ્યો છે.





ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંગનાએ લખ્યું કે, ‘સાચું તો એ છે કે દરેક વ્યક્તિ કોઈને કોઈનો કૂતરો જ છે. પરંતુ મને એ વાતનો ગર્વ છે કે હું જે ઘર એટલે કે દેશનું ખાઉ છું, તેની રખવાળી પણ કરું છું અને તેના માટે લડું પણ છું. નસીર સાહેબ ખાય છે તો આ દેશનું, પણ લડે છે પડોશી દેશ માટે. આજના સમયમાં કોઈને કૂતરો કહેવો પણ એક રીતે તારીફ જ છે, કારણ કે વફાદારી અને માસૂમિયત હવે ખૂબ ઓછી જોવા મળે છે. તેથી હું નસીરુદ્દીન શાહ જેવા શિયાળ બનવા કરતાં કૂતરો કહેવડાવવાનું વધુ પસંદ કરીશ.’

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના સાંસદ કંગના રણૌત ‘Gen Z’ને ‘ગટર જનરેશન’ કહેવા બદલ કાનૂની સંકટમાં ફસાયા છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરતા યુવાનો સામેના તેમના નિવેદન બદલ આગ્રાની MP-MLA કોર્ટે અરજી સ્વીકારી છે. એડવોકેટ રમાશંકર શર્મા દ્વારા દાખલ કરાયેલી આ અરજી પર 21 ઓગસ્ટે સુનાવણી થશે. કંગનાએ સ્પષ્ટતા કરી કે તેમનો ઈરાદો બધા યુવાનો માટે ન હતો, પરંતુ વિવાદ ચાલુ છે.






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### કુદરતનું ધ્યાન નહીં રખાય તો હવે માણસજાતનું અસ્તિત્વ ખતરામાં આવી જશે

# વિશ્વમાં ક્લાઈમેટ ઈમરજન્સી : ચારે તરફ કુદરતનો કેર

પ્રાંસગિક
ધવલ શુક્લ

છેલ્લાં દોઢ બે વર્ષથી દુનિયાના વિવિધ દેશોમાં સતત કુદરતી આફતો આવી રહી છે. વરસાદ, વાવાઝોડા, ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર અને દાવાનળ જેવી સમસ્યાને કારણે અનેક દેશોને માથે આર્થિક સંકટ પણ આવી ગયું છે. આ વર્ષે યુરોપમાં ગરમીના કારણે તબાહી સર્જાઈ છે. ફ્રાન્સ, જર્મની, પોલેન્ડથી લઈને ઓસ્ટ્રેલિયાના સિડની સુધી ગરમીથી હાહાકાર મચી ગયો હતો. આજે પણ અનેક સ્થળે જંગલો સળગી રહ્યા છે અને દુષ્કાળનો ખતરો વધી ગયો છે. બીજી તરફ ચીન, જાપાન, તાઈવાનમાં વાવાઝોડાથી વ્યાપક નુકસાન થયું છે. તાજેતરમાં જ ચીનના શાંઘાઈમાં વરસાદે તબાહી મચાવી હોવાના દ્રશ્યો અસામાન્ય સ્થિતિનો પરિચય આપતા રહ્યા છે.



‘ડોલ્ફિન’ વાવાઝોડું ચીન પહોંચ્યા પછી શાંઘાઈમાં એટલો વરસાદ થયો છે જે છેલ્લાં દોઢસો વર્ષમાં ક્યારેય થયો ન હતો. હવે દુનિયામાં સર્જાયેલી આ વિષમ સ્થિતિ અંગે સૌએ વિચાર કરવાનો સમય આવી ગયો છે. યુરોપની ક્લાઈમેટ ચેન્જ સવસના જણાવ્યા અનુસાર, જુલાઈમાં મહાસાગરો અત્યાર સુધીના સૌથી ગરમ સ્તરે પહોંચી ગયા છે. આ દરમિયાન સમુદ્રની સપાટીનું તાપમાન ૨૦.૯૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, આ તાપમાને ૨૦૨૩માં બનેલો પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ અસહ્ય ગરમીએ યુરોપની હાલત ખરાબ કરી નાખી છે.

યુરોપની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, ધ્રુવીય વિસ્તારોને છોડીને દુનિયાના મહાસાગરોનું સરેરાશ સપાટીનું તાપમાન જુલાઈમાં ૨૦.૯૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાતુ રહ્યું હતુ. આ પહેલાં જૂન ૨૦૨૩માં સમુદ્રનું સૌથી વધુ સરેરાશ તાપમાન ૨૦.૮૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ખાસ વાત એ છે કે, ૨૦૨૬નો જુલાઈ મહિનો સંયુક્ત રીતે બીજો સૌથી ગરમ જુલાઈ મહિનો રહ્યો હતો. સમુદ્રનું તાપમાન વધુ વધવાને કારણે ‘અલ નીનો’ની સ્થિતિ સર્જાઈ છે. આ એક કુદરતી હવામાન પેટર્ન છે, જેમાં પેસેફિક મહાસાગરના એક મોટા હિસ્સાનું દરિયાઈ તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થઈ જાય છે.

આ જ અલ નીનોને કારણે પશ્ચિમી યુરોપ હાલમાં ભીષણ ગરમી અને દુષ્કાળનો બેવડો માર સહન કરવો પડી રહ્યો છે. જૂન અને જુલાઈ દરમિયાન પશ્ચિમી યુરોપનું સરેરાશ તાપમાન ૨૧.૬૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતુ. જે સામાન્ય સરેરાશ કરતાં અંદાજે ૩ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. પરિસ્થિતિ એ થઈ ગઈ હતી કે ફ્રાન્સ, સ્પેન, જર્મનીના કેટલાક ભાગો અને બ્રિટનમાં વરસાદ અને માટીનો ભેજ ખૂબ જ ઓછો રહ્યો હતો. ઘણાં વિસ્તારોમાં માટીનો ભેજ ૨૦૨૨માં આવેલા ગંભીર દુષ્કાળ કરતાં પણ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ગરમી અને દુષ્કાળની અસર માત્ર જમીન સુધી સીમિત નથી. યુરોપની મુખ્ય નદીઓમાં પણ પાણીનું સ્તર સામાન્ય કરતાં ઘણું નીચે પહોંચી ગયું છે. આ ઉપરાંત ગરમ અને સૂકી જમીન જંગલોમાં આગ લાગવા માટે ખૂબ જ અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરે છે. પશ્ચિમી યુરોપના જંગલોમાં ગયા મહિને મોટા પાયે આગની ઘટના નોંધાઈ હતી. નિષ્ણાતોના મતે આબોહવામાં સતત પરિવર્તનને કારણે દક્ષિણ યુરોપમાં આવી પરિસ્થિતિઓ વધુ ઝડપથી બગડી રહી છે, જે મોટી અને અત્યંત ખતરનાક જંગલની આગને સતત આગળ વધારે છે. સ્પેન અને ફ્રાન્સમાં જે અઠવાડિયાઓથી આગ લાગી છે, તેને સંપૂર્ણ કાબુ તો હજી કરી શકાઈ નથી. બીજી તરફ બ્રિટન પણ ગરમી અને દુષ્કાળની સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે. ચાલુ અઠવાડિયે બ્રિટનમાં વર્ષની પાંચમી હીટવેવ આવવાની આશંકા છે. ઈંગ્લેન્ડના મોટા ભાગને અને સમગ્ર વેલ્સને પહેલાથી જ દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવામાં આવ્યા છે. જો વરસાદ નહીં થાય તો બ્રિટનના વધુ વિસ્તારોમાં પણ દુષ્કાળ આવી શકે તેમ છે. બ્રિટનના હવામાન વિભાગના તાજા રિપોર્ટ સૌથી વધુ ચિંતા આ જ બાબતને લઈને વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર જે પ્રકારના હવામાનને પહેલા અસાધારણ કે અસહ્ય માનવામાં આવતું હતું, તે હવે ધીમે ધીમે સામાન્ય બનતું જઈ રહ્યું છે.

ક્લાઈમેટ ચેન્જની જે વિપરિત અસર થઈ છે, તેમાં હવા, જમીન જ નહીં, પાણીને પણ વ્યાપક નુકસાન થયું છે. દુનિયાભરમાં નદીઓને નુકસાન થયું છે અને થઈ રહ્યું છે. બીજી તરફ હવે સમુદ્રો પણ તેનો ભોગ બની રહ્યા છે. સમુદ્ર માત્ર પાણીનો વિશાળ ભંડાર નથી. તે પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરનારી સૌથી મોટી કુદરતી વ્યવસ્થાઓમાંથી એક છે. ખરેખર, મહાસાગરો ગ્રીનહાઉસ ગેસોના કારણે પેદા થતી વધારાની ગરમીનો મોટો ભાગ શોષી લે છે. પરંતુ જેમ જેમ સમુદ્ર ગરમ થાય છે, તેમ તેમ હવામાનને ગંભીર અસર થઈ રહી છે. સમુદ્રો ગરમ થવાને કારણે મરીન ઈકોસિસ્ટમને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. દરિયાઈ જીવોને અને કોરલ રીફને નકારાત્મક અસરો થઈ રહી છે. આ ઉપરાંત સમુદ્ર જ્યારે વધુ ગરમ થાય છે, ત્યારે ખતરનાક વાવાઝોડા બને છે, એટલે કે ક્યાંક ભયાનક વરસાદ થશે તો ક્યાંક દુષ્કાળ પડે છે. મહાસાગરોના અસાધારણ ગરમ થવા પાછળ અલ નીનો જેવી કુદરતી ઘટના અને માનવસર્જિત ગ્લોબલ વોર્મિંગ પણ મહત્વના કારણ છે. મધ્ય અને પૂર્વ પ્રશાંત મહાસાગરમાં દરિયાઈ પાણીનું ગરમ થવું તે ‘અલ નીનો’ તરીકે ઓળખાય છે. જ્યારે આ કુદરતી ઘટના ગ્લોબલ વોર્મિંગ સાથે ભળે છે, ત્યારે તેનાથી વૈશ્વિક હવામાન ચક્ર સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે. સમુદ્રમાં વારંવાર આવતી હીટવેવ્સને કારણે કોરલ રીફ્સ (પ્રવાળ ખડકો) નાશ પામી રહ્યા છે. જો કોરલ રીફ્સ નષ્ટ થશે, તો ૨૫% દરિયાઈ જીવોનું અસ્તિત્વ ખતરામાં મુકાશે.

જાણકારો માને છે કે, હવે કેટલીક બાબતે તાકીદે નક્કર અને મજબૂત પગલાં લેવાની જરૂર ઊભી થઈ છે. ખાસ કરીને કોલસો, પેટ્રોલ અને ડીઝલ જેવા અશ્મિભૂત બળતણનો વપરાશ તાત્કાલિક ઘટાડીને સૌર અને પવન ઊર્જા તરફ ઝડપથી વળવું પડશે. આ ઉપરાંત જંગલોનું રક્ષણ અને વ્યાપક વનીકરણ પણ કરવું પડશે. વૃક્ષો કાર્બન શોષક તરીકે કામ કરે છે. જંગલોનું નિકંદન અટકાવવું એ પ્રાથમિકતા હોવી જોઈએ.વિશ્વમાં વધારેમાં વધારે વૃક્ષારોપણ કરાય અને ગ્રીનબેલ્ટમાં વધારો થાય તો જ સ્થિતિ સુધારા તરફ જાય તેમ છે. તેનાથી હવા, પાણી અને જમીન ત્રણેયને સુરક્ષિત કરી શકાશે. દરિયાઈ પ્રદૂષણ અટકાવવું અને દરિયાઈ પારિસ્થિતિક તંત્રને પુનર્જીવિત કરવા વૈશ્વિક સ્તરે કડક નીતિઓ લાગુ કરવી પડશે.

વૈજ્ઞાનિકો કહે છે કે, વિશ્વનું સરેરાશ તાપમાન હવે ૧૯મી સદીના અંતની સરખામણીમાં લગભગ ૧.૪ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. આવનારા મહિનાઓમાં ‘અલ નીનો’ તાપમાનને હજુ વધુ ઉપર ધકેલી શકે છે. જો તેની અસર વ્યાપક થશે તો આગામી વર્ષે પણ આવી જ વિષમતાઓ અને વિસંગતતાઓના ભય હેઠળ જ પસાર કરવું પડશે. તાપમાનમાં આ જ દરે વધારો થતો રહ્યો, તો ૨૧મી સદીના અંત સુધીમાં દરિયાઈ સપાટીમાં ૦.૫ થી ૧ મીટર સુધીનો વધારો થઈ શકે છે, જેનાથી મુંબઈ, શાંઘાઈ, ન્યૂ યોર્ક અને લંડન જેવા મુખ્ય દરિયાકાંઠાના શહેરો જળમગ્ન થવાના આરે આવી જશે. જો ક્લાઈમેટ ચેન્જને કાબુ કરવાના સભાન પ્રયાસ નહીં કરાય તો ભવિષ્યમાં તેની ભયાનક અસરો માટે તૈયાર રહેવું પડશે.

**ફ્રાન્સ, જર્મની, પોલેન્ડથી સિડની સુધી ગરમીએ હાહાકાર મચાવી દીધો છે, ક્યાંક દુષ્કાળનો ખતરો તો ક્યાંક અતિવૃષ્ટિ છે, આ ઉપરાંત ગરમ થતો સમુદ્ર વાતાવરણમાં વધુ ભેજ અને ઊર્જા છોડે છે, જેના કારણે વાવાઝોડાં વિનાશક બનવાનો ખતરો વધ્યો છે**

# આધુનિક લુકનો સંગમ : વિવિધ પ્રકારની હિલ્સ





ફેશનની દુનિયામાં હાઈ હિલ્સ માત્ર એક ફૂટવેર નથી, પરંતુ તે આત્મવિશ્વાસ, ગ્રેસ અને પર્સનાલિટી ઉમેરવાનું કામ કરે છે. કોઈ પણ આઉટફિટ હોય વેસ્ટર્ન ડ્રેસ, ફોર્મલ શર્ટ-પેન્ટ કે પછી ટ્રેડિશનલ સાડી, યોગ્ય હાઈ હિલ્સની પસંદગી આખા લુકને બદલી શકે છે. આજના ફેશન યુગમાં યુવતીઓમાં `કમ્ફર્ટ પ્લસ સ્ટાઈલ'નો કન્સેપ્ટ વધી રહ્યો છે. ટ્રેન્ડમાં ચાલી રહેલી વિવિધ પ્રકારની હાઈ હિલ્સ વિશે જાણીએ.

## સ્ટિલેટોસ : ક્લાસિક - ગ્લેમરસ

સ્ટિલેટોસ એ હાઈ હિલ્સની દુનિયામાં સૌથી લોકપ્રિય અને ગ્લેમરસ પ્રકાર છે. આ હિલ્સ પાતળી અને અણીદાર હોય છે. પાર્ટીવેર, ઈવનિંગ ગાઉન અને નાઈટ-આઉટ માટે સાટિન અથવા શાઈની મેટેલિક લુકવાળા સ્ટિલેટોસ ડિમાન્ડમાં છે. બોડીકોન ડ્રેસ, પ્લીટેડ સ્કર્ટ કે સાડી સાથે સ્ટિલેટોસ એકદમ પરફેક્ટ અને રોયલ લુક આપે છે.

## બ્લોક હિલ્સ : કમ્ફર્ટ અને સ્ટાઈલ

જે યુવતીઓને પાતળી હિલ્સમાં ચાલવામાં અસ્વસ્થતા અનુભવાતી હોય, તેમના માટે બ્લોક હિલ્સ શ્રેષ્ઠ વિકલ્પ છે. તેની હિલ પહોળી અને ચોરસ હોય છે. પેસ્ટલ કલર્સ અને ટ્રાન્સપરન્ટ/ક્લિયર સ્ટ્રેપ્સવાળી બ્લોક હિલ્સ હાલમાં ખૂબ વાઈરલ થઈ રહી છે. જીન્સ, કુરતી, એ-લાઈન સ્કર્ટ કે ઓફિસવેર સાથે રોજિંદા ઉપયોગ માટે આ સૌથી આરામદાયક છે.

## પ્લેટફોર્મ હિલ્સ : બોલ્ડ - એલિવેટેડ

પ્લેટફોર્મ હિલ્સમાં માત્ર પાછળની હિલ જ નહીં, પરંતુ આગળના તળિયા પર પણ જાડું લેયર હોય છે. આ કારણે પગ પર બહુ દબાણ આવ્યા વગર સારી એવી હાઈટ મળે છે.

## મ્યુલ્સ-કિટન હિલ્સ : મિનિમલ-સોબર

મ્યુલ્સ પાછળથી ઓપન હોય છે અને આગળથી કવર્ડ કે સ્ટ્રેપી હોય છે. જ્યારે કિટન હિલ્સ નાની પાતળી હિલ હોય છે, જે સોબર લાગે છે. ઓફિસવેર અને ફોર્મલ મીટિંગ્સ માટે મ્યુલ્સ અને કિટન હિલ્સ હાલ ગ્લોબલ ફેશનમાં ટોપ પર છે.

## વેજિસ : કેઝ્યુઅલ વાઈબ્સ

વેજિસમાં સોલ આગળથી પાછળ સુધી એકસમાન જોડાયેલી હોય છે. આ હિલ્સ બોડીનું વજન સરખી રીતે વહેંચે છે, જેથી લાંબો સમય પહેરી રાખવામાં તકલીફ પડતી નથી. જૂટ ફિનિશવાળી વેજિસ સમરવેર માટે ફેવરિટ છે.

# આજના ટ્રેન્ડમાં એલિગન્ટ લુક આપતા અર્થ શેડ્સ માનુનીઓના હોટ ફેવરિટ



હવે ફેશનની દુનિયામાં માત્ર ભડકાઉ કે બ્રાઈટ રંગોનો જમાનો નથી રહ્યો. આજના ટ્રેન્ડમાં કમ્ફર્ટ અને સોબરનેસ લાવવા માટે યુવતીઓમાં `અર્થ શેડ્સ'સૌથી વધુ હોટ ફેવરિટ બની રહ્યા છે. પ્રકૃતિ અને જમીન સાથે જોડાયેલા આ કુદરતી રંગો માત્ર કપડાંમાં જ નહીં, પરંતુ મેકઅપ, નેઈલ આર્ટ અને એક્સેસરીઝમાં પણ ધૂમ મચાવી રહ્યા છે.

## અર્થ શેડ્સ શું છે?

અર્થ શેડ્સ એટલે એવા રંગો જે આપણને કુદરતમાં જોવા મળે છે, જેવા કે માટી, પર્વત, રેતી, વૃક્ષોનાં પાંદડાં અને સૂકા મસાલા. આ રંગો આંખોને ખૂબ શાંતિ આપે છે અને એકદમ ક્લાસી લુક આપે છે. મુખ્ય ટ્રેન્ડી અર્થ શેડ્સની વાત કરીએ તો એમાં બેજ અને ક્રીમ રેતી અને રણના રંગ જેવા આ હળવા શેડ્સ દરેક સ્કિન ટોન પર ખૂબ શોભે છે. પર્વતો અને વૃક્ષોનાં પાંદડાં જેવા આ લીલા રંગો કેઝ્યુઅલ અને એથનિક બંનેમાં સુપરહિટ છે. જેમાં ઓલિવ અને ગ્રીન રંગનો સમાવેશ થાય છે. પાકી માટી કે ઈંટ જેવા આ રંગો અત્યારે ખૂબ જ ટ્રેન્ડમાં છે, તેથી ટેરાકોટા અને બર્ન્ટ ઓરેન્જ રંગ હોટ ફેવરિટ છે.

ડાર્ક અને રિચ લુક માટે યુવતીઓ હવે બ્લેકની જગ્યાએ ચોકલેટ બ્રાઉન પસંદ કરી રહી છે. એમાં બ્રાઉન અને ચોકલેટ કલરનાં આઉટફિટ સૌથી વધારે ચાલે છે.

અર્થ શેડ્સનાં કપડાં પહેરવાથી મિનિમલ છતાં અત્યંત પ્રીમિયમ અને રિચ લુક મળે છે. આ રંગો બહુ ભડકાઉ નથી લાગતા, પણ ભીડમાં અલગ છાપ છોડે છે. અર્થ શેડ્સની સૌથી મોટી ખાસિયત એ છે કે તે એકબીજા સાથે ખૂબ સરળતાથી મેચ થઈ જાય છે. જેમ કે, બેજ કલરના પેન્ટ સાથે ઓલિવ ગ્રીન કે ટેરાકોટા ટોપ અદ્ભુત કોમ્બિનેશન બનાવે છે. ઓફિસવેર હોય, કોલેજનો કેઝ્યુઅલ લુક હોય કે પછી સાંજે મિત્રો સાથે આઉટિંગ અર્થ શેડ્સ દરેક જગ્યાએ સોબર અને પરફેક્ટ લાગે છે. બેજ કે મોચા બ્રાઉન કલરના કો-ઓર્ડ સેટ્સ, સેજ ગ્રીન કલરની ચિકનકારી કુર્તી કે ટેરાકોટા કલરના ઓવરસાઈઝ્ડ શર્ટ્સ અત્યારે લોકપ્રિય છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

# શ્રાવણમાં શિવકૃપા મેળવવા વિશેષ પૂજાવિધિ



### શ્રાવણ માસનું પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ

શિવપુરાણ, પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાં શ્રાવણ માસની મહિમાનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ મળે છે. શ્રાવણ માસ ભગવાન શિવને અત્યંત પ્રિય હોવા પાછળ એકથી વધુ પૌરાણિક કથાઓ અને સંકેતો જોડાયેલા છે. તેમાંથી સૌથી મુખ્ય છે સમુદ્ર મંથન અને સંસાર રક્ષક નીલકંઠની કથા.

આ કથા અનુસાર જ્યારે દેવો અને દાનવો દ્વારા અમૃત પ્રાપ્તિ માટે ક્ષીરસાગરનું મંથન કરવામાં આવ્યું, ત્યારે તેમાંથી 14 રત્નોની ઉત્પત્તિ થઈ હતી, પરંતુ અમૃત નીકળે તે પહેલાં સમુદ્રમાંથી `હલાહલ' નામનું અત્યંત ભયાનક અને વિષક્ત ઝેર બહાર આવ્યું. આ વિષની તીવ્રતા અને તાપ એટલા વધારે હતા કે સમસ્ત બ્રહ્માંડનાં પ્રાણીઓ અને વનસ્પતિઓ બળવા લાગ્યાં.

ત્રણેય લોકને મહાવિનાશથી બચાવવા માટે દેવો અને ઋષિ મુનિઓ ભગવાન શિવના શરણમાં ગયા. સંસારના કલ્યાણ અર્થે ભોળાનાથે તે વિષને પોતાની હથેળીમાં લઈને પી લીધું, પરંતુ આ વિષ જો પેટમાં જાય તો સૃષ્ટિને નુકસાન થાય, તેથી તેમણે વિષને પોતાના ગળામાં (કંઠમાં) જ રોકી રાખ્યું. વિષની અસરથી શિવજીનો કંઠ નીલો થઈ ગયો અને તેઓ `નીલકંઠ' કહેવાયા.

વિષના દાહ અને અગ્નિથી શિવજીના શરીરનું તાપમાન અત્યંત વધી ગયું હતું. આ તાપને શાંત કરવા માટે તમામ દેવતાઓએ, ગંગાજીએ અને દેવરાજ ઈન્દ્રે મુશળધાર વરસાદ વરસાવી શિવજી પર જળનો અભિષેક કર્યો. આ ઘટના શ્રાવણ માસ દરમિયાન બની હોવાનું મનાય છે. શિવજીના શરીરને શીતળતા પ્રદાન કરવા માટેની આ પ્રક્રિયાના પ્રતીક રૂપે આજે પણ શ્રાવણ માસમાં શિવલિંગ પર જળ, દૂધ અને ગંગાજળનો અભિષેક કરવાનો મહિમા છે.

### શ્રાવણ માસનું વૈજ્ઞાનિક મહત્ત્વ

આપણા ઋષિ મુનિઓ માત્ર ધાર્મિક જ નહોતા, પરંતુ મહાન વૈજ્ઞાનિકો અને ચિકિત્સકો પણ હતા. તેમણે ધર્મની સાથે આરોગ્યના નિયમોનું એવું સુંદર મિશ્રણ કર્યું છે કે સામાન્ય માનવી ધર્મના પાલન સાથે આપોઆપ સ્વસ્થ રહી શકે.

શ્રાવણ માસ ચોમાસાની ઋતુની મધ્યમાં આવે છે. આ સમયે વાદળછાયા વાતાવરણને કારણે સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં મળતો નથી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. આયુર્વેદ અનુસાર આ સ્થિતિમાં માનવ શરીરની જઠરાગ્નિ (પાચનશક્તિ) મંદ પડી જાય છે, તેથી જો આ દિવસોમાં ભારે કે પચવામાં કઠિન આહાર લેવામાં આવે તો પાચન સંબંધી ગંભીર રોગો થાય છે. શ્રાવણ માસમાં ઉપવાસ, એકટાણું કે હળવો સાત્ત્વિક આહાર લેવાનો નિયમ પાચનતંત્રને આરામ આપે છે અને શરીરને ડિટોક્સ (શુદ્ધ) કરે છે.

### શ્રાવણ માસમાં શાસ્ત્રોક્ત શિવપૂજન અને અભિષેક વિધિ

શ્રાવણ માસમાં શિવ આરાધનાનું ફળ અન્ય દિવસો કરતાં અનંત ગણું વધારે મળે છે. પૂજન માટે યોગ્ય વિધિ અને મનોભાવ અગત્યના છે.

### પૂજનસામગ્રી અને તેનું સંકેતાત્મક મહત્ત્વ

શિવપૂજામાં વપરાતી દરેક સામગ્રી પાછળ ઊંડો અર્થ રહેલો છે. શિવજીને બાહ્ય આડંબર પસંદ નથી, તેઓ માત્ર ભક્તિ અને ભાવના ભૂખ્યા છે.

- **બીલીપત્ર** : બીલીપત્રનાં ત્રણેય પાંદડાં સત્ત્વ, રજ અને તમ - એ ત્રણ ગુણોનું તથા શિવજીના ત્રિનેત્રનું પ્રતીક છે. બીલીપત્ર ચઢાવવાથી મનુષ્યના ત્રણેય જન્મોનાં પાપોનો નાશ થાય છે.
- **ભસ્મ** : શિવજી પોતાના અંગે ભસ્મ ચોળે છે. ભસ્મ આપણને યાદ અપાવે છે કે આ ભૌતિક શરીર ક્ષણભંગુર છે અને એક દિવસ રાખમાં મળી જવાનું છે.
- **જળ અને દૂધ** : વિષની ગરમીને શાંત કરવા માટે જળાભિષેક અને દુગ્ધાભિષેક કરવામાં આવે છે, જે સાધકના મનને પણ શાંતિ પ્રદાન કરે છે.
- **ધંતૂરો અને આંકડાનાં ફૂલ** : આ ઝેરી વનસ્પતિઓ દર્શાવે છે કે ઈશ્વર સમાજનાં ત્યજાયેલાં અને નકારાત્મક તત્ત્વોને પણ પોતાનામાં સમાવી લે છે.

### નિત્ય પૂજન ક્રમ

શ્રાવણ માસમાં સૂર્યોદય પહેલાં ઊઠીને સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો ધારણ કરી શિવમંદિરે જવું અથવા ઘરમાં માટીના શિવલિંગની સ્થાપના કરવી. શિવલિંગ પર સૌપ્રથમ જળ, ત્યારબાદ પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર) અને પુનઃ શુદ્ધ જળથી અભિષેક કરવો. ત્યારબાદ ચંદન, અક્ષત, બીલીપત્ર, આંકડાનાં ફૂલ અને ધંતૂરો અર્પણ કરવાં. પૂજન દરમિયાન સતત `ૐ નમઃ શિવાય` મંત્ર અથવા મહામૃત્યુંજય મંત્રનો સ્પષ્ટ ઉચ્ચારણ સાથે જાપ કરવો.

### પાર્થેશ્વર શિવલિંગનું મહત્ત્વ અને પૂજન

માટીમાંથી બનાવવામાં આવતા શિવલિંગને પાર્થેશ્વર શિવલિંગ કહેવામાં આવે છે. શિવપુરાણ અને કળિયુગની ઉપાસના પદ્ધતિમાં પાર્થેશ્વર શિવલિંગ પૂજનનું વિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. પાર્થેશ્વર શિવલિંગ બનાવવાની અને પૂજનની વિધિ આ પ્રમાણે છે.

- **માટીની પસંદગી** : કોઈ પણ પવિત્ર નદી, તળાવ, બીલીપત્રના વૃક્ષના મૂળની કે ગાયના ગોબર મિશ્રિત શુદ્ધ માટી લેવી. માટીમાં ગંગાજળ, ગાયનું દૂધ, માખણ કે ચંદન ભેળવીને તેને કણક(લોટ)ની જેમ બાંધી લેવી.
- **શિવલિંગ નિર્માણ** : ઉત્તર કે પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસવું. એક પવિત્ર થાળી કે પાટલા પર વેદી બનાવી તેના પર શિવલિંગ બનાવવું. શિવલિંગનો આકાર બહુ મોટો ન હોવો જોઈએ (અંગૂઠાના ઉપરના વેઢાથી મોટો ન રાખવો શ્રેષ્ઠ મનાય છે).
- **પ્રાણપ્રતિષ્ઠા અને આવાહન** : મંત્રજાપ વડે શિવજીને માટીના લિંગમાં બિરાજમાન થવા પ્રાર્થના કરવી.
- **ષોડશોપચાર પૂજન** : જેમ નિત્ય પૂજા કરીએ એ જ રીતે જળ, દૂધ, બીલીપત્ર, પુષ્પ, ચંદન અને અક્ષતથી વિધિવત્ પૂજન કરવું.
- **વિસર્જન** : પૂજા પૂર્ણ થયા બાદ તે જ દિવસે કે બીજા દિવસે સવારે શિવલિંગનું નદી, તળાવ અથવા ઘરમાં રહેલા કૂંડામાં ગંગાજળ છાંટીને સાદર વિસર્જન કરવું.

# પ્રભુ પ્રત્યેના પ્રેમનું અનેરું પર્વ : પવિત્ર એકાદશી

એકાદશી જેવું કોઈ ઉત્તમ વ્રત નથી. શ્રીકૃષ્ણે બારે માસની અગિયારસને ખૂબ જ મહત્ત્વ આપેલું છે. જેમાં પવિત્ર શ્રાવણ માસમાં આવતી પવિત્રાં એકાદશીનું અનેરું મહત્ત્વ છે, જે પુત્રદા એકાદશી તરીકે પણ ઓળખાય છે.

પુષ્ટિમાર્ગનો પ્રાગટ્ય દિવસ એટલે પવિત્રાં એકાદશી. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ ભારતવર્ષની ત્રણ વખત પરિક્રમા કરી હતી. પરિક્રમા દરમિયાન તેઓ વ્રજમાં પણ પધાર્યા હતા. વ્રજની યાત્રા દરમિયાન શ્રીગિરિરાજની કંદરામાં પોઢેલા ગોવર્ધનનાથજી- શ્રીનાથજી બાવાને પાટે પધરાવીને વલ્લભાચાર્યજીએ સૌપ્રથમ સૂતરનું બનાવેલું પવિત્રું ધારણ કરાવીને મિસરી ભોગ આરોગાવ્યો હતો. આ દિવ્ય પ્રસંગથી પવિત્રાં એકાદશીએ શ્રી ઠાકોરજીને પવિત્રાં ધરાવવાની પરંપરા જળવાઈ રહી છે. બીજો પ્રસંગ એવો છે કે શ્રીનાથજી બાવાએ મહાપ્રભુજીને શ્રાવણ સુદ દસમ એટલે પવિત્ર એકાદશીના આગળના દિવસની રાત્રિએ સ્વપ્નમાં આવી આજ્ઞા આપી કે, `વૈષ્ણવોને બ્રહ્મ સંબંધ કરાવીને સેવા ભાવનાની રીત પદ્ધતિની સમજ આપવી.' આજ્ઞા પ્રમાણે મહાપ્રભુજીએ કાર્ય શરૂ કરીને કર્તવ્યપાલન કર્યું. આથી આ દિવસને પવિત્રાં એકાદશી પણ કહે છે.

આ દિવસે ઠાકોરજીને બાળસ્વરૂપ માનીને એમના માટે વાઘા (પોશાક) પવિત્રાંના રૂપે અર્પણ કરવામાં આવે છે. લોકવાયકા અનુસાર વર્ષના 260 દિવસ હોઈ, સૂતરના 360 જેટલા તાર, રંગ, દોરાને ગૂંથીને પવિત્રાં બનાવીને આ દિવસે પવિત્રાં ધારણ કરાવવામાં આવે છે. 360 તારનું પવિત્રું એટલા માટે કે ઠાકોરજીને 360 દિવસના વાઘા ધારણ કરાવવામાં આવ્યા એમ મનાય. બીજી લોકવાયકા અનુસાર જ્યારે દ્રૌપદીજીનું વસ્ત્રહરણ કરવામાં આવ્યું ત્યારે તેમની રક્ષા કોઈ જ ન કરી શક્યા ત્યારે દ્રૌપદીજીએ બે હાથ જોડીને ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરતાં દ્રૌપદીજીની લાજ રાખી શ્રીકૃષ્ણે ચીર પૂર્યાં હતાં, તેના સંદર્ભમાં પણ ઠાકોરજીને પવિત્રાં ધારણ કરાવવાની પ્રથા ચાલુ થઈ હતી, કારણ કે આ તો પ્રભુ પ્રત્યેનો ભાવપ્રવાહ છે. માટે જ આની ઓળખ પણ અલગ છે. પ્રભુને વર્ષના 360 દિવસના ત્રણસો સાઠ પોશાક અર્પણ કરવાની મહાન ભાવના સાથે સંકળાયેલી છે. આ દિવસે પોતાના ઈષ્ટદેવને પણ ભાવિક ભક્તો પવિત્રાં પોશાકના રૂપમાં ધારણ કરાવવામાં આવે છે. પવિત્રાં સૂતરના તારના રંગીન કે સફેદ બનાવવામાં આવે છે. સૂતરના એટલા માટે બનાવવામાં આવે છે કે જેવી રીતે દાભ પવિત્ર ગણવામાં આવે છે એ રીતે સૂતર પણ પવિત્ર ગણાય છે. વૈષ્ણવ હવેલીઓ તથા વૈષ્ણવ સંપ્રદાયનાં મંદિરોમાં અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધીના સમયગાળા દરમિયાન ફળ, ફૂલ, શાકભાજી, સૂકા મેવા, રાખડી વગેરે પ્રકારની સામગ્રીના કલાત્મક હિંડોળા બનાવીને ઠાકોરજીને હિંડોળે ઝુલાવવામાં આવે છે. આ દિવ્ય હિંડોળા ઉત્સવોમાં પણ ઠાકોરજીને પવિત્રાં ધારણ કરાવવામાં આવે છે.

વળી, આ દિવસ પુત્રદા એકાદશી તરીકે પણ ઓળખાય છે. જેમને સંતાન ન હોય તેમણે વિધિપૂર્વક પુત્રદા એકાદશીના વ્રતનું અનુષ્ઠાન કરવાથી મનવાંછિત ફળ પ્રાપ્ત થાય છે. આ માટે અનન્ય શ્રદ્ધા હોય તો સોનામાં સુગંધ ભળે એવી રીતે યજ્ઞ કરાવનાર દંપતીના અંતરમનમાં ઉત્તમ પુત્ર જન્મશે એવો પૂર્ણ વિશ્વાસ રાખવો જરૂરી છે. આ યજ્ઞનો પ્રસંગ રામાયણમાં છે. મહર્ષિ વશિષ્ઠના માર્ગદર્શન હેઠળ શૃંગી ઋષિના આચાર્યપદે શ્રી દશરથ રાજાએ પુત્રદા કામેષ્ઠિ યજ્ઞ કરાવ્યો હતો. ફળસ્વરૂપે દશરથ રાજાના ઘરે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન જેવા ધર્મિષ્ઠ અને પરાક્રમી પુત્રરત્ન થયા હતા. આમ, પવિત્રાં એકાદશી અને પુત્રદા એકાદશીનો મહિમા અપરંપાર છે.

# રાશિ અનુસાર શિવલિંગ અભિષેક અને વિશેષ ઉપાય

જ્યોતિષશાસ્ત્ર મુજબ શ્રાવણ માસમાં ગ્રહદોષ નિવારણ માટે રાશિ અનુસાર અભિષેક કરવો અત્યંત ફળદાયી ગણાય છે.

**મેષ** : આ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિના જાતકોએ શિવલિંગ પર જળમાં લાલ ચંદન, ગુલાબનું ફૂલ કેગોળ મિશ્રિત કરી અભિષેક કરવો જોઈએ. તેનાથી ક્રોધ પર નિયંત્રણ આવે છે અને કારકિર્દીમાં સફળતા મળે છે.

**વૃષભ:** આ જાતકોનો સ્વામી શુક્ર છે. તેમણે કાચું દૂધ, દહીં અને સુગંધિત અત્તરથી શિવજીનો અભિષેક કરવો. ત્યારબાદ સફેદ ચંદન લગાવીને સફેદ ફૂલ ચઢાવવાથી આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

**મિથુન** : મિથુન રાશિનો સ્વામી બુધ છે. આ જાતકોએ શેરડીના રસથી અથવા પાણીમાં દૂર્વા ઉમેરીને અભિષેક કરવો. બીલીપત્ર પર ચંદન લગાવીને ચઢાવવાથી બુદ્ધિ અને વેપારમાં વૃદ્ધિ થાય છે.

**કર્ક:** કર્ક રાશિનો સ્વામી ચંદ્ર છે. તેમણે ગંગાજળ મિશ્રિત કાચા દૂધમાં મધ ઉમેરીને અભિષેક કરવો. શિવજીને અક્ષત (અખંડ ચોખા) અને માખણ અર્પણ કરવાથી માનસિક તણાવ દૂર થાય છે.

**સિંહ** : આ રાશિનો સ્વામી સૂર્ય છે. આ રાશિના લોકોએ જળમાં ગુલાબની પાંખડીઓ, કેસર કે લાલ ચંદન ઉમેરીને જળાભિષેક કરવો. આદિત્યહૃદય સ્તોત્ર અને શિવ પંચાક્ષર મંત્રનો જાપ કરવાથી સમાજમાં માન-પ્રતિષ્ઠા વધે છે.

**કન્યા** : કન્યા રાશિનો સ્વામી બુધ છે. તેમણે શિવલિંગ પર દૂર્વા, ભાંગનાં પાન અથવા લીલા ફળનો રસ અર્પણ કરવો. શિવ સહસ્ત્રનામનો પાઠ કરવાથી જૂના રોગોમાંથી મુક્તિ મળે છે.

**તુલા:** તુલા રાશિનો સ્વામી શુક્ર છે. આ જાતકોએ ગાયના શુદ્ધ ઘી, દહીં કે ખાંડ (સાકર) મિશ્રિત દૂધથી અભિષેક કરવો. શિવજીને સફેદ કમળ અથવા સફેદ ચમેલીના ફૂલ ચઢાવવાથી દાંપત્યજીવનમાં મધુરતા આવે છે.

**વૃશ્ચિક** : વૃશ્ચિક રાશિનો સ્વામી મંગળ છે. તેમણે શુદ્ધ મધ અથવા પંચામૃતથી શિવજીનો અભિષેક કરવો. લાલ કરેણનું ફૂલ ચઢાવી ૐ નાગેશ્વરાય નમઃનો જાપ કરવાથી શત્રુભય અને દેવામાંથી મુક્તિ મળે છે.

**ધન** : આ રાશિનો સ્વામી બૃહસ્પતિ (ગુરુ) છે. આ લોકોએ જળ કે દૂધમાં હળદર અથવા કેસર ઉમેરીને અભિષેક કરવો. શિવજીને ચણાની દાળ અને પીળા ફૂલ અર્પણ કરવાથી ભાગ્યોદય થાય છે.

**મકર રાશિ** : મકરનો સ્વામી શનિ છે. તેમણે ગંગાજળમાં કાળા તલ ઉમેરીને શિવલિંગ પર અભિષેક કરવો. આ ઉપરાંત સરસવના તેલથી અભિષેક કરવાથી શનિની સાડાસાતી અને હૈયાની પીડામાંથી રાહત મળે છે.

**કુંભ:** આરાશિનો સ્વામી પણ શનિ છે. આ જાતકોએ નાળિયેરના પાણીથી અથવા શુદ્ધ જળમાં કાળા તલ અને શમીનાં પાન ઉમેરીને અભિષેક કરવો. શિવ પંચાક્ષર સ્તોત્રનો પાઠ કરવાથી અટકેલાં કાર્યો પૂર્ણ થાય છે.

**મીન** : મીન રાશિનો સ્વામી ગુરુ છે. તેમણે કેસરિયુંદૂધ, પીળા ફૂલ અને તુલસીપત્ર (શિવલિંગની ચરણપાદુકા પાસે) અર્પણ કરવાં. ૐ ઈશાનાય નમઃનો જાપ કરવાથી આધ્યાત્મિક અને ભૌતિક ક્ષેત્રે ઉન્નતિ થાય છે.

# ડીસામાં ૫૪૨ કરોડના ખર્ચે બનશે "ડેઝર્ટ ઝૂ"

## "ડેઝર્ટ થીમ' ઝૂઓલોજિકલ પાર્ક" આધારિત ડિઝાઇન કરેલા "ડ્રાઇવ થ્રુ નાઇટ સફારી'ને ઝઢછ તરફથી મંજૂરી

**ડીસા**

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ટૂંક સમયમાં એશિયાની પ્રથમ ડેઝર્ટ-થીમ (રણ-આધારિત) નાઈટ સફારી અને ઝૂનું નિર્માણ થશે. આ ઝૂમાં લગભગ ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ પ્રાણીઓનો વસવાટ હશે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી તરફથી મંજૂરી મળ્યા બાદ એશિયાના પ્રથમ ડેઝર્ટ-થીમ વાળા ડ્રાઈવ-થ્રુ નાઈટ સફારી અને ઝૂઓલોજિકલ પાર્કના નિર્માણનો માર્ગ સાફ થઈ ગયો છે. આ પ્રોજેક્ટ જૂના ડીસામાં લગભગ ૧૦૩ હેક્ટર સરકારી જમીન પર વિકસાવવામાં આવશે. ગુજરાતના વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ પ્રોજેક્ટની માહિતી આપતા જણાવ્યું કે, આ યોજનાને ઝઢછ ની માર્ગદર્શિકા (ગાઈડલાઈન્સ) હેઠળ તૈયાર કરવામાં આવી છે અને તેનો અંદાજિત ખર્ચ રૂ. ૫૪૨.૧૪ કરોડ છે. રાજ્ય સરકારની યોજના મુજબ આ પાર્કમાં લગભગ ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ દેશી અને વિદેશી પ્રાણીઓ તેમજ પક્ષીઓને રાખવામાં આવશે. આ ૫ આર્કનું સૌથી મોટું આકર્ષણ આંતરરાષ્ટ્રીય ધોરણો ધરાવતી નાઈટ સફારી હશે, જ્યાં પ્રવાસીઓ રાત્રિ દરમિયાન સક્રિય રહેતા વન્યજીવોને નજીકથી જોઈ શકશે.

આ યોજનામાં અલગ ડે ઝૂ (દિવસ માટેનું ઝૂ) સાથે નાઈટ સફારી માટે પાંચ વિશેષ પાંજરાં બનાવવામાં આવશે. ગુજરાતના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (વાઈલ્ડલાઈફ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન ડૉ. જયપાલ સિંહે જણાવ્યું કે સમગ્ર પાર્કની ડિઝાઈનમાં રણની પરિસ્થિતીકીય પ્રણાલી (ઈકોસિસ્ટમ)નું ધ્યાન રાખવામાં આવ્યું છે. પાર્કમાં ચિંકારા, કાળિયાર (બ્લેકબુક), ભારતીય જંગલી ગધેડો (ઘુડખર), એશિયાટીક સિંહ અને દીપડા જેવી મુખ્ય પ્રજાતિઓ હશે. આ ઉપરાંત ભારતીય સાબરમતી શાહુડી (ઈન્ડિયન પોર્ક્યુપાઈન), ભારતીય સસલું, શેળો (હેજહોગ), રણનું સસલું, -સ્લોથ બિયર (રીંછ), ઈન્ડિયન ક્યારાકલ (હેણોતરો), ભારતીય વરુ, શિયાળ, ઝરખ અને ભારતીય રણની લૂમડી પણ આ-કર્ષણનું કેન્દ્ર બનશે.


ક્લાસીફાઈડ
Classified

STUDENTS PART TIME OR FULL TIME REQUIRED
For Warehouse Associate
For Further Information And Applications Direct Interested Candidates To Contact Us At
Tradetechnocrats@Gmail.Com


## અમદાવાદમાં રોગચાળાનો ભરડો

અમદાવાદ: અમદાવાદમાં ભારે વરસાદ બાદ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોમાં નોંધપાત્ર વધારો થયો છે. 1 થી 9 ઓગસ્ટ સુધીમાં ઝાડા-ઉલ્ટીના 113, ટાઈફોઈડના 46 અને કમળાના 17 કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય રોગોની વાત કરીએ તો, સાદા મેલેરિયાના 13 કેસ, ફાલ્સીપેરમ મેલેરિયાનો 1, ડેન્ગ્યુના 19 અને ચિકનગુનિયાનો 1 કેસ નોંધાયો હતો.

# ધારાસભ્યોના ફ્લેટમાં જાળી અને પડદા પાછળ અઢી કરોડનું આંધણ

**અમદાવાદ**

ગુજરાતમાં પ્રજાના ટેક્સના પૈસે લક્ઝુરિયસ સુવિધાઓ ભોગવવામાં નેતાઓ જરાય તક છોડતા નથી. સામાન્ય જનતા મોંઘવારીમાં પીસાઈ રહી છે, ત્યારે જનતાના સેવક હોવાનો દાવો કરતા ધારાસભ્યોને કરોડોના ખર્ચે આલિશાન ફ્લેટ અપાયા છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, આ 'કથિત રાજાઓ'ને કરોડોની કિંમતના ફ્લેટ્સ પણ વૈભવ ઓછો પડી રહ્યા છે. એટલે જ નવી-નવી સુવિધાઓની માંગણીઓનો કોઈ અંત આવી રહ્યો નથી! આ લક્ઝુરિયસ ફ્લેટમાં અઢી કરોડના ખર્ચે હવે જાળી અને સ્પેશિયલ પડદા નાંખવામાં આવશે. લક્ઝુરિયસ ફ્લેટ અપાયા પછી પણ ધારાસભ્યોની માંગણી યથાવત રહી છે. હવે આ ફ્લેટ્સની ગેલેરી અને બારીઓમાંથી કબૂતર અંદર ન આવી જાય તે માટે સામાન્ય જાળી નહીં, પણ દેખાય નહીં તેવી મોંઘી 'ઈન્વિઝિબલ ગ્રીલ' લગાવવામાં આવશે. આટલું ઓછું હોય તેમ, રસોડા અને રૂમોમાં ગરમી રોકે અને આગ પ્રતિરોધક હોય તેવા હેવી-ડ્યૂટી 'મેન્યુઅલ રોલર બ્લાઈન્ડ બ્લેકઆઉટ કર્ટન' પણ પ્રજાના ખર્ચે નખાશે. આ મોંઘીદાટ સુવિધાઓ ઉપરાંત ધારાસભ્યોના ફ્લેટ્સમાં આધુનિક સુ-રેક (શૂઝ સ્ટેન્ડ), ફેન્સી મિરર (અરીસા) અને લેટર બોક્સ, નવા લક્ઝુરિયસ ડોર લોક હેન્ડલ જેવી નાની-મોટી તમામ સુવિધાઓ પૂરી પાડવા માટે નક્કી કરાયું છે.

# શિકાગોમાં ગુજરાતી પતિએ દીકરીના બહાને બોલાવી પત્નીનું ગળું કાપ્યું, ભારત ભાગે એ પહેલાં જ દબોચાયો

## અંકુર અને મહિલા લગ્ન થયાના થોડા સમયમાં જ છુટા પડ્યા હતા

**મહેસાણા**

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વતનીએ શિકાગોમાં 5 વર્ષની પુત્રીને મળવવાના બહાને પોતાની પત્નીને બોલાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે બાદ આરોપી ભારત આવવાના ફિરાકમાં હતો અને એરપોર્ટ પર જ તેને દબોચી લેવામાં આવ્યો હતો.



મળતી માહિતી પ્રમાણે, 31 વર્ષીય અંકુર પટેલ મહેસાણાના કડી તાલુકાનો વતની છે. થોડા વર્ષો પહેલા તેના એક મહિલા સાથે લગ્ન થયા હતા. જેમનાથી તેમને 5 વર્ષની પુત્રી પણ છે. લગ્નના થોડા મહિના બાદ બંને વચ્ચે કંઈ અણબનાવ બનતા મહિલા મે મહિનામાં મહિલા અંકુરને છોડીને તેમની સાથે જ અગાઉ કામ કરતા એક યુવક જોડે સંબંધમાં રહેવા લાગી હતી.

પરિવારના દબાણ હેઠળ મહિલાએ જુલાઈમાં પટેલ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો અને થોડા સમય માટે તેની સાથે વિસ્કોન્સિનમાં રહેવા પણ ગઈ હતી, પરંતુ થોડા જ સમયમાં તે ફરી અલગ રહેવા લાગી અને તેમની પુત્રી અંકુર પાસે જ રહી. ત્યારબાદ અંકુરે ફોન પર મહિલાને અને તેના નવા સાથીદારને મારી નાખવાની ધમકીઓ આપી હતી અને પુત્રી સાથે વાત કરવાની પણ મનાઈ કરી દીધી હતી.

# મેરી રૂહ પહલે મર ગઈ હે, પતિએ તરછોડતા સગીરાએ વીડિયો બનાવી જિંદગીનો અંત આણ્યો

## 17 વર્ષની સગીરાએ પતિના ત્રાસ અને તરછોડાવાના કારણે જીવન ટૂંકાવી લીધું

**અમદાવાદ**

નારોલમાં રહેતી સગીરાને આણંદના ફરદીન શેખ નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. બંને પરિવાર-1ની સંમતિથી છ મહિના અગાઉ જ તેમના લગ્ન કરાવવામાં આવ્યા હતા. લગ્ન બાદ સગીરા પતિ સાથે આણંદમાં રહેતી હતી. પરંતુ લગ્નના થોડા જ સમયમાં દંપતી વચ્ચે અણબનાવ અને રકઝક શરૂ થઈ ગઈ હતી. ગત ૩ ઓગસ્ટના રોજ પતિ ફરદીને કોઈ કારણોસર સગીરાને ઘરમાંથી કાઢી મૂકી હતી, જેથી તે નારોલમાં પોતાના પિતાના ઘરે આવીને રહેતી હતી.

સાસરેથી કાઢી મૂકાયા બાદ સગીરા સતત માનસિક તાણ અને દુઃખમાં રહેતી હતી. ૧૦ ઓગસ્ટના રોજ ઘરે માતા સાથે હાજર સગીરા પોતાના લગ્નનો આલ્બમ જોઈને ખૂબ રડી રહી હતી. તેણે પતિ ફરદીનને ફોન કરીને કરગરી હતી કે, "તું જે રીતે કહીશ એ રીતે હું રહીશ, બસ મને પાછી આવવા દે." પરંતુ નિર્દય પતિએ તેને સાથે રાખવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. પતિના ઈનકાર બાદ ભાંગી પડેલી સગીરા સવારે ૧૧ વાગ્યા આસપાસ મને ગભરામણ થાય છે, બહાર જઈને આવું છું તેમ કહીને ઘરેથી નીકળી ગઈ હતી.

ત્યાંથી તે સીધી સાબરમતી રિવરફ્રન્ટ પહોંચી હતી. નદી કિનારે ઉભા રહીને તેણે એક દર્દનાક વીડિયો રેકોર્ડ કર્યો હતો, જેમાં તેણે પતિને ઉદ્દેશીને કહ્યું હતું કે "મેરી રૂહ તો પહલે હી મર ગઈ થી, આજ શરીર માર રહી હું..." આ વીડિયો પોતાની બહેનને મોકલ્યા બાદ તરત જ સગીરાએ સાબરમતી નદીના ઊંડા પાણીમાં પડી જિંદગીનો અંત આણ્યો હતો.

# અકસ્માત સર્જીને લૂંટ ચલાવતી ગેંગ, કાલુપુર કેસમાં બે ઝડપાયા

**અમદાવાદ**

અમદાવાદના કાલુપુરમાં ગઈકાલે રવિવારે વહેલી સવારે એક ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારીને 2,39,000 રૂપિયાની રોકડ રકમની લૂંટની ઘટના સામે આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ લૂંટ કરનાર બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે અને તેઓની પાસેથી લૂંટની રોકડ રકમ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગત ૯ ઓગસ્ટના રોજ સવારે 6:15 વાગ્યે કાલુપુર ઘી કાંટા ચાર રસ્તા, બુટગલી પાસે ફરિયાદી પોતાનું ટુ-વ્હીલર લઈને પસાર થઈ રહ્યા હતા. આ સમયે આરોપીઓએ પોતાનું ટુ-વ્હીલર જાણી જોઈને ફરિયાદીના વાહન સાથે અથડાવીને તેમને નીચે પાડી દીધા હતા. ત્યારબાદ ફરિયાદી પાસેથી રોકડ રકમ ભરેલી થેલી ઝૂંટવીને તેઓ ફરાર થઈ ગયા હતા.

ચોક્કસ બાતમીના આધારે LCB ઝોન-3 પોલીસે 10 ઓગસ્ટના રોજ આરોપી મોહમદ શાહરુખ ઉર્ફે કેલા અંસારી અને જાફર ઉસ્માનભાઈ શેખ (બંને રહે. રખિયાલ)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા 2,39,000 રૂપિયા, બે મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલ વાહન સહિત કુલ 3,05,000 રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

# ગુજરાતમાં સારા વરસાદથી જળાશયો છલકાયા, નર્મદા ડેમ 82 ટકા ભરાયો

**અમદાવાદ**

રાજ્યમાં સિઝનનો સરેરાશ 70.60 ટકા વરસાદ પડ્યો છે. કચ્છમાં 29.05 ટકા, ઉત્તર ગુજરાતમાં 51.65 ટકા, પૂર્વ મધ્યમાં 68.10 ટકા, સૌરાષ્ટ્રમાં 54.76 ટકા, દક્ષિણ ગુજરાતમાં 97.36 ટકા વરસાદ નોંધાયો છે. હાલ રાજ્યમાં 25 ડેમ 100 ટકા ભરાયેલા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં 82 ટકાથી વધુ સંગ્રહ છે.

સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો 82.81 ટકા ભરાયેલો છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં 64.08 ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં 29 ડેમ 70 થી 100 ટકા વચ્ચે, 34 ડેમ 50 થી 70 ટકા વચ્ચે, 47 ડેમ 25 થી 50 ટકા વચ્ચે ભરાયેલા છે. જ્યારે 71 ડેમમાં 25 ટકાથી પણ ઓછો જળ સંગ્રહ છે. રાજ્યમાં 5 ડેમ એલર્ટ રાખવામાં આવ્યા છે ને 10 ડેમ વોર્નિંગ પર છે.

# વડોદરામાં ન્યુડ વિડિયો કોલિંગનું નેટવર્ક

## યુવતીઓ એક ઓનલાઇન પ્લેટફોર્મ પર જોડાતી હતી અને તેમની માંગ મુજબ આપત્તિજનક હરકતો કરતી હતી

**વડોદરા**

વડોદરામાં પોલીસ એક એવા ફ્લેટ સુધી પહોંચી, જ્યાં બહારથી બધું બિલકુલ સામાન્ય દેખાતું હતું. પરંતુ અંદર ઓનલાઈન ન્યૂડ વિડિયો કોલનો ધંધો ચાલી રહ્યો હતો. ગ્રાહકો ઓનલાઈન આવતા, પૈસા રિચાર્જ કરાવતા અને પછી વિડિયો કોલ પર યુવતીઓ દેખાતી હતી. જેટલી વાર કોલ ચાલતો, એટલા વધારે કોઈન્સ ખર્ચાતા હતા. પોલીસે આ મામલે મનીષ પઢિયાર નામના યુવકની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મનીષે આશરે ૧૧ લાખ રૂપિયામાં ફ્લેટ ખરીદ્યો હતો અને ત્યાંથી જ આ આખું નેટવર્ક ચાલી



રહ્યું હતું. આ મામલો વડોદરાના માંજલપુર વિસ્તારના પ્રકૃતિ ફ્લેટ્સનો છે. ૧૧ ઓગસ્ટે માંજલપુર પોલીસને બાતમી મળી હતી કે એક રહેણાંક ફ્લેટમાં કેટલીક યુવતીઓને રાખીને ઓનલાઈન આપત્તિજનક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે. પોલીસે તપાસ કરી તો ઓનલાઈન વિડિયો કોલિંગનું નેટવર્ક સામે આવ્યું. આરોપ છે કે યુવતીઓ એક ઓનલાઈન પ્લેટફોર્મ પર ગ્રાહકો સાથે જોડાતી હતી અને તેમની માંગ મુજબ આપત્તિજનક હરકતો કરતી હતી. આ આખા નેટવર્કમાં જીઝિરકં નામના પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગ્રાહકો પહેલા એકાઉન્ટમાં પૈસા જમા કરાવતા હતા. તેના બદલામાં તેમને કોઈન્સ મળતા હતા. ત્યારબાદ વિડિયો કોલ શરૂ થતો હતો. કોલ જેટલો લાંબો ચાલે, ગ્રાહકના એકાઉન્ટમાંથી એટલા વધારે કોઈન્સ કપાતા જતા હતા.

# કેનેડાએ ચાલુ વર્ષે છ મહિનામાં 3,323 ભારતીયોને ડિપોટ કર્યા

## કેનેડાની બોર્ડર સર્વિસીઝ એજન્સી દ્વારા ડેટા જારી કરાયા : હજુ 7669 લોકો સામે લટકતી તલવાર

ટોરન્ટો : કેનેડાએ 2026ના પ્રથમ છ મહિનામાં 3,323 ભારતીયોને ડિપોર્ટ કર્યા છે. આમ ભારતીયોને પરત મોકલવામાં તેણે છેલ્લા છ વર્ષનો રેકોર્ડ વટાવી દીધો હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. કેનેડા બોર્ડર સર્વિસીઝ એજન્સી (સીબીએસએ)ના ડેટા મુજબ ચાલુ વર્ષે ડિપોર્ટ કરાયેલા ભારતીયોની સંખ્યા 2025ના આખા વર્ષમાં ડિપોર્ટ કરાયેલા 3,779 ભારતીયોના 88 ટકાએ પહોંચી ચૂકી છે. આ ડેટા એવા સમયે આવ્યો છે જ્યારે કેનેડા ઈમિગ્રેશન સિસ્ટમને મજબૂત બનાવી રહ્યુ છે અને કામચલાઉ રહેવાસીઓની સંખ્યા ઘટાડી રહ્યુ છે. તેમા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને કામચલાઉ વિદેશી કામદારોનો સમાવેશ થાય છે. કેનેડા મહદ અંશે ભારતીયોને ડિપોર્ટ કરે છે, તેનું કારણ તેઓના દ્વારા ઈમિગ્રેશનના નિયમોનું ન કરાતું પાલન છે, આ ઉપરાંત તે ભારતીયોના આશ્રયના કે નિરાશ્રિતના દાવા નકારે છે, તેની સાથે વિઝા ઓવરસ્ટેઝ અને વિઝા ફ્રોડ સ્કેમમાં



પણ ભારતીયો હોવાથી તેમને પરત મોકલે છે.

2026ના પ્રથમ છ ભાગમાં ડિપોર્ટ કરવામાં આવેલા ભારતીયો ટોચ પર છે તો છેલ્લા પાંચ વર્ષમાં થયેલા સરેરાશ ડિપોર્ટેશનમાં મેક્સિકો ટોચ પર આવે છે અને ભારતીયો બીજા નંબરે આવે છે. આ પહેલા ભારતીયોએ 2020માં ટોપ કર્યુ હતુ, જ્યારે 1,424 ભારતીયોને કેનેડામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. 2021માં 603, 2022માં 786, 2023માં 1,1332 અને 2024માં 2004 ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હોવાનું સીબીએસએના આંકડા જણાવે છે. સીબીએસએ ડિપોર્ટેશન માટેના કારણો દર્શાવતો ડેટાબેઝ અલગ રાખ્યો છે,પરંતુ તેની પાસે કન્ટ્રીવાઈઝ બ્રેકઅપ નથી. ભારતીયોએ કેનેડાની રીમૂવલ ઈન્વેન્ટરીમાં પણ ટોચ પર છે, હજી પણ 7,669 લોકો ડિપોર્ટેશનની રાહમાં હોવાનું સીબીએસએના આંકડાએ જણાવ્યું છે. કેનેડાએ રિમૂવલ ઓર્ડર માટે ત્રણ બ્રોડ કેટેગરી રચી છે. આ ડિપાર્ચર ઓર્ડર મુજબ આદેશ મળ્યાના 30 દિવસની અંદર વ્યક્તિએ સ્વૈચ્છિક ધોરણે કેનેડા છોડી દેવુ જરુરી હશે, જો તે નહીં કરે તો તેનો ડિપોર્ટેશન ઓર્ડર નીકળશે.

# અમેરિકનો પ્રત્યે કેનેડિયનોમાં ફરી અસંતોષ વધ્યો : 48 ટકા લોકોનો 'પ્રતિકૂળ' દ્રષ્ટિકોણ

## અમેરિકા સાથે સાવધાનીપૂર્વક વ્યવહાર કરવા શાસકોને નાગરિકોની સલાહ

**ઓટ્ટાવા**

એંગસ રીડ ઈન્સ્ટિટ્યૂટના તાજેતરના ડેટા અનુસાર અમેરિકા અને કેનેડા વચ્ચેના પરંપરાગત સંબંધોમાં મોટો તિરાડ જોવા મળી રહી છે. અમેરિકનો કેનેડિયનો પ્રત્યે "અતિશય સકારાત્મક" દૃષ્ટિકોણ ધરાવતા હોવા છતાં સરહદની ઉત્તરે સ્થિત કેનેડિયન નાગરિકોમાં સમાન લાગણી જોવા મળતી નથી.

સર્વે અનુસાર 79 ટકા અમેરિકનો કેનેડિયનોને અનુકૂળ રીતે જુએ છે, જ્યારે તેની સામે 48 ટકા કેનેડિયનો અમેરિકનો પ્રત્યે "પ્રતિકૂળ" (અનફેવરેબલ) દૃષ્ટિકોણ ધરાવે છે. આ આંકડો સકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતા 45 ટકા કેનેડિયનો કરતાં વધુ છે.

રાજકીય દ્રષ્ટિએ 78 ટકા અમેરિકનો કેનેડાને મૂલ્યવાન ભાગીદાર ગણાવે છે. જ્યારે 65 ટકા કેનેડિયનોનું માનવું છે કે, અમેરિકા સાથે સાવધાનીપૂર્વક અથવા તેને સંભવિત ખતરો માનીને જ વ્યવહાર કરવો જોઈએ.

બંને દેશો વચ્ચે તાજેતરમાં રાજકીય તણાવમાં ભારે વધારો થયો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાસ વેગાસમાં પોતાના ભાષણ દરમિયાન કેનેડા અને તેના નેતૃત્વને પાંચ વખત "બીભત્સ" કહીને સંબોધ્યા હતા. જેના જવાબમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ હાઉસિંગ પોલિસી પરની ન્યૂઝ કોન્ફરન્સમાં ટેલિપ્રોમ્પ્ટર ખરાબ થતાં કટાક્ષમાં કહ્યું હતું કે, "હું આને કાવતરું માનતો નથી." ઉલ્લેખનીય છે કે, વ્હાઈટ હાઉસે કેનેડિયન આયાત પર 50 ટકા વધારાનો ટેરિફ લાદતાં આર્થિક વિવાદ વધુ ઘેરો બન્યો છે.

# વીરપુરમાં કાચા મકાનની દીવાલ તૂટી પડતાં બે માસૂમ બાળકોના કરૂણ મોત

## દીવાલની બાજુમાં રમી રહેલા 3 વર્ષીય અને 2 વર્ષીય બે બાળકો કાટમાળ નીચે દબાયા

**મહીસાગર**

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખાટા ગામે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

અહીં કાચા મકાનની દીવાલ એકાએક ધરાશાયી થતાં તેના નીચે દટાઈ જવાથી બે માસૂમ બાળકોના ઘટનાસ્થળે જ નીપજ્યા છે.

વીરપુરના ખાટા ગામે આવેલા એક કાચા મકાનની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. દીવાલની બાજુમાં રમી રહેલા ૩ વર્ષીય અને ૨ વર્ષીય બે માસૂમ બાળકો આ કાટમાળ નીચે દટાઈ ગયા હતા. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ભારે "જહેમત બાદ બંને બાળકોને દીવાલના કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે બંને બાળકોના પ્રાણપંખેરૂ ઊડી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ વીરપુર પોલીસ સહિત સ્થાનિક વહીવટી તંત્રનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બંને માસૂમ બાળકોના મૃતદેહોને કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ૧૦૮ ડમરુના નાદ સાથે મહેસાણાના વડનગરમાં શ્રાવણોત્સવનો પ્રારંભ

**મહેસાણા**

વડનગરના આંગણે શ્રાવણોત્સવની ધામધૂમથી શરુઆત થઈ હતી. ૧૦૮ ડમરુના નાદ સાથે વડનગરમાં શ્રાવણોત્સવનો પ્રારંભ થયો હતો.'ડમરુ યાત્રા' આકર્ષણનું કેન્દ્ર બની હતી. રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ તેમાં જોડાયા હતા.

વહેલી સવારે ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનો અનોખો ત્રિવેણી સંગમ રચાયો હતો. ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'વડનગર શ્રાવણોત્સવ'નો આજે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવના કિનારેથી મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મહોત્સવનું વિધિવત ઉદ્ઘાટન કરી વડનગરની ધરતીને સાંસ્કૃતિક ચેતનાથી તરબતર કરી હતી. આ અવસરે તેમણે મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય 'ડમરુ યાત્રા'નું પોતે ડમરુ વગાડીને પ્રસ્થાન કરાવ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણમાં એક દિવ્ય ઉર્જાનો સંચાર થયો હતો.

વડનગરની ગરિમા અને શિવભક્તિની પરંપરાને અનુરૂપ આ ડમરુ યાત્રામાં કુલ ૧૦૮ નિષ્ણાત કલાકારો દ્વારા એકસાથે ડમરુ વાદન કરવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં અઢી વર્ષમાં નિયમોના ભંગ બદલ 3000 ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ

**અમદાવાદ**

રાજ્યમાં અઢી વર્ષમાં 3000 ડ્રાઈવિંગ લાઈસન્સ વિવિધ કારણોસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી વિગત પ્રમાણે, ટ્રાફિક પોલીસની ભલામણના આધારે આરટીઓ દ્વારા અકસ્માતમાં સંકળાયેલા વાહનચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. અમદાવાદ આરટીઓ દ્વારા છેલ્લા અઢી વર્ષમાં 2976 વાહન ચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે. જેમાં ગંભીર અકસ્માત ઉપરાંત ઓવરસ્પીડિંગ અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવા મુખ્ય કારણો છે. પોલીસની ભલામણના આધારે આરટીઓ સંબંધિત ડ્રાઈવરોના લાઈસન્સ ચોક્કસ સમયગાળા માટે સસ્પેન્ડ કરે છે. સુભાષબ્રિજ RTO ખાતે 2024માં 2,220 ડ્રાઈવિંગ લાઈસન્સ, 2025માં 467 અને આ વર્ષે ઓગસ્ટ સુધીમાં 289 લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, કુલ મળીને 2,976 ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે જીવલેણ અકસ્માતો સાથે સંકળાયેલા મોટાભાગના કિસ્સાઓમાં ગુનો કરનાર વાહનચાલકનું ડ્રાઈવિંગ લાઈસન્સ ત્રણથી છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

ઉપરાંત સૂત્રોએ જણાવ્યું, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં 289 વાહનચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ વિવિધ કારણોસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે, 2024માં 2,220 વાહનચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ કર્યા હતા. તે સમયે, ટ્રાફિક પોલીસે જેમની સામે ત્રણ ટ્રાફિક નિયમભંગના કેસ નોંધાયેલા હતા તેવા વાહનચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવા માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. જેના પરિણામે 2024માં 2,220 લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં રેગિંગની ફરિયાદ છેલ્લા ચાર વર્ષમાં દોઢગણી વધી: કોંગ્રેસ

**સુરત**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રવક્તા ડૉ પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન યુજીસીની વેબસાઈટ મુજબ ૧૦૫ રેગિંગની ફરિયાદ થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધીમાં ફરિયાદ દોઢ ગણી કરતા વધારે થઈ ગઈ છે. યુજીસીની વેબસાઈટ મુજબ છેલ્લા ૪ વર્ષમાં ૮૬ ફરિયાદ થઈ છે. પાટણની ધારપુર કોલેજના વિદ્યાર્થીનો રેગિંગના પાપે જીવ ગુમાવવો પડ્યો હતો. છેલ્લા ચાર વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ ગુજરાતની મેડિકલ કોલેજમાં નોંધાઈ છે. ગુજરાતની કુલ રેગિંગની ફરિયાદ પૈકી ૨૬% થી વધુ ફરિયાદ માત્ર મેડિકલ કોલેજમાં મળી આવી છે.

# કોમનવેલ્થ ગેમ્સનું એક જ પ્લેટફોર્મથી થશે મોનિટરિંગ

## દરખાસ્તને ઇ-ગવર્નન્સ, ઇલેક્ટ્રિકલ અને મટિરિયલ ખરીદીની કમિટીમાં મંજૂરી અપાઇ

**અમદાવાદ**

આગામી વર્ષોમાં અમદાવાદમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી મોટી આંતરરાષ્ટ્રીય રમતોત્સવની તૈયારીઓ વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેકનોલોજી આધારિત મોનિટરિંગ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. કોમનવેલ્થ દરમિયાન શહેરમાં વિવિધ સરકારી તથા અન્ય એજન્સીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીનું એક જ સ્થળેથી મોનિટરિંગ અને સંકલન થઈ શકે તે માટે ડેશબોર્ડ તૈયાર કરવાની દરખાસ્તને ઇ-ગવર્નન્સ, ઇલેક્ટ્રિકલ અને મટિરિયલ ખરીદીની કમિટીમાં મંજૂરી આપવામાં આવી છે. આ ડેશબોર્ડ માટે 9.40 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. કોમનવેલ્થ દરમિયાન દેશ-વિદેશમાંથી ખેલાડીઓ, પ્રતિનિધિઓ અને મુલાકાતીઓ અમદાવાદ આવશે. તેમની સુવિધા, મોબિલિટી અને વિવિધ સ્થળોની વ્યવસ્થા સહિતની કામગીરી માટે અલગ-અલગ એજન્સીઓ તથા વોલન્ટિયર્સ કાર્યરત રહેશે. આ તમામની કામગીરીની સ્થિતિ એક જ પ્લેટફોર્મ પરથી જાણી શકાય અને જરૂરી સંકલન થઈ શકે તે માટે આખી સિસ્ટમ વિકસાવવામાં આવશે. કોમનવેલ્થ માટે 'અમદાવાદ ઈન્ટિગ્રેટેડ સ્પોર્ટ્સ ઓપરેશન સેન્ટર' (AISOC) અને 'વોલન્ટિયર મેનેજમેન્ટ સિસ્ટમ' (VMS) તૈયાર કરવામાં આવશે. આ બંને વ્યવસ્થાને આવરી લેતું ડેશબોર્ડ તૈયાર કરવા માટે મેસર્સ એનકોડ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડને અંદાજે 9.40 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત મંજૂર કરાઈ છે. આ ડેશબોર્ડ મારફતે વોલન્ટિયર્સની કામગીરી, મોબિલિટી અને અન્ય સવલતોનું મોનિટરિંગ કરાશે.

# હિમાચલમાં વરસાદથી રૂ. ૯૧૧ કરોડનું નુકસાન, 313 રસ્તા બંધ

## ભારે વરસાદને કારણે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ, કઠુઆ અને પુલવામા જિલ્લામાં પૂર, ભૂસ્ખલન અને પાણી ભરાયા

**નવી દિલ્હી**

દેશના અનેક રાજ્યોમાં સતત વરસી રહેલા વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. હિમાચલ પ્રદેશ અને ઓડિશાથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી કુદરતી હોનારતના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ક્યાંક ભૂસ્ખલનના કારણે માર્ગો ધોવાઈ ગયા છે, તો ક્યાંક મુખ્ય રસ્તાઓ બંધ થતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. હવામાન વિભાગે આગામી 18 ઓગસ્ટ સુધી ભારે વરસાદની ચેતવણી આપતાં વહીવટીતંત્ર સતર્ક બન્યું છે.

ઉત્તર ભારતના પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશમાં સતત પડી રહેલા વરસાદે સ્થિતિ અત્યંત ગંભીર બનાવી દીધી છે. હિમાચલ પ્રદેશમાં



રાજ્યમાં ભૂસ્ખલનને કારણે 313 રસ્તાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. જેમાં સૌથી વધુ મંડી જિલ્લામાં 117 રસ્તા, ચંબામાં 74, કુલ્લુમાં 60, શિમલામાં 36 અને સિરમૌરમાં 13 રસ્તાઓ અવરોધાયા છે.

મળતી માહિતી મુજબ વરસાદના કારણે 65 પેયજળ યોજનાઓ અને 112 વીજ ટ્રાન્સફોર્મર ઠપ્પ થઈ જતાં અનેક ગામડાઓ અંધારપટમાં ડૂબી ગયા છે. સરકારી આંકડા પ્રમાણે 30 જૂનથી અત્યાર સુધીમાં હવામાન સંબંધિત હોનારતમાં 75 લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે, જ્યારે રૂપિયા 911 કરોડથી વધુની સંપત્તિનું નુકસાન થયું હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

બંગાળની ખાડી પર ઓછા દબાણવાળા ક્ષેત્રને કારણે ઓડિશામાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગુરુવારે સવારે બાલાસોર અને ભદ્રક માટે ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે જાજપુર, કેન્દ્રપાડા, જગતસિંહપુર, કટક, અંગુલ, કેઓંઝર, મયુરભંજ અને ધેંકનાલમાં ખૂબ જ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભારે વરસાદને કારણે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ, કઠુઆ અને પુલવામા જિલ્લામાં પૂર, ભૂસ્ખલન અને પાણી ભરાઈ ગયા છે. કિશ્તવાડમાં રસ્તાનો એક ભાગ ધોવાઈ જવાથી ગુલાબગઢ-માચૈલ માર્ગ પ્રભાવિત થયો છે. કઠુઆમાં, બાની-બાસોહલી રોડ પર ટિકરી બેન્ડ ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો હતો. પુલવામાના અવંતીપોરા વિસ્તારમાં પાણી ભરાઈ જવાને કારણે શ્રીનગર-અનંતનાગ રૂટ પર ટ્રાફિક બંધ કરવો પડ્યો હતો. ઉત્તરાખંડમાં, વરસાદ અને ભૂસ્ખલનને કારણે 7 ઓગસ્ટથી મદમહેશ્વર યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.

# ઘાટકોપરમાં મધરાતે કાળ ત્રાટક્યો! ભેખડ ધસતાં 6ના મૃત્યુ, મૃતકોના પરિવારને આર્થિક સહાયની જાહેરાત

## 4 લોકો ગંભીર રીતે ઘાયલ : પોલીસ, એનડીઆરએફ અને પાલિકા દ્વારા બચાવ કાર્ય હાથ ધરાયું

**મુંબઈ**

ઘાટકોપર-કુરલા રોડ નજીક આવેલા અશોક નગર સ્થિત 'ગૌશિયા ચાલ' પર બુધવારે વહેલી સવારે આશરે 3.48 વાગ્યાના સુમારે અચાનક પહાડમાંથી ભેખડ ધસી પડી હતી. આ હોનારતમાં ચાલના અનેક ઘરો કાટમાળ નીચે દબાઈ જતાં અત્યાર સુધીમાં ૬ લોકોના કરુણ મોત થયા છે, જ્યારે 4 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બીજી તરફ પાલિકા અધિકારી ગજાનન જેતાપકરના જણાવ્યા મુજબ, ચોમાસું શરૂ થાય તે પહેલાં જ પહાડી ઢોળાવ પર



આવેલા આ ઘરોને જોખમી ઘોષિત કરીને નોટિસ આપવામાં આવી હતી. તંત્ર દ્વારા હવે આસપાસના અન્ય લોકોને પણ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે.

પોલીસ, એનડીઆરએફ, મુંબઈ ફાયર બ્રિગેડ અને મુંબઈ મહાનગર પાલિકાની ટીમોએ સ્થળ પર પહોંચીને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. રાજાવાડી હોસ્પિટલમાંથી મળતી અધિકૃત માહિતી અનુસાર, મલબામાંથી બહાર કાઢવામાં આવેલા ૬ લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે. મૃતકોના પરિવારજનોને રૂ. ૪-૪ લાખની આર્થિક સહાય અને ઘાયલોના મફત ઈલાજ માટે રૂ. 50,000ની મદદ આપવાની જાહેરાત કરી છે.

# અમેરિકામાં ગૌતમ અદાણીને રાહત, ગૌતમ-સાગર પરના ફ્રોડ કેસ કાયમ માટે રદ

**નવી દિલ્હી**

અમેરિકાની ફેડરલ કોર્ટે અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી અને ભત્રીજા સાગર અદાણીને મોટી રાહત આપી છે. ન્યૂયોર્કની ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ નિકોલસ ગરૌફિસે સિક્યુરિટીઝ ફ્રોડ, વાયર-ફ્રોડ સહિતના તમામ ફોજદારી આરોપો વિથ પ્રિજ્યુડિસ રદ કર્યા છે, એટલે હવે આ જ ગુના હેઠળ ફરી કેસ નહીં થાય. ન્યાય વિભાગે નિયમ 48(એ) હેઠળ અપીલ કરી હતી, જે કોર્ટે માન્ય રાખી. 10 ઓગસ્ટના 47 પાનાના આદેશમાં અદાણી ગ્રીનના પૂર્વ સીઈઓ વિનીત જૈનને પણ મુક્તિ મળી. અદાણીએ ચુકાદાને આવકાર્યો અને જૂથ પરના બે વર્ષના કાનૂની જોખમનો અંત આવ્યો છે. જોકે, રંજિત ગુપ્તા, સિરિલ કાબેન્સ સહિત પાંચ સહ-આરોપીઓ પરનો ચુકાદો હાલ અનામત છે.

# કોંગ્રેસ અધ્યક્ષ ખરગેની રેલી પૂર્ણ થતાં રામલીલા મેદાનનું શુદ્ધિકરણ કરાયું, ભાજપ પર આરોપ

## મલ્લિકાર્જુન ખડગે દલિત હોવાથી ભાજપે નાટક કર્યા હોવાના કોંગ્રેસના આક્ષેપો

**નૈનીતાલ**

ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં આવેલા હલ્દવાનીના પ્રસિદ્ધ રામલીલા મેદાનમાં 8 ઓગસ્ટે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની એક વિશાળ રેલી યોજાઈ હતી. જોકે, રેલી બાદ આ મેદાનમાં યોજાયેલા 'શુદ્ધિકરણ' યજ્ઞને લઈને હવે ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે. કોંગ્રેસે આ ઘટનાને મલ્લિકાર્જુન ખડગેના દલિત હોવા સાથે જોડીને ભાજપ સરકાર પર દલિત વિરોધી



હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. બીજી તરફ, ભાજપે સ્પષ્ટતા કરી છે કે યજ્ઞ કરનાર સંસ્થા સાથે પાર્ટીને કોઈ લેવાદેવા નથી અને આ એક ખાનગી સંગઠનનો કાર્યક્રમ હતો. મલ્લિકાર્જુન ખડગેની જનસભા બાદ કરાયેલા 'શુદ્ધિકરણ'ને લઈને કોંગ્રેસે ભાજપ સામે મોરચો માંડ્યો છે. કોંગ્રેસના અનુસૂચિત જાતિ વિભાગના જિલ્લા પ્રમુખ ઈન્દ્રપાલ આર્યના નેતૃત્વમાં કાર્યકર્તાઓએ બુધવારે બુદ્ધ પાર્કમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કોંગ્રેસનો આરોપ છે કે ખડગે દલિત નેતા હોવાના કારણે જ રામલીલા મેદાનનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું છે. આ માત્ર ખડગેનું જ નહીં, પરંતુ સમગ્ર અનુસૂચિત જાતિ સમાજના સન્માન, સ્વાભિમાન અને ગરિમાનું અપમાન છે.

# લદ્દાખમાં ભારે ભૂકંપ : 5.5ની તીવ્રતાથી ધરા ધ્રૂજી, પાલઘરમાં પણ આંચકા આવ્યા

**લદાખ**

લદાખના લેહ વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સવારે 6:05 વાગ્યે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.5 નોંધાઈ છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પૃથ્વીની અંદર મુખ્યત્વે 7 ટેક્ટોનિક પ્લેટો આવેલી છે, જે સતત ફરતી રહે છે. આ પ્લેટો જે વિસ્તારોમાં વધુ અથડાય છે, તેને 'ફોલ્ટ લાઈન ઝોન' કહેવામાં આવે છે. વારંવાર અથડાવાના કારણે આ પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે દબાણ (પ્રેશર) વધવા લાગે છે ત્યારે પ્લેટો તૂટવા લાગે છે.

પ્લેટો તૂટવાને કારણે અંદરથી ઊર્જા (એનર્જી) બહાર નીકળવાનો રસ્તો શોધે છે અને આ જ હલચલના કારણે ભૂકંપ આવે છે. આ પહેલા મહારાષ્ટ્રના પાલઘરમાં પણ સોમવારે રાત્રે એક કલાકના ગાળામાં ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. બંને આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.4 માપવામાં આવી હતી. પ્રથમ આંચકો રાત્રે 10:04 વાગ્યે અને બીજો આંચકો રાત્રે 11:00 વાગ્યે આવ્યો હતો. જેના કારણે ગભરાયેલા લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા.

# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું 80% કામ પૂર્ણ, 15 ઓગસ્ટ 2027થી શરૂ થશે પહેલો તબક્કો

**નવી દિલ્હી**

ભારતની પ્રથમ બુલેટ ટ્રેનની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે X પર વીડિયો શેર કરી જણાવ્યું કે 508 કિમી લાંબા મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ કોરિડોરનું 80% કામ પૂર્ણ થયું છે. ગુજરાતના નવસારી પાસે વીજળીકરણનું મહત્વપૂર્ણ કામ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યાં એન્જિનિયરો સિસ્ટમ ફિટ કરી રહ્યા છે. પ્રથમ તબક્કો સુરત-બિલિમોરા વચ્ચે 15 ઓગસ્ટ 2027થી શરૂ થશે, જે જાપાની શિંકાન્સેન ટેક્નોલોજીથી 320 કિમી ઝડપે બે કલાકમાં મુસાફરી કરાવશે. ત્યારબાદ તબક્કાવાર વાપી, અમદાવાદ અને મુંબઈ સુધી સેવા વિસ્તરશે, જેથી મુસાફરીનો સમય લગભગ બે કલાક થઈ જશે.

### પરપ્પના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં પણ કાળી કરતૂત

# પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાના ફોનમાંથી ૯૦થી વધુ બિભત્સ વીડિયો મળી આવ્યા

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની બેંગલુરુની પરપ્પના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં બંધ પૂર્વ સાંસદના સેલમાંથી મોબાઈલ ફોન મળી આવ્યા બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ મામલે એક મોટો ખુલાસો સામે આવ્યો છે કે જેલમાંથી જપ્ત કરાયેલા ફોનમાંથી ૯૦થી વધુ અશ્લીલ વીડિયો ડાઉનલોડ કરેલા મળી આવ્યા છે. સેન્ટ્રલ ક્રાઈમ બ્રાંચની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે પ્રજ્વલ રેવન્ના પાસે રહેલા ફોનમાં 80 થી ૧૦ કરતા વધુ અશ્લીલ વીડિયો ડાઉનલોડ થયેલા હતા, જેમાંથી મોટાભાગના ભારતીય કન્ટેન્ટ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. વીડિયો ઉપરાંત તપાસ અધિકારીઓને ફોનમાંથી મહિલાઓની વાંધાજનક તસવીરોના અખબારી કટિંગ્સ પણ ડિજિટલ સ્ટોર કરેલા મળ્યા હતા. પોલીસ હવે એ શોધવાનો પ્રયાસ કરી રહી છે કે આ સામગ્રી ક્યારે ડાઉનલોડ કરવામાં આવી હતી અને ફોનનો ઉપયોગ કઈ રીતે થઈ રહ્યો હતો. તપાસ એજન્સીઓ માટે એ બાબત અત્યંત ગંભીર છે કે આ મોબાઈલ ફોન જેલની અંદર વાપરવામાં આવી રહ્યો હતો.

# ભારતીય નૌકાદળને 18,000 કરોડના ખર્ચે અત્યાધુનિક ડ્રોન ખરીદવા આરએફઆઈને મંજૂરી

**નવી દિલ્હી**

સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળના જહાજોને લોન્ચ થનારા લોઈટરિંગ મ્યુનિશન એટલે કે કામીકાજ ડ્રોનથી સજ્જ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે ૧૮,૦૦૦ કરોડના આરએફઆઈને મંજૂરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત બ્રહ્મોસની નવી આવૃત્તિ પડે પણ નૌકાદળને સજ્જ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આમ નૌકાદળ અત્યાધુનિક ડ્રોન અને મિસાઈલ બંનેથી ૨૦૩૦ સુધીમાં સજ્જ થશે. નૌકાદળના જણાવ્યા મુજબ આ કામિકેજ ડ્રોન યુદ્ધજહાજમાંથી છોડી શકાશે. તે સમુદ્રની અંદરના અને જમીન પર એમ બંને લક્ષ્યાંકો પર હુમલા કરી શકશે. આ સિસ્ટમની લઘુત્તમ રેન્જ ૧,૦૦૦ કિ.મી.ની હશે.

# ગાંજા કૌભાંડ બાદ તમામ પાઈલટ્સનું ફરજિયાત સ્ક્રીનીંગ કરવા માટે એર ઈન્ડિયાનો કડક આદેશ

## પ્રતિબંધિત પદાર્થો અને દવાઓ અંગે પણ પૂરતી વધુ ચોક્સાઇ રાખવા માટે કવાયત

**નવી દિલ્હી**

ગાંજા કૌભાંડ બાદ એર ઇન્ડિયાએ તમામ પાઇલટ્સનું ફરજિયાત સ્ક્રીનીંગ કરવાનો આદેશ આપ્યો છે. નિયમોમાં પ્રતિબંધિત પદાર્થો અને દવાઓ માટે પરીક્ષણ જરૂરી છે. એર ઇન્ડિયાનો દાવો છે કે તાલીમ પછી અને ફ્લાઇટ્સ પછી પાઇલટ્સનું સ્ક્રીનીંગ કરવામાં આવશે. સ્ક્રીનીંગ ગુરુગ્રામ એકેડેમી, ફ્લાઇટ બ્રીફિંગ સેન્ટર અને બેઝ સ્થાનો પર થશે. એર ઇન્ડિયા અનુસાર, DGCAના નિયમો યુરોપિયન અને અમેરિકન ધોરણો જેવા જ છે.




એર ઇન્ડિયા કહે છે કે તે પહેલાથી જ બધા DGCA નિયમોનું પાલન કરે છે, પરંતુ હવે DGCAના સલામતી માર્ગદર્શિકાથી આગળ વધીને સલામતી માટે બધા પાઇલટ્સનું સ્ક્રીનીંગ કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું હતું કે આ પગલું મુસાફરોની સલામતી અને એર ઇન્ડિયામાં જાહેર વિશ્વાસ જાળવવાનો છે.

4 ઓગસ્ટના રોજ, દિલ્હી-ફુકેટ ફ્લાઇટ AI2379માં ટર્બ્યુલન્સનો સામનો કરવો પડ્યો. સૂત્રોએ જણાવ્યું હતું કે ફુકેટથી દિલ્હી પરત ફરતી વખતે વિમાન અચાનક લગભગ 300 ફૂટ નીચે ઉતરી ગયું અને પાઇલટ કોકપીટ ફ્લોર પર પડેલો મળી આવ્યો હતો. આ ઘટનામાં 15થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# લાઠીચાર્જ બદલ અમિત શાહ માફી માગે, ટૂંક સમયમાં જંતર મંતર પાર્ટ-2 : અભિજિત દિપકે

**નવી દિલ્હી**

દિલ્હીના જંતર મંતર પર લાંબા સમય સુધી આંદોલન ચલાવી ચુકેલી કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું હતું કે જંતર મંતર પાર્ટ-૨ ટૂંક સમયમાં આવશે. એટલે કે દિલ્હીના જંતર મંતર પર ફરી આંદોલન શરૂ કરવામાં આવશે. દિપકેએ કહ્યું હતું કે લોકો ઈન્સ્ટાગ્રામ પર પૂછી રહ્યા છે કે જંતર મંતર સીઝન-૨ ક્યારે શરૂ થશે, હું તેમને જણાવવા માગું છું કે ટૂંક સમયમાં જંતર મંતર પાર્ટ-૨ શરૂ થવા જઈ રહ્યું છે.૨૦મી જુલાઈએ યુવાનો પર લાઠીચાર્જ માટે અમિત શાહ જવાબદાર છે, જો તેઓ માફી નહીં માગે તો ફરી આંદોલન શરૂ થશે. બુધવારે દીપકે અને તેમની ટીમના સભ્યો દ્વારા દિલ્હીમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રોકડ કૌભાંડ હાઈકોર્ટના જસ્ટિસ વર્મા સામે આરોપો સાબિત થયા

## ઘરમાંથી મોટી માત્રામાં બિનહિસાબી રોકડ મળી આવી

**નવી દિલ્હી**

સંસદીય તપાસ સમિતિએ જસ્ટિસ યશવંત વર્મા સામેના ત્રણેય આરોપોને માન્ય રાખ્યા છે. આ મામલો 2025માં જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાં રોકડ મળી આવવા સાથે સંબંધિત છે. પેનલનો રિપોર્ટ બુધવાર 12 ઓગસ્ટના રોજ લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર સ્ટોરરૂમમાંથી 500ની નોંધપાત્ર માત્રામાં નોટો મળી આવી હતી. જોકે જસ્ટિસ વર્મા રોકડના સ્ત્રોત તેની માલિકી અથવા ત્યાં તેની હાજરીનું કારણ અંગે સંતોષકારક સ્પષ્ટતા આપી શક્યા ન હતા. જસ્ટિસ વર્માએ આ વર્ષના એપ્રિલમાં હાઈકોર્ટના જજ તરીકેના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તપાસ સમિતિને જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાં 500 ની નોટોના બંડલ અને આંશિક રીતે બળી ગયેલી નોટો મળી આવી હતી. તપાસ દરમિયાન ફાયર સર્વિસ અને પોલીસ કર્મચારીઓએ જણાવ્યું હતું કે નોટો એક જ જગ્યાએ મર્યાદિત ન હતી પરંતુ સ્ટોરરૂમના વિશાળ વિસ્તારમાં ફેલાયેલી હતી.

# મણિપુરમાં ગેરકાયદે હથિયારો સામે એક્શન 1,422 હથિયાર અને 1,137 વિસ્ફોટકો જપ્ત

## ગેરકાયદે હથિયારોની રિકવરી કરી, માળખાકીય વ્યવસ્થાને નષ્ટ કરાયાનો દાવો

**ઈમ્ફાલ**

મણિપુરમાં ગેરકાયદે હથિયારો અને હિંસક પ્રવૃત્તિઓ સામે સુરક્ષા દળો દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈમ્ફાલમાં મણિપુરના DGP મુકેશ સિંહે જણાવ્યું કે સંયુક્ત કાર્યવાહી દરમિયાન કુલ 1,422 હથિયારો અને 1,137 વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે.

DGP મુકેશ સિંહે જણાવ્યું કે આ જપ્તી મણિપુર પોલીસ, કેન્દ્રીય સુરક્ષા દળો, ભારતીય સેના, આસામ રાઈફલ્સ અને અન્ય સુરક્ષા તથા કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા સંકલિત અને ગુપ્તચર માહિતી આધારિત ઓપરેશનનું પરિણામ છે. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ ગેરકાયદે હથિયારોની રિકવરી ઉપરાંત સશસ્ત્ર હિંસાને મદદ કરતી માળખાકીય વ્યવસ્થાને પણ નષ્ટ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન સુરક્ષા દળો અને કાયદા અમલીકરણ એજન્સીઓએ કાર્યવાહી કરીને કુલ 491 ઉગ્રવાદીઓની ધરપકડ કરી છે. આ ઉપરાંત સંવેદનશીલ અને અસરગ્રસ્ત વિસ્તારોમાં 1,574 સર્ચ અને કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીઓનો હેતુ ગેરકાયદે હથિયારો શોધવા, ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોને પકડવા, સશસ્ત્ર માળખાને તોડી પાડવા અને નાગરિકો સામે થતી વધુ હિંસા રોકવાનો હતો. મણિપુરમાં ગેરકાયદે નશીલા પદાર્થોની ખેતી અને તસ્કરી સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રના નાંદેડમાં પૂર્વ ડેપ્યુટી CM સુખબીર બાદલ ઉપર નિહંગોએ કિરપાણથી હુમલો કર્યો

## ઈજાગ્રસ્ત સુખબીરને હોસ્પિટલ ખસેડાયા, 1 શખ્સની અટકાયત, તપાસ શરૂ કરાઈ

**મુંબઈ**

મહારાષ્ટ્રના નાંદેડમાંથી એક અત્યંત ચોંકાવનારી અને મોટા સમાચાર સામે આવ્યા છે. શિરોમણિ અકાલી દળ (SAD) ના વરિષ્ઠ નેતા અને પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલ પર જીવલેણ હુમલો થયો છે. ઘટનાના તુરંત બાદ તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ



ઘટનાથી રાજકીય ક્ષેત્રે અને પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ ઘટના નાંદેડના માતા સાહિબ કૌર વિસ્તારમાં આવેલા એક પ્રખ્યાત ગુરુદ્વારાની છે. અહીં એક નિહંગ દ્વારા કિરપાણ વડે સુખબીર સિંહ બાદલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ અચાનક થયેલા હુમલા દરમિયાન સુખબીર સિંહ બાદલના જમણા હાથમાં ઈજા પહોંચી હતી. ઘટના બાદ તાત્કાલિક ધોરણે તેમને ખાનગી યશોસાઈ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ગંભીર મામલાની નોંધ લઈને સ્થાનિક પોલીસે તુરંત જ સક્રિયતા દાખવી છે. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી કરીને 1 શખ્સને તાત્કાલિક ડિટેઈન કર્યો છે.

# ખાદ્ય વસ્તુઓ મોંઘી થતાં જુલાઇમાં રીટેલ ફુગાવો વધીને 4.45% થયો

## જૂનમાં સીપીઆઇ આધારિત રીટેલ ફુગાવો 4.38 ટકા હતો

**નવી દિલ્હી**

ડુંગળી અને આદુ સહિતની ખાદ્ય વસ્તુઓ મોંઘી થવાના કારણે જુલાઈમાં રીટેલ ફુગાવો વધીને ૪.૪૫ ટકા નોંધવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે રીટેલ ફુગાવો રિઝર્વ બેંકનાં સરેરાશ લક્ષ્યાંકથી સતત બીજા મહિને વધુ રહ્યો છે. જૂનમાં કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) આધારિત રીટેલ ફુગાવો ૪.૩૮ ટકા હતો. જુલાઇમાં બેઝ વર્ષ ૨૦૨૪ સાથે નવી શ્રેણી જાન્યુઆરીથી અમલમાં આવી ત્યારથી જુલાઇનો ફુગાવો સૌથી વધારે છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરાયેલા સીપીઆઇ ડેટા અનુસાર જુલાઇમાં ખાદ્ય ફુગાવો જૂન મહિનાનાં ૫.૩૨ ટકાથી વધીને ૫.૫૨ ટકા થયો છે.

ડુંગળીમાં ફુગાવો જૂનમાં ૪.૭૩ ટકાથી નોંધપાત્ર રીતે વધીને ૨૨.૫૪ ટકા થયો છે. આદુમાં ૮૩.૬૨ ટકાનો ભાવવધારો જોવા મળ્યો છે. લસણમાં પણ નોંધપાત્ર ભાવવધારો જોવા મળ્યો છે. બીજી તરફ બટાકા, ભીંડા, વટાણા અને ટામેટામાં ફુગાવો નકારાત્મક જોવા મળ્યો છે

# કાવેરી નદીના પાણી મુદ્દે બે રાજ્યના મુખ્યમંત્રી સામ-સામે, કર્ણાટકમાં બંધનું એલાન

**નવી દિલ્હી**

દક્ષિણ ભારતના બે રાજ્યો કાવેરી નદીના પાણીના વિવાદને લઈને આમને સામને આવી ગયા છે. કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા તમિલનાડુને પાણી છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેના વિરોધમાં કર્ણાટકમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ નિર્ણય સામે આવતા જ રાજ્યના ખેડૂતો અને વિવિધ કન્નડ સંગઠનોએ ઉગ્ર પ્રતિક્રિયા આપી છે. આ વિવાદ વચ્ચે ગુરુવારે કર્ણાટક બંધનું એલાન કરવામાં આવ્યું છે, જેના કારણે રાજ્યની ઘણી બધી સેવાઓ પર તેની અસર પડી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કન્નડ ચળવળ વાટલ પક્ષના સંયોજક વાટલ નાગરાજ સહિત અનેક કન્નડ અને કિસાન સંગઠનોએ આ બંધને સમર્થન જાહેર કર્યું છે.

**સંયુક્ત રાષ્ટ્રે પોતાના અહેવાલમાં કર્યો સ્વીકાર**

# અલ કાયદાએ જ નવી દિલ્હીના લાલ કિલ્લા પાસે બોંબ બ્લાસ્ટ કરાવ્યો હતો

**નવી દિલ્હી**

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ટીમ દ્વારા કરાયેલા અધ્યન બાદ તાજેતરમાં પ્રકાશીત અહેવાલમાં, યુએન સુરક્ષા પરિષદની દેખરેખ ટીમે જણાવ્યું કે, નવેમ્બર 2025માં દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બોંબ વિસ્ફોટના હુમલા પાછળ અલ-કાયદા ઇન ધ ઇન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) નો હાથ હતો. આ પહેલી વાર છે. જ્યારે યુએનના કોઈ સત્તાવાર દસ્તાવેજે આ હુમલાને સીધો જ આતંકી સંગઠન સાથે જોડ્યો છે. દરમિયાન, NIA ભારતમાં લાલ કિલ્લા પર થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ કરી રહી છે. આ માહિતી 38મા અહેવાલમાં બહાર આવી છે, જે 16 ડિસેમ્બર, 2025 અને 9 જૂન, 2026 વચ્ચેની ઘટનાઓને આવરી લે છે, અને ઓગસ્ટ 2026માં સુરક્ષા પરિષદને સુપરત કરવામાં આવી હતી. AQIS - અગાઉ એક નબળું અને ખંડિત સંગઠન હતું. હવે તે એક સંગઠિત પ્રાદેશિક બળ તરીકે ઉભરી રહ્યું છે. મોટા જૂથોમાં કાર્યરત થવાને બદલે, આ સંગઠન હવે સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે નાના, છૂટાછવાયા સેલ દ્વારા કાર્ય કરે છે.

# આરજી કર રેપ કેસમાં મોટી કાર્યવાહી,TMCના પૂર્વ MLA નિર્મલ ઘોષની ધરપકડ

**કોલકાતા**

કોલકાતામાં વર્ષ 2024માં થયેલા આરજી કર રેપ-મર્ડર કેસમાં મોટી કાર્યવાહી જોવા મળી છે. પોલીસે આ મામલે મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યની ધરપકડ કરી છે. આરજી કર રેપ-મર્ડર કેસમાં પુરાવા નાશ કરવાના કથિત કેસમાં ઓડિશાથી પૂર્વ TMC ધારાસભ્ય નિર્મલ ઘોષની ધરપકડ કરવામાં આવી છે. આરજી કર કેસની બીજી વર્ષગાંઠ પર ૯ ઓગસ્ટે મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પોલીસને નિર્દેશ આપ્યો હતો કે તેઓ પીડિતાના શવના અંતિમ સંસ્કારના કેસમાં નવો કેસ નોંધે અને ફરીથી તપાસ કરે. તમને જણાવી દઈએ કે પીડિતાના અંતિમ સંસ્કાર નિર્મલ ઘોષની હાજરીમાં પાનીહાટીમાં ઉતાવળમાં કરવામાં આવ્યા હતા.

# મિચેલ સ્ટાર્કે રચ્યો ઇતિહાસ, ટેસ્ટ ક્રિકેટમાં બન્યો સૌથી સફળ બોલર

**સિડની**



ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં એક શાનદાર અને ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે. બાંગ્લાદેશ સામે ડારવિનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઓપનર શાદમાન ઈસ્લામની વિકેટ ઝડપતાંની સાથે જ સ્ટાર્ક ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ડાબોડી બોલર બની ગયો છે. આ રેકોર્ડ સાથે તેણે વૈશ્વિક સ્તરે પોતાની શ્રેષ્ઠતા વધુ એકવાર સાબિત કરી છે. 36 વર્ષીય મિચેલ સ્ટાર્કે આ મામલામાં શ્રીલંકાના મહાન સ્પિનર રંગના હેરાથને પાછળ છોડી દીધો છે. આ ઉપરાંત, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં તેણે ભારતના મહાન કેપ્ટન અને ઓલરાઉન્ડર કપિલ દેવની બરાબરી પણ કરી લીધી છે. બાંગ્લાદેશની પહેલી ઈનિંગ દરમિયાન નવમી ઓવરમાં સ્ટાર્કે આ સફળતા મેળવી હતી. મિચેલ સ્ટાર્કે માત્ર 106 ટેસ્ટ મેચમાં જ 434 વિકેટોનો આંકડો સ્પર્શી લીધો છે, જ્યારે કપિલ દેવે 131 ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી.

હવે મિચેલ સ્ટાર્કની નજર ટેસ્ટ ક્રિકેટના ઓલ-ટાઈમ ટોપ-10 બોલરોની યાદીમાં સ્થાન મેળવવા પર છે. સાઉથ આફ્રિકાના મહાન ઝડપી બોલર ડેલ સ્ટેન 439 વિકેટો સાથે આ યાદીમાં 10મા ક્રમે છે. સ્ટાર્ક હાલ ડેલ સ્ટેનથી માત્ર 6 વિકેટ પાછળ છે, અને ટોપ-10માં પહોંચવા માટે તેને હવે માત્ર થોડી જ વિકેટોની જરૂર છે.

ઑક્ટોબર 2010માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર મિચેલ સ્ટાર્કે વનડે વર્લ્ડ કપ, ટી-20 વર્લ્ડ કપ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ખિતાબ જીત્યા છે. વર્ષ 2015ના વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યા હતા.

# ભારત-અફઘાનિસ્તાન વચ્ચે તારીખ સાથે T20 સિરીઝની જાહેરાત : સપ્ટેમ્બરમાં રમાશે 3 મેચ

**મુંબઈ**

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી 3 મેચોની T20 સિરીઝનું શેડ્યૂલ સામે આવ્યું છે. આ સિરીઝ આવતા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં દિલ્હી ખાતે રમાશે. આ પહેલાં જૂનમાં બંને દેશો વચ્ચે 1 ટેસ્ટ અને 3 વનડે મેચોની સિરીઝ રમાઈ હતી, જે બાદ હવે બંને ટીમો T20 સિરીઝ માટે સામસામે ટકરાવા તૈયાર છે.

ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB)એ સોમવારે (10 ઓગસ્ટ) સ્ટેકહોલ્ડર્સને લખેલા એક પત્રમાં આ સિરીઝ અંગે માહિતી આપી હતી. આ પત્ર મુજબ સિરીઝની ત્રણેય મેચો 13, 15 અને 17 સપ્ટેમ્બરના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ પણ આ તારીખો પર પોતાની સહમતી દર્શાવી દીધી છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના સીઈઓ નસીબ ખાને બોર્ડના કમર્શિયલ પાર્ટનર્સને એક પત્રમાં જણાવ્યું હતું કે, 'અફઘાનિસ્તાન બોર્ડ આ વાતની પુષ્ટિ કરે છે કે અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ (2026) 13 સપ્ટેમ્બરથી 17 સપ્ટેમ્બર વચ્ચે યોજાશે. બોર્ડ એ પણ સ્પષ્ટ કરે છે કે ટુર્નામેન્ટની તારીખો BCCI સાથે નક્કી કરી મંજૂર કરવામાં આવી છે અને મેચોના સ્થળ પણ ફાઈનલ કરી લેવામાં આવ્યા છે.'

અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ બોર્ડના રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, 'સંબંધિત અધિકારીઓ દ્વારા આ ઈવેન્ટ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેર જાહેરાત કરવામાં આવી નથી, છતાં બોર્ડ આ પત્ર અફઘાનિસ્તાનના 2026ના ભારત પ્રવાસની નક્કી તારીખો અને સ્થળની સત્તાવાર પુષ્ટિ તરીકે જારી કરી રહ્યું છે.



# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ 11 વર્ષ બાદ ગર્લફ્રેન્ડ જોર્જિના સાથે લગ્ન કર્યા

## લગ્ન પહેલાં જ પાંચ બાળકોના માતા-પિતા છે આ કપલ

**કાસકૈસ**

પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન કરી લીધા છે. રોનાલ્ડો અને જોર્જિનાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ સમાચારની પુષ્ટિ કરી છે. આ કપલ છેલ્લા 11 વર્ષથી રિલેશનશિપમાં હતું. બંનેના લગ્ન 11 ઓગસ્ટ, 2026ના રોજ પોર્ટુગલના કાસકૈસમાં એક ખાનગી સમારોહમાં યોજાયા હતા. બરાબર એક વર્ષ પહેલા આ જોડીએ 11 ઓગસ્ટ, 2025ના રોજ સગાઈ કરી હતી. રોનાલ્ડો અને જોર્જિનાના આ ખાસ પ્રસંગે પરિવારના નજીકના લોકો અને તેમના પાંચેય બાળકો હાજર રહ્યા હતા.

41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના લગ્નને સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય એવો સંકેત આપ્યો ન હતો કે તે લગ્ન કરવા જઈ રહ્યા છે, જેના કારણે ફેન્સ માટે આ એક મોટું સરપ્રાઈઝ સાબિત થયું છે. રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે. જેમના નામ ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા છે. આ કપલે વર્ષ 2017માં અલાનાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ 2022માં જોર્જિનાએ ફરીથી જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો, પરંતુ જન્મના થોડા સમય બાદ જ તેમના પુત્ર એન્જલનું અવસાન થયું હતું, જ્યારે તેની જોડિયા બહેન બેલા જીવિત રહી હતી.

# 2027 વન-ડે વર્લ્ડ કપ માટે 10 ટીમો નક્કી અફઘાનિસ્તાન ઈન, વેસ્ટ ઈન્ડિઝ આઉટ


**નવીદિલ્હી**

દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની યજમાનીમાં યોજાનારા 2027 ODI વર્લ્ડ કપ માટે 10 ટીમોએ ક્વોલિફાય કરી લીધું છે. ત્રીજી વન-ડેમાં આયર્લેન્ડને 3 વિકેટે હરાવવાની સાથે જ અફઘાનિસ્તાને પણ વર્લ્ડ કપમાં ધમાકેદાર એન્ટ્રી કરી લીધી છે. આ ક્વોલિફિકેશન રેન્કિંગના આધારે થતાં 2 વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જવાની અણી પર છે. યજમાન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને છોડીને ICCની વન-ડે રેન્કિંગમાં ટોપ-8માં રહેનારી ટીમોને વર્લ્ડ કપ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન મળ્યું છે. અફઘાનિસ્તાન માટે આયર્લેન્ડ સામેની સિરીઝ જીતવી ખૂબ જ જરૂરી હતી અને એ કરીને તેણે વર્લ્ડ કપમાં સ્થાન પાક્કું કરી લીધું છે.

રેન્કિંગના આધારે ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા ક્વોલિફાય કરી ચૂક્યા છે. બીજી તરફ દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને ટૂર્નામેન્ટના હોસ્ટ હોવાના નાતે વર્લ્ડ કપમાં ડાયરેક્ટ એન્ટ્રી મળી છે. આ રીતે આ 10 ટીમોએ અત્યાર સુધી ક્વોલિફાય કર્યું છે.વાસ્તવમાં ICCએ 30 સપ્ટેમ્બર 2026ની ડેડલાઈન રાખી હતી. આ દિવસે વન-ડે રેન્કિંગમાં જે પણ ટોપ-8 ટીમ હશે, તેમને વર્લ્ડ કપની ટિકિટ મળશે. અફઘાનિસ્તાનની આયર્લેન્ડ સામેની સિરીઝ જીતથી એ સુનિશ્ચિત થઈ ગયું છે કે વેસ્ટઈન્ડીઝ વન-ડે રેન્કિંગમાં 30 સપ્ટેમ્બર પહેલા અફઘાનિસ્તાનને પાછળ નહીં છોડી શકશે. તેથી વેસ્ટઈન્ડીઝને આગામી વર્ષે વર્લ્ડ કપ રમવા માટે ક્વોલિફાયરમાંથી પસાર થવું પડશે.

# IPL ક્રિકેટર અભિષેક પૌરેલની શારીરિક શોષણ કેસમાં ધરપકડ

**નવીદિલ્હી**



દિલ્હી કેપિટલ્સ ક્રિકેટ ટીમના વિકેટકીપર-બેટર અભિષેક પોરેલની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવા તથા અંગત પળોનું રેકોર્ડિંગ કરવાના ગંભીર આરોપો હેઠળ પશ્ચિમ બંગાળ પોલીસે મંગળવારે(11મી ઑગસ્ટ) સવારે હુગલીમાંથી તેની અટકાયત કરી હતી. ત્યારબાદ કલાકો સુધી ચાલેલી સઘન પૂછપરછ બાદ બપોરે તેની ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધરપકડ કર્યા બાદ પોલીસ દ્વારા અભિષેક પોરેલનું મેડિકલ પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને ચિનસુરાહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં તેની આગોતરા જામીનની અરજી પર સુનાવણી થવાની હતી. અગાઉ કોલકાતા હાઈકોર્ટે પીડિતાની અરજી બાદ પોલીસને પોરેલની ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો. આ સમગ્ર મામલો પશ્ચિમ બંગાળમાં હુગલીના મોગરા પોલીસ સ્ટેશનમાં એક મેડિકલ વિદ્યાર્થિની દ્વારા નોંધાવાયેલી ફરિયાદ બાદ સામે આવ્યો હતો.

# IOAના બંધારણમાં સુધારો કરવા માટે ૧૯મીએ ઈમરજન્સી બેઠક બોલાવાઈ

**નવી દિલ્હી**

દેશમાં રમતગમતનું સંચાલન કરતી સર્વોચ્ચ સંસ્થા ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)માં ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ભારતની ૨૦૩૬ ઓલિમ્પિકની દાવેદારીમાં કોઈ અડચણ ન આવે તે માટે આ વર્ષે ૧૦ ડિસેમ્બર સુધીમાં IOAની ચૂંટણીઓ પૂર્ણ કરવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. ચૂંટણી યોજવા માટે રાષ્ટ્રીય રમત વહીવટી બિલ મુજબ બંધારણમાં સુધારો કરવો જરૂરી છે. આ માટે IOA દ્વારા ૧૯ ઓગસ્ટે કારોબારીની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં IOAના બંધારણમાં સુધારો કરવામાં આવશે અને ચૂંટણી ૧૦ ડિસેમ્બર કે તે પહેલાં યોજવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ ઉપરાંત, બેઠકમાં ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવા માટે રિટર્નિંગ ઓફિસર (RO)ની પણ નિમણૂક કરવામાં આવશે, જેઓ IOAની ચૂંટણી પ્રક્રિયા વિધિવત રીતે શરૂ કરશે.

બેઠકની નોટિસ જાહેર થતાં જ IOAમાં ચૂંટણીની રાજકીય હિલચાલ તેજ બની છે. હવે જોવું એ રહ્યું કે વર્તમાન અધ્યક્ષ પી.ટી. ઉષાને પડકાર આપવા કોણ મેદાનમાં ઉતરે છે. ૨૦૨૨માં અધ્યક્ષ બનેલા પી.ટી. ઉષાને તેમની જ કારોબારીનો પૂરતો સાથ મળ્યો નથી. સૂત્રોનું માનીએ તો, આ વખતે પણ જે ઉમેદવારને સરકારનું સમર્થન પ્રાપ્ત હશે તે જ આગામી ૪ વર્ષ અધ્યક્ષની ખુરશી પર બિરાજમાન થશે. જોકે, ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં એથ્લેટ કમિશન અને સ્પોર્ટ્સપર્સન ઓફ મેરિટની પુનઃરચના કરવી ફરજિયાત રહેશે.

# પાકિસ્તાન આર્મીની બર્બરતા : 9 માસૂમ બાળકો, 7 મહિલા સહિત 28 બલોચ નાગરિકોની હત્યા

## ગૌનદાન ગામના લોકો ઊંઘી રહ્યા હતા ત્યારે પાકિસ્તાની સેનાએ ટાર્ગેટ કર્યા હતા

**સુરાબ**

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાની કથિત હવાઈ કાર્યવાહીનો એક ભયાનક મામલો સામે આવ્યો છે. સુરાબ જિલ્લાના ગૌનદાન ગામમાં 12 ઓગસ્ટની મોડી રાત્રે થયેલા હુમલામાં 9 માસૂમ બાળકો, 7 મહિલાઓ અને 12 પુરુષો સહિત 28 બલોચ નાગરિકોના મોત થયાનો સ્થાનિક સૂત્રોનો દાવો છે. 17થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું પણ કહેવાઈ રહ્યું છે.



રાત્રે લગભગ 2 વાગ્યે જ્યારે ગૌનદાન ગામના લોકો ઊંઘી રહ્યા હતા ત્યારે પાકિસ્તાની સેનાના લડાકુ વિમાનોએ ગામના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. બોમ્બ વિસ્ફોટોથી સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો અને અનેક મકાનો કાટમાળમાં ફેરવાઈ ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હુમલા બાદ ગામમાં ચીસો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો કાટમાળ હટાવીને પોતાના પરિવારજનોને શોધતા જોવા મળ્યા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હુમલામાં 28 લોકોનાં મોત થયા છે.

# USમાં આર્મીનું અપાચે હેલિકોપ્ટર ક્રેશ ખેતરમાં ખાબકતા બે પાયલટના મોત

**ટેક્સાસ**

અમેરિકાના ટેક્સાસ સ્થિત ફોર્ટ હુડ નજીક ઓપરેશન દરમિયાન યુએસ આર્મીનું અત્યાધુનિક AH-64 અપાચે એટેક હેલિકોપ્ટર અચાનક એક ખેતરમાં કડાકાભેર ક્રેશ થઈ ગયું છે. આ ગોઝારા અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. દુર્ઘટના એટલી ભયાનક હતી કે હેલિકોપ્ટર જમીન પર પટકાતા જ ખેતરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે સુરક્ષાના ભાગરૂપે આસપાસના અનેક ઘરોને ખાલી કરાવવાની નોબત આવી હતી. બેલ કાઉન્ટી શેરિફ ઓફિસના પ્રવક્તા ક્લિફ કોલમેને હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટોના મોતની સત્તાવાર પુષ્ટિ કરી છે. જોકે, હજુ સુધી બંને મૃતક પાયલટોની ઓળખ જાહેર કરવામાં આવી નથી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, ક્રેશ થયા બાદ હેલિકોપ્ટરનો મલબો દૂર દૂર સુધી વિખેરાઈ ગયો હતો. સદનસીબે હેલિકોપ્ટર નીચે ખાબકતી વખતે કોઈ મકાન કે અન્ય ઈમારત સાથે અથડાયું નહોતું. આગ પર કાબૂ મેળવવા ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

# બેંક ઓફ અમેરિકા જિયો ક્રેડિટમાં 49.9% હિસ્સો ખરીદવા કરાર કર્યો

## શરૂઆતમાં BofA જિયો ક્રેડિટમાં BofA ટકા ઇક્વિટી હિસ્સો લેશે

**વોશિંગ્ટન**

એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય નાણાકીય સોદા હેઠળ, યુએસની અગ્રણી બેંક બેંક ઓફ અમેરિકા કોર્પોરેશને જિયો ફાઇનાન્શિયલ સર્વિસિસ લિમિટેડની સંપૂર્ણ માલિકીની ધિરાણ આપતી સબસિડિયરી કંપની જિયો ક્રેડિટ લિમિટેડમાં ૪૯.૯ ટકા સુધીનો હિસ્સો ખરીદવા માટે સત્તાવાર જોઈન્ટ વેન્ચર કરાર કર્યો છે. આ પ્રસ્તાવિત ટ્રાન્ઝેક્શનમાં કુલ રુપિયા ૧૮,૨૬૮ કરોડ (૧.૯ અબજ ડોલર) સુધીનું રોકાણ સામેલ છે, જે ભારતીય નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની (NBFC) માં સૌથી મોટા વિદેશી રોકાણોમાંથી એક છે.

બેંક ઓફ અમેરિકા પ્રિફરન્શિયલ એલોટમેન્ટ ઓફ ઇક્વિટી શેર્સ અને વોરંટ્સ દ્વારા પોતાનો હિસ્સો મેળવશે. શરૂઆતમાં BofA જિયો ક્રેડિટમાં ૨૬.૫ ટકા ઇક્વિટી હિસ્સો લેશે. ત્યારબાદ સંપૂર્ણ સબ્સ્ક્રિપ્શન અને વોરંટ્સના ઉપયોગ પછી યુએસની આ નાણાકીય કંપનીનું કુલ હોલ્ડિંગ વધીને ૪૯.૯ ટકા થઈ જશે.

# મેસેચ્યુસેટ્સમાં ભારતીયે AI ઉપર પરિવારને મારી નાંખવાનું જોઈ માતા-ભાઈની હત્યા કરી

## પોલીસે તેનું લોકેશન ટ્રેસ કરી આખી રાત શોધખોળ બાદ તેને ઝડપી લીધો હતો

**એક્ટન**

અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યના એક્ટન શહેરમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં રહેતા 17વર્ષીય ભારતીય મૂળના અર્જુન અરવિંદ પર પોતાની જ 45વર્ષીય માતા સુધા વેંકટેશન અને 14વર્ષીય નાના ભાઈ સિદ્ધાર્થ અરવિંદની હત્યા કરવાનો આરોપ મુકાયો છે. રાતભર ચાલેલી શોધખોળ બાદ પોલીસે બુધવારે 12મી ઓગસ્ટે સવારે આરોપીની ધરપકડ કરી લીધી છે. એક ટ્યુટર અભ્યાસ કરાવવા માટે પરિવારના ઘરે પહોંચ્યા હતા. ઘર બંધ હોવાથી અને કોઈ જવાબ ન મળતા તેમણે અર્જુનના પિતાનો સંપર્ક કર્યો હતો. પિતાએ પણ પરિવાર સાથે સંપર્ક કરવાની કોશિશ કરી પરંતુ સંપર્ક ન થતા અંતે એક્ટન પોલીસનો સંપર્ક કરાયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે ભોંયરામાંથી માતા સુધા વેંકટેશન અને પ્રથમ માળેથી 14વર્ષીય સિદ્ધાર્થનો મૃતદેહ મળી આવ્યો હતો. બંનેના શરીર પર ગંભીર ઈજાના નિશાન હતા. હત્યા કર્યા બાદ આરોપી અર્જુન પોતાની માતાની કાર લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારના આધારે તેનું લોકેશન ટ્રેસ કરી રાતભરની શોધખોળ બાદ તેને ઝડપી લીધો હતો. ઓફિસના જણાવ્યા અનુસાર આરોપી અર્જુન છેલ્લા કેટલાક સમયથી ચિંતાજનક વર્તન કરી રહ્યો હતો. તે ઈન્ટરનેટ અને એઆઈ પર પોતાના જ પરિવારને મારી નાખવાની કાલ્પનિક રીતો અને વિચારો શોધી રહ્યો હતો. હાલ પોલીસે કિશોરને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ઝિમ્બાબ્વેમાં ભારે મોજાને લીધે 95 મુસાફરો ભરેલી બોટ તળાવમાં ડૂબી, 15 લોકોના મોત

## દુર્ઘટનામાં 20થી વધુ ગૂમ, ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો

**હરારે**

ઝિમ્બાબ્વેમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. અહીં કરીબા તળાવમાં લોકોને લઈને જતી એક બોટ મોજાના કારણે પલટી ગઈ હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાના અનેક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યાં છે. આ દુર્ઘટનામાં કુલ 15 લોકોના મોત થયાં છે, જ્યારે 20 થી વધારે લોકો હજી પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. આ બોટમાં કુલ 95 લોકો સવાર હતાં. લાપતા લોકોને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.



કરીબા તળાવમાં બોર્ટિંગ દરમિયાન આ બોટ પલટી ગઈ હતી. જેમાં 95 લોકો સવાર હતાં. આ દુર્ઘટનામાં બાળકો અને મહિલાઓ સહિત 15 લોકોના મોત થયાં છે. મૃતકોના મૃતદેહને બહાર કાઢી લેવામાં આવ્યાં છે. જ્યારે લાપતા લોકોને શોધખોળ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયામાં આ દુર્ઘટનાના અનેક વીડિયો વાયરલ થઈ રહ્યાં છે.

આ મામલે પોલીસે જણાવ્યું કે, ઝિમ્બાબ્વેના ઉત્તરી શહેર કરીબાથી દ્વીપ સુધી જવા માટે બોટ દ્વારા મુસાફરી કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ માછીમારી માટે પણ અહીં અવર જવર રહેતી હોય છે.

# બાંગ્લાદેશમાં વીજ કટોકટી : અંધકારમાં ડૂબેલા દેશે ભારત પાસે વીજળી માગી

**ઢાકા**

બાંગ્લાદેશ અત્યારે હજી સુધી ન જોઈ હોય તેવી અભૂતપૂર્વ વીજ-કટોકટી અનુભવી રહ્યું છે. પરિસ્થિતિ એટલી હદે ગંભીર બની છે કે વીજળી બચાવવા સરકારે શોપિંગ મોલ્સ, માર્કેટ્સ અને ઈન્ડસ્ટ્રીઝ રાત્રીના આઠ વાગે બંધ કરી દેવા આદેશ આપી દીધો છે. તેણે ભારત પાસે વીજળી માગી છે. ભારતે તરત જ વીજ-જોડાણ આપવું શરૂ કરી દીધું છે.

બાંગ્લાદેશની વીજ કટોકટીના મૂળમાં ડીઝલની અછત છે. તેનાં વિદ્યુત મથકો પૈકી મોટા ભાગનાં ડીઝલથી જ ચાલે છે. તેથી તેણે ભારત પાસે ડીઝલની પણ માગણી કરતાં ભારતે ડીઝલ પહોંચાડવું શરૂ કરી દીધું છે. બાંગ્લાદેશની વીજ-જરૂરિયાત ૧૮૦૦૦ મેગાવોટની છે. તે સામે તે અત્યારે માત્ર ૧૩૦૦૦ મેગા વોટ જેટલી વીજળી ઉત્પન્ન કરે છે. છેલ્લાં કેટલાયે દિવસોથી બાંગ્લાદેશ લોડ-શેડીંગ કરી રહ્યું છે. તેથી હતાશ થયેલા નાગરિકો, વીજ ઉત્પાદન કેન્દ્રો ઉપર હુમલા કરી રહ્યાં છે. આથી બાંગ્લાદેશ વિદ્યુત એસોસિએશનને પોલીસની સહાય લેવી પડી છે. પાવર ઈન્સ્ટોલેશનનાં રક્ષણ માટે પોલીસ બોલાવવી પડી છે. જનતાનો આક્રોશ એટલો બધો વધી ગયો છે કે સિંદપુર, નીલકુમારી અને કુશીયામાં તો લોકો લૂંટફાટ અને આગજની ઉપર ઉતરી પડ્યા છે.

# ડોનાલ્ટ ટ્રમ્પને ફટકો, સૌથી યુવા પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટ આપશે રાજીનામું

**વોશિંગ્ટન**

અમેરિકાના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી વિશ્વાસુ અને નજીકના સહાયકોમાંના એક કેરોલિન લેવિટ વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી પદેથી રાજીનામું આપવા જઈ રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે લેવિટ આ મહિનાના અંતમાં પોતાનું પદ છોડી દેશે. જોકે, રાહતની વાત એ છે કે તે ટ્રમ્પના વરિષ્ઠ અને મુખ્ય બાહ્ય સલાહકાર તરીકે પોતાની સેવાઓ આપવાનું ચાલુ રાખશે. હાલમાં 28 વર્ષની કેરોલિન લેવિટ અમેરિકાના ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી નાની ઉંમરના રાષ્ટ્રપતિ પ્રવક્તા બન્યા છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં જ્યારે તેમણે આ જવાબદારી સંભાળી હતી ત્યારે તેમની ઉંમર માત્ર 27 વર્ષની હતી.

# હોર્મુઝ સ્ટ્રેટ પર અમારું સંપૂર્ણ નિયંત્રણ ઈરાન કંઈ કરી શકે તેમ જ નથી : ટ્રમ્પ

**તહેરાન**

ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને લઈને મોટો દાવો કર્યો છે. મંગળવારે ટ્રમ્પે જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ પર અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ છે અને અમેરિકા આ નિયંત્રણ જાળવી રાખશે. તેમણે અમેરિકી નૌકાદળની નાકાબંધીને 'લોખંડની દિવાલ' ગણાવીને કહ્યું હતું કે ઈરાન તેની સામે કંઈ કરી શકે તેમ નથી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં ઈરાનની લશ્કરી સ્થિતિ અંગે પણ આકરા દાવા કર્યા હતા. તેમણે કહ્યું કે ઈરાનની સૈન્ય ક્ષમતા ગંભીર રીતે નબળી પડી ગઈ છે. તેમના જણાવ્યા મુજબ ઈરાન પાસે નૌકાદળ અને વાયુસેના નથી, જ્યારે બાકી રહેલા સૈનિકોને પગાર પણ મળી રહ્યો નથી. તેમણે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ને બરબાદ થઈ રહેલું અને ભાગી રહેલું ગણાવ્યું હતું. ટ્રમ્પે ઈરાનના નેતૃત્વની સ્થિતિને પણ ભયાનક ગણાવી અને કહ્યું કે દેશ પાસે પૈસા નથી તથા તેની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે. તેમણે ઈરાન પર 'ખોટા સમાચાર' ફેલાવવાનો આરોપ લગાવીને દેશમાં 300% ફુગાવો હોવાનો દાવો કર્યો હતો અને સ્થિતિ વધુ ખરાબ થઈ રહી હોવાનું જણાવ્યું હતું.

# પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનનું જેલમાં મૃત્યુ: પત્રકારના દાવાથી ખળભળાટ

**કરાંચી**

પડોશી દેશ પાકિસ્તાનની જ્યારે પણ વાત થાય ત્યારે વાદ-વિવાદ, તણાવ, આતંકવાદ અને કથળેલી સ્થિતિઓ પર સૌથી વધારે ચર્ચા કરવામાં આવે છે. વાવડ હવે એવા મળી રહ્યા છે કે, જેલમાં પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનનું મોત નીપજ્યું છે. આ વાતથી અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાનના પત્રકારે એવો પણ દાવો કર્યો છે કે, આ વિષય સંબંધિત કેટલાક સૂત્રો પાસેથી વિગત મળી છે અને આશંકા છે કે, ઈમરાન ખાન હવે દુનિયામાં રહ્યા નથી. કોઈને મળવા જવા ન દેતા ચિંતા વધી ગઈ છે. તહરીક એ ઈન્સાફ એટલે કે PTIના સંસ્થાપક ઈમરાન ખાનના મૃત્યુના સમાચારથી પાકિસ્તાનની રાજકીય લોબીમાં હિલચાલ વધી ગઈ છે.





**સંસ્કૃત સાહિત્ય, વેદાંત અને અક્ષર-પુરુષોત્તમ દર્શનના વૈશ્વિક પ્રસારની કદરરૂપે દિલ્હીમાં એનાયત કરાયું ગૌરવવંતું સન્માન**

# સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા B.A.P.S.ના વિદ્વાન ડૉ. ભદ્રેશદાસ સ્વામીનું વિશિષ્ટ શીર્ષક “વેદાંતવિદ્યા-વિશ્વગુરુ” સાથે બહુમાન

## શિક્ષણ મંત્રાલય હસ્તકની સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા આયોજિત સમારોહમાં દેશના ચુનંદા વિદ્વાનો અને મહંતોની પ્રેરક ઉપસ્થિતિ, સંપૂર્ણ સન્માનને ભદ્રેશદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિના ચરણોમાં અર્પણ કર્યું

નવીદિલ્હી : ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા મહામહોપાધ્યાય ડૉ. ભદ્રેશદાસ સ્વામીને દેશના અત્યંત પ્રતિષ્ઠિત એવા “વેદાન્તવિદ્યા-વિશ્વગુરુ”ની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વામીજી દ્વારા વેદાન્ત, સંસ્કૃત સાહિત્ય અને ભારતીય જ્ઞાન-પરંપરાના અભ્યાસ, સંશોધન અને વૈશ્વિક પ્રસારમાં આપવામાં આવેલા અસાધારણ યોગદાનની કદરરૂપે આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી એ ભારતમાં સંસ્કૃત ભાષા, સાહિત્ય અને પરંપરાગત જ્ઞાન-પ્રણાલીઓના સંવર્ધન, સંરક્ષણ અને વિકાસ માટે સમર્પિત એક અગ્રણી સંસ્થા છે. તે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત છે. સન્માન સમારોહ BAPS સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉડુપીના પેજાવરા અધોક્ષજા મઠના વિશ્વપ્રસન્ન તીર્થ સ્વામીજીએ હાજરી આપી હતી. આ પ્રસંગે મધ્વાચાર્ય પરંપરાના સંત વિશ્વપ્રસન્ન તીર્થ સ્વામી મહારાજે ડૉ. ભદ્રેશદાસ સ્વામીની દાર્શનિક દીપ્તિની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરી હતી અને પુરસ્કારનું સાચું મહત્વ દર્શાવ્યું હતું. સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. શ્રીનિવાસ વર્ખેડીએ આ સન્માન એનાયત કરવા પાછળનું કારણ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, સંસ્કૃત ‘પ્રસ્થાનત્રયી’ પરંપરામાં



‘અક્ષર-પુરુષોત્તમ દર્શન’ના શાસ્ત્રીય માળખાને સુદ્રઢ રીતે સ્થાપિત કરવામાં મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીનું યોગદાન વિશેષ ઉલ્લેખનીય છે. પોતાની લાગણી વ્યક્ત કરતા, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાંત કુમાર સેનાપતિએ જણાવ્યું હતું કે, તેમના ગુરુઓ પ્રમુખ સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની કૃપા અને આશીર્વાદને કારણે જ ડૉ. ભદ્રેશદાસ સ્વામી આજે વિશ્વવિખ્યાત વિદ્વાન બન્યા છે. પ્રો. વી. નારાયણને અધિકૃત સન્માન-પત્રનું વાંચન કર્યું, જેને ઉપસ્થિત સૌએ ઉષ્માભર્યા તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું હતુ. ડૉ. ભદ્રેશદાસ સ્વામીએ આ સન્માન ભગવાન સ્વામિનારાયણ અને તેમના ગુરુઓ - પ્રમુખ સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને અર્પણ કર્યું હતુ.

મહામહોપાધ્યાય ડૉ. ભદ્રેશદાસ સ્વામી આંતરરાષ્ટ્રીય સ્તરે આદરણીય અને સુપ્રસિદ્ધ સંસ્કૃત વિદ્વાન તથા તત્વચિંતક છે. તેઓ અનેક શૈક્ષણિક ઉપલબ્ધિઓ ધરાવે છે, જેમાં M.A., Ph.D., D.Litt. અને IIT ખડગપુર તરફથી માનદ ‘ડૉક્ટર ઓફ સાયન્સ’ (D.Sc.)ની પદવીનો સમાવેશ થાય છે.

પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી, ડૉ. ભદ્રેશદાસ સ્વામીએ ‘સ્વામિનારાયણ ભાષ્યમ્’ની રચના કરી છે. આ ગ્રંથ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ ગીતા - એમ ત્રણેય ગ્રંથો (પ્રસ્થાનત્રયી) પર સંસ્કૃત ભાષામાં લખાયેલ શાસ્ત્રીય ભાષ્ય છે, જેણે તેમને આધુનિક યુગના જીવંત ભાષ્યકાર તરીકે સ્થાપિત કર્યા છે. તેમણે ‘સ્વામિનારાયણ સિદ્ધાંત સુધા’ નામના સંસ્કૃત ગ્રંથની પણ રચના કરી છે, જેમાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વેદાંત દર્શન - ‘અક્ષર-પુરુષોત્તમ દર્શન’ને વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવ્યું છે. વિશ્વવિખ્યાત તત્વચિંતક અને સંસ્કૃત વિદ્વાન હોવા ઉપરાંત, તેઓ નવી દિલ્હી સ્થિત BAPS સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વડા, IIT ખડગપુરમાં ‘ડિસ્ટિંગ્વિશ્ડ પ્રોફેસર’ અને IIT રૂરકીમાં ‘ડિસ્ટિંગ્વિશ્ડ વિઝિટિંગ પ્રોફેસર’ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આજે, મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ, તેઓ ભારત અને સમગ્ર વિશ્વમાં સંસ્કૃત, સનાતન શાસ્ત્રો અને ભારતીય દાર્શનિક પરંપરાઓના અભ્યાસ તથા પ્રસારને આગળ વધારી રહ્યા છે.

વર્ષો દરમિયાન, તેમને અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે, જેમાં ભારત સરકાર તરફથી સાહિત્ય અકાદમી પુરસ્કાર, કે.કે. બિરલા ફાઉન્ડેશન તરફથી સરસ્વતી સન્માન, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફિલોસોફિકલ રિસર્ચ (ICPR) તરફથી લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, થાઈલેન્ડની સિલ્પાકોર્ન યુનિવર્સિટી તરફથી વેદાંત માર્તંડ સન્માન અને કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી તરફથી ‘મહામહોપાધ્યાય’ની ઉપાધિનો સમાવેશ થાય છે. તેમને ઉત્તર પ્રદેશ રાજ્ય સરકાર તરફથી ‘આચાર્ય પ્રવર’ની ઉપાધિ પણ પ્રાપ્ત થઈ છે અને લખનૌની બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી દ્વારા તત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ગ્રેટર ટોરોન્ટોમાં ઘરોના વેચાણમાં કડાકો

## જુલાઈમાં સરેરાશ વેચાણ કિંમત 4.5% ઘટીને $ 10.03 લાખ થઈ

### સક્રિય ઇન્વેન્ટરી ઘટીને 26,098 થઈ, મકાનોના વેચાણમાં વર્ષ-દર-વર્ષ ધોરણે ઘટાડો થતાં ખરીદદારો માટે વાટાઘાટોની તક ઘટી

**ટોરોન્ટો**

સતત ચાર મહિના સુધી તેજી દર્શાવ્યા બાદ ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA)નું હાઉસિંગ માર્કેટ જુલાઈ મહિનામાં ઠંડું પડ્યું છે. રિયલ એસ્ટેટ બોર્ડના તાજેતરના રિપોર્ટ અનુસાર ઘરોના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં એકંદરે વેચાણમાં વાર્ષિક ધોરણે ઘટાડો નોંધાયો છે.

ટોરોન્ટો રિજનલ રિયલ એસ્ટેટ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ જુલાઈ 2026માં આ



પ્રદેશમાં કુલ 5,995 ઘરોનું વેચાણ (હસ્તાંતરણ) થયું હતું. જે જુલાઈ 2025ની સરખામણીએ 0.9 ટકા ઓછું છે. જો કે, મોસમી ગોઠવણના આધારે જૂન મહિનાની સરખામણીએ વેચાણમાં 3.2 ટકાનો થોડો સુધારો જોવા મળ્યો હતો.

કિંમતો અંગે વિગત આપતાં બોર્ડે જણાવ્યું હતું કે, સરેરાશ વેચાણ કિંમત વાર્ષિક ધોરણે 4.5 ટકા ઘટીને $ 1,003,956 (આશરે 10.03 લાખ ડૉલર) થઈ ગઈ છે. આ ઉપરાંત, સામાન્ય ઘરનું પ્રતિનિધિત્વ કરતી સંયુક્ત બેન્ચમાર્ક કિંમતમાં પણ 4.6 ટકાનો ઘટાડો નોંધાયો છે.

માર્કેટ લિસ્ટિંગ અંગે વાત કરતાં TRREBના પ્રમુખ ડેનિયલ સ્ટેઈનફેલ્ડે જણાવ્યું હતું કે, જુલાઈ દરમિયાન બજારમાં 14,484 નવી લિસ્ટિંગ આવી હતી, જે ગયા વર્ષની સરખામણીએ 17.8 ટકા ઓછી છે. તેમણે ઉમેર્યું હતું કે, “વેચાણ અને લિસ્ટિંગના ગુણોત્તરને જોતાં, ખરીદદારો માટે ભાવમાં વધુ વાટાઘાટો કરવાની તકો હવે મર્યાદિત બની શકે છે.” હાલમાં GTAમાં કુલ 26,098 સક્રિય લિસ્ટિંગ ઉપલબ્ધ છે, જે દર્શાવે છે કે કુલ ઈન્વેન્ટરીમાં 12.1 ટકાનો ઘટાડો થયો છે.

# ટોરન્ટોમાં ભારતીય મહિલાની હત્યાના આરોપમાં તેના પાર્ટનરની ધરપકડ કરાઇ


### આરોપી ઘટના બાદ સાત મહિનાથી ફરાર હતો

**ટોરન્ટો**

ટોરન્ટોમાં ૩૨ વર્ષીય અબ્દુલ ગફૂરીની પોતાની ૩૦ વર્ષીય ભારતીય પાર્ટનર હિમાંશી ખુરાનાની કથિત હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. સાત મહિનાથી વધુ સમય સુધી ફરાર રહ્યા પછી કેનેડા પાછો ફરતા આરોપીને ટોરન્ટો એરપોર્ટ પર અટકમાં લેવાયો હતો. તેના પર પ્રથમ ડીગ્રી હત્યાનો આરોપ છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં એક લાપતા વ્યક્તિની રિપોર્ટ મળ્યા પછી પોલીસ ટોરન્ટોના એક ઘરમાં પહોંચી, જ્યાં ખુરાના મૃત અવસ્થામાં મળી આવી.

અધિકારીઓને જાણ થઈ કે તેની હત્યા કરવામાં આવી હતી અને પછી જાણ થઈ કે ગફૂરીના તેની સાથે




નિકટના સંબંધ હતા.

ત્યાર પછી તેની ધરપકડ માટે વોરંટ જારી કરાયું હતું. જે બાદ ટોરન્ટો પોલીસના ફ્યૂજિટિવ સ્ક્વોડ અને હોમીસાઈડ એન્ડ મિસિંગ પર્સન્સ યુનિટે ગફૂરીની વાપસી માટે કેનેડાના તેમજ આંતરરાષ્ટ્રીય કાનૂન પ્રવર્તન એજન્સીઓ સાથે મળીને કામ કર્યું હતું. જો કે ગફૂરીને કયા દેશમાંથી પાછો લાવવામાં આવ્યો તેમજ કથિત હત્યાથી સંકળાયેલી ખાસ જાણકારી પોલીસે ઉજાગર નથી કરી.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!


- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this exceptional family home in one of Oshawa's most desirable communities,offering a rare combination of premium upgrades, functional living space. Built with quality builder upgrades, this home features soaring 9-foot ceilings that create a bright and spacious atmosphere throughout. The open-concept layout is perfect for everyday living and entertaining, featuring a separate family room with a cozy fireplace, an elegant hardwood staircase, and a spacious kitchen complete with a centre island, breakfast bar, stainless steel appliances, and a sun-filled breakfast area with a walkout to the backyard deck. Upstairs, you'll find four generously sized bedrooms, includinga stunning primary retreat with a walk-in closet and a luxurious 5-piece ensuite. The finished basement features a separate entrance and includes two additional bedrooms, making it ideal for extended family, guests, or excellent rental and in-law suite potential. Step outside to a spacious backyard, whether you're dreaming of an outdoor entertaining space or a family-friendly retreat.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms. Students welcome. Available Immediately



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 | D: (647) 308-2941

F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.